# માર્ગદર્શિકા- પગાર ચકાસણી એકમ

(સંકલનકર્તા)
શ્રી જે.એચ.સોલંકી, નાયબ હિસાબનીશ,
પગાર ચકાસણી એકમ, હિ.તિ.નિ. કચેરી, ગાંધીનગર.

**(ફક્ત કચેરીના ઉપયોગ સારૂ)**

## ::પ્રસ્તાવના::

નાણા વિભાગના તા.૪-૦૨-૧૫,ના ઠરાવ ક્રમાંક: તસમ-૨૦-૨૦૧૪-૨૮૧૧-ઘ,થી ઉચ્ચત્તર પગાર ધોરણ અન્વયે થયેલ પગાર બાંધણી ચકાસણીની કામગીરી નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ગાંધીનગર ખાતેના "પગાર ચકાસણી એકમ"ને તા.૧-૦૪-૧૫,થી સોંપાયેલ છે. હાલ આર.ઓ.પી.-૨૦૦૯ તથા આર.ઓ.પી.-૨૦૧૬ અન્વયે થયેલ પગાર બાંધણી ચકાસણીની ઓનલાઈન કામગીરી આ કચેરી દ્વારા કરવામાં આવી રહેલ છે.

સરકારશ્રીના નિતિ-નિયમો/ઠરાવ/પરિપત્રોના અર્થઘટનના પ્રશ્નો ઉભા ન થાય તથા કામગીરીમાં એકસૂત્રતા જળવાય તે હેતુથી લોકલફંડ કચેરી/પગાર અને હિસાબ કચેરી ખાતે થતી ઉચ્ચત્તર પગાર ધોરણની કામગીરી હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર ખાતેના "પગાર ચકાસણી એકમ"ને સોંપાયેલ છે. સરકારશ્રીના નિતિ-નિયમો/ઠરાવ/પરિપત્રો હાથ પર ઉપલબ્ધ ન હોવાને કારણે તથા કેટલાંક ઠરાવ/પરિપત્રની નકલ જી-સ્વાન ખાતે ઓનલાઈન પણ મળી શકતી નથી તેમજ સંબંધિત વિભાગ દ્વારા ઠરાવના અર્થઘટન બાબતે પત્રથી સ્પષ્ટતા થયેલ હોય છે. જેની નકલ પણ મળી શકતી નથી.

પગાર બાંધણી ચકાસણીની કામગીરીમાં એકસૂત્રતા જળવાય તથા ઠરાવ/પરિપત્રના અર્થઘટનના પ્રશ્નો નિવારી શકાય તે હેતુથી પગાર ચકાસણી એકમ ખાતેના અધિકારીશ્રી/કર્મચારીશ્રીને મદદરૂપ થાય તે માટે પગાર બાંધણી ચકાસણીની કામગીરી સંદર્ભે ઉચ્ચત્તર પગાર ધોરણ બાબતે સંબંધિત વિભાગ/ખાતાના વડા તરફથી થયેલ સ્પષ્ટતાઓ તથા ઠરાવની મહત્વની જોગવાઈઓ, સી.સી.સી. / સી.સી.સી+ / હિન્દી પરીક્ષા સંબંધે મહત્વની જોગવાઈઓ, આર.ઓ.પી.-૧૯૯૮/આર.ઓ.પી.-૨૦૦૯/ આર.ઓ.પી.-૨૦૧૬,ની પગાર બાંધણીની ફોર્મ્યુલા તથા તે અંગેના દાખલાઓ, આર.ઓ.પી.-૧૯૭૫ થી આર.ઓ.પી.-૨૦૦૯ સુધી નક્કી થતાં પગારનું પત્રક, જે તે પગારપંચ સામે નવા પગારપંચ મુજબ મળવાપાત્ર સ્કેલ ટુ સ્કેલ તથા એકાકી સંવર્ગના કર્મચારીઓને મળવાપાત્ર ઉચ્ચત્તર પગાર ધોરણની અનુસૂચિઓ, પગાર બાંધણી ચકાસણીની કામગીરી સંદર્ભે નમુનારૂપ વાંધાઓ, જે તે કચેરી/ખાતાના કર્મચારીને બઢતી/એકાકી સંવર્ગમાં મળવાપાત્ર ઉચ્ચત્તર પગાર ધોરણ તથા ખાતાકીય પરીક્ષા સંબંધી માહિતી સંકલિત કરી ફક્ત કચેરીના ઉપયોગ/માર્ગદર્શન માટે બહાર પાડવામાં આવે છે. વધુમાં, સંકલિત સૂચનાઓ સંબંધે અર્થઘટન બાબતે જે તે નિતિ-નિયમો/ઠરાવ/પરિપત્રોથી થયેલ સૂચનાઓ આખરી ગણાશે.

(સંકલનકર્તા)

શ્રી જે.એચ.સોલંકી, નાયબ હિસાબનીશ,

પગાર ચકાસણી એકમ, હિ.તિ.નિ. કચેરી, ગાંધીનગર.

**(ફક્ત કચેરીના ઉપયોગ સારૂ)**

નાણા વિભાગના તા.૧૬-૦૮-૯૪ના ઠરાવ ક્રમાંક: પગર-૧૧૯૪-૪૫-મ અન્વયે શિક્ષક સંવર્ગના કર્મચારી માટે ૯,૨૦,૩૧ વર્ષે ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ આપવાની યોજના અમલમાં મૂકેલ છે. **જેની મહત્વની જોગવાઈ નીચે મુજબ છે:**

| ફકરા નંબર | થયેલ જોગવાઈ |
|---|---|
| ૩(૧) | જે જગ્યાનો પગાર અથવા પગાર ધોરણનો મહત્તમ તબક્કો માસિક રૂ.૩૫૦૦/- કરતાં વધતો ન હોય તેવી તમામ જગ્યાઓને આ યોજના લાગુ પડશે. |
| ૩(૨) | પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ એટલે તરત પછીની બઢતીની જગ્યાનું પગાર ધોરણ પરંતુ જે જગ્યા માટે જુદા જુદા પગાર ધોરણની એકથી વધુ બઢતીની જગ્યાઓ હોય તેવી જગ્યા પરના કર્મચારીઓ માટે સૌથી નીચલી જગ્યાનું પગાર ધોરણ પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ તરીકે મળવાપાત્ર થાય.<br>બઢતીનું કોઈ પગાર ધોરણ ન હોય તેવા કેસમાં તથા જુદા જુદા પગાર ધોરણવાળા પુરક સંવર્ગોવાળી જગ્યાઓના કેસમાં તેના હાલના પગાર ધોરણને મળતું આવતું પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ ઠરાવ સાથે જોડેલ અનુસૂચિ-(૧)માં નિર્દિષ્ટ કર્યા મુજબનું રહેશે. |
| ૩(૩) | દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ જે શિક્ષકે સંબંધિત સંવર્ગ અને પગાર ધોરણમાં ૨૦ વર્ષની સેવા પુરી કરી હોય તેને મંજુર કરવાનું રહેશે, પરંતુ તે અગાઉ તેણે બે કરતાં વધુ બઢતીઓ/ઉચ્ચત્તર પગાર ધોરણ મેળવ્યા હોવા જોઈએ નહીં. |
| ૩(૪) | દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ એટલે પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણને મળતું આવતું બઢતીની જગ્યાનું પગાર ધોરણ, પરંતુ જે જગ્યા માટે જુદા જુદા પગાર ધોરણની એકથી વધુ બઢતીની જગ્યાઓ હોય તેવી જગ્યા પરના કર્મચારીઓ માટે સૌથી નીચલી જગ્યાનું પગાર ધોરણ દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ તરીકે મળવાપાત્ર થાય.<br>બઢતીનું કોઈ પગાર ધોરણ ન હોય તેવા કેસમાં તથા જુદા જુદા પગાર ધોરણવાળા પુરક સંવર્ગોવાળી જગ્યાઓના કેસમાં તેના હાલના પગાર ધોરણને મળતું આવતું દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ ઠરાવ સાથે જોડેલ અનુસૂચિ-(૧)માં નિર્દિષ્ટ કર્યા મુજબનું રહેશે. |
| ૩(૫) | તૃતિય ઉચ્ચત્તર પગાર ધોરણ જે શિક્ષકે સંબંધિત સંવર્ગ અને પગાર ધોરણમાં ૩૧ વર્ષની સેવા પુરી કરી હોય તેને મંજુર કરવાનું રહેશે, પરંતુ તે અગાઉ તેણે બે કરતાં વધુ બઢતીઓ/ઉચ્ચત્તર પગાર ધોરણ મેળવ્યા હોવા જોઈએ નહીં. |
| ૩(૬) | તૃતિય ઉચ્ચત્તર પગાર ધોરણ એટલે દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણને મળતું આવતું |



JH SOLANKI (PVU) DAT

| | |
|---|---|
| | બઢતીની જગ્યાનું પગાર ધોરણ, પરંતુ જે જગ્યા માટે જુદા જુદા પગાર ધોરણની એકથી વધુ બઢતીની જગ્યાઓ હોય તેવી જગ્યા પરના કર્મચારીઓ માટે સૌથી નીચલી જગ્યાનું પગાર ધોરણ તૃતિય ઉચ્ચત્તર પગાર ધોરણ તરીકે મળવાપાત્ર થાય.<br>બઢતીનું કોઈ પગાર ધોરણ ન હોય તેવા કેસમાં તથા જુદા જુદા પગાર ધોરણવાળા પુરક સંવર્ગોવાળી જગ્યાઓના કેસમાં તેના હાલના પગાર ધોરણને મળતું આવતું તૃતિય ઉચ્ચત્તર પગાર ધોરણ ઠરાવ સાથે જોડેલ અનુસૂચિ-(૧)માં નિર્દિષ્ટ કર્યા મુજબનું રહેશે. |
| ૩(૭) | તા.૧-૦૬-૮૭,ના રોજ કે તે પછી નવ કે નવ વર્ષ કરતાં વધુ વીસ કે એકત્રીસ વર્ષની સેવા એક જ સંવર્ગમાં અને એક જ પગાર ધોરણમાં પુરી કરી હોય તેવા કિસ્સામાં પાત્રતાના આધારે તા.૧-૦૬-૮૭,ના રોજ માત્ર પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થશે. પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણમાં બીજા અગીયાર વર્ષની સેવા પુરી કરે ત્યાર બાદ પાત્રતાના આધારે દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થશે. તે જ પ્રમાણે પછીના અગીયાર વર્ષની સેવા પુરી કરે ત્યાર બાદ પાત્રતાના ધોરણે તૃતીય ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થશે. |
| ૩(૮) | આ યોજના હેઠળ મળવાપાત્ર ઉંચામાં ઉંચું પગાર ધોરણ રૂ.૨૫૦૦-૪૨૦૦/-ના પગાર ધોરણથી વધશે નહીં. |
| ૩(૯) | ઉચ્ચત્તર પગાર ધોરણવાળી જગ્યા પર નિમણૂંક કરનાર સત્તાધિકારી, પાત્ર શિક્ષકોને ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવા સક્ષમ ગણાશે. પરંતુ શિક્ષક તેની એકંદર કામગીરી, લાયકાતો અને નિયત પરીક્ષાઓ જ્યાં નિયત થયેલ હોય તો પાસ કર્યેથી બઢતી મેળવવાપાત્ર હોવો જોઈએ.<br>તા.૫-૭-૯૧ પહેલા ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર હોય તો છેલ્લા ૯ વર્ષના ખાનગી અહેવાલ અને ત્યાર પછીની પાત્રતા માટે પાંચ વર્ષના ખાનગી અહેવાલ જોવાના રહેશે.<br>ભવિષ્યની અસર સાથે કે ભવિષ્યની અસર સિવાય ઈજાફો અટકાવવામાં આવેલ હોય તો ૯ ઈજાફા પૂર્ણ થયે ઉચ્ચત્તર પગાર ધોરણ પાત્રતાના આધારે મંજુર કરી શકાશે.<br>તા.૫-૦૭-૯૧,ના રોજ કે તે પહેલાની તારીખે ૪૫ વર્ષની ઉંમર જે શિક્ષકે પૂરી કરેલ હશે તેઓને તે તારીખથી ખાતાકીય પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિને પાત્ર ગણવામાં આવશે. તા.૫-૦૭-૯૧ પછી ૪૫ વર્ષની ઉંમર પૂરી કરી હોય તેઓને નિયત ખાતાકીય પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિને પાત્ર ગણવામાં આવશે નહીં. |
| ૩(૧૦) | અગ્રીમ ઈજાફા (એડવાન્સ ઈન્ક્રીમેન્ટ) અને ખાસ ઈજાફા (સ્પેશીયલ ઈન્ક્રીમેન્ટ) ૯ વર્ષની ગણતરી માટે ધ્યાનમાં લેવાશે નહીં. |
| ૩(૧૧) | તુટક-તુટક બઢતીના કિસ્સામાં આવી બઢતીનો સમયગાળો જો ઈજાફાના હેતુ માટે |

JH SOLANKI (PVU/DAT)

| | |
|---|---|
| | ગણતરીમાં લેવાનો હોય તો ઉચ્ચત્તર પગાર ધોરણની પાત્રતા માટે નીચલા સંવર્ગની સેવા માટે ધ્યાનમાં લેવાશે, પરંતુ ઉપલા સંવર્ગમાં (બઢતીની જગ્યાએ) આવી સેવા ધ્યાનમાં લેવાશે નહીં. |
| ૩(૧૨) | જે જગ્યાઓ એકાકી હતી અને અનુસૂચિ-૧ મુજબ ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર હતું તેમના કિસ્સામાં બઢતીની જગ્યા તા.૧-૦૬-૮૭ પછી અમલમાં આવી હોય તો આવી બધી જગ્યાઓને અનુસૂચિ-૧ મુજબનું જ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવું અને ખરેખર બઢતીની તારીખથી જ બઢતીની જગ્યાનું પગાર ધોરણ મળવાપાત્ર થશે. |
| ૩(૧૩) | ખાતાકીય પરીક્ષા પાસ કર્યાની તારીખે પાત્રતાના આધારે ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થશે. |
| ૩(૧૪) | બિનપગારી રજાનો સમય ઈજાફાપાત્ર ગણાતો ન હોવાથી ઉચ્ચત્તર પગાર ધોરણના સમયગાળા માટે ગણતરીમાં લઈ શકાશે નહીં. |
| ૩(૧૫) | એક જ સંવર્ગમાં એક જ ખાતામાં જગ્યાનું નામાભિધાન અલગ હોય તેવી સેવા ઉચ્ચત્તર પગાર ધોરણની પાત્રતા માટે ગણતરીમાં લઈ શકાશે, પરંતુ પગાર ધોરણ સમાન હોવા છતાં સંવર્ગ બદલાયેલ હોય તેવી અગાઉની સેવાને ઉચ્ચત્તર પગાર ધોરણની પાત્રતા માટે ગણતરીમાં લઈ શકાશે નહીં.<br>જાહેર હિતમાં શિક્ષકને એક સંવર્ગમાંથી બીજા સંવર્ગમાં બદલી કરી હોય અને આ જગ્યાઓનું પગાર ધોરણ સમાન હોય તો બંને સંવર્ગોમાં બજાવેલ સેવા ઉચ્ચત્તર પગાર ધોરણ યોજના માટે ગણતરીમાં લઈ શકાશે આ માટે સંબંધિત કચેરીએ પ્રમાણપત્ર આપવાનું રહેશે કે સંબંધિત શિક્ષકનું સંવર્ગ જાહેર હિતમાં બદલાયેલ છે. |
| ૩(૧૬) | અનુમાનીત તારીખ (ડીમડેઈટ) આ યોજના માટે ગણતરીમાં લઈ શકાશે. જ્યારે પુનઃ નિર્ધારીત તારીખ (રી-એજેસ્ટમેન્ટ ડેટ) આ યોજના માટે ગણતરીમાં લઈ શકાશે નહીં. |
| ૩(૧૮) | ઉચ્ચત્તર પગાર ધોરણમાં પગાર બાંધણી થાય ત્યાર પછીનો ઈજાફો ૧૨ માસ પુરા થયે મળવાપાત્ર થશે. |
| ૩(૨૪) | તા.૫-૭-૯૧ પછી કોઈ પણ કારણસર પછી તે અંગત કારણો હોય, બીમારીના કારણે હોય, વહીવટી કારણોસર કે અન્ય કોઈ કારણસર બઢતી જતી (બઢતીનો અસ્વીકાર) કરી હોય તેને ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ આપી શકાશે નહીં. બઢતી જતી કરે તો આ યોજના હેઠળનો લાભ જતો કરવો પડશે અને મુળ નીચલા પગાર ધોરણમાં પાછા હટાવવામાં આવશે તેમજ તેને આ યોજના હેઠળ ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ મળેલ ન હોય તો તેને મુળ નીચલા પગાર ધોરણમાં જે પગાર મળતો હોય તે પગાર મેળવશે. જેટલા સમયગાળા માટે ઉચ્ચત્તર પગાર ધોરણમાં પગાર અને ભથ્થાં મેળવ્યા હોય તે સમયગાળા માટેની વસુલાત કરવામાં આવશે નહીં. |
| ૩(૨૬) | ઉચ્ચત્તર પગાર ધોરણમાં મુંબઈ રાજ્ય સેવા નિયમોના નિયમ-૪૧(A)(૧) અનુસાર |

JHSOLANKI(PVU)DAT

| | |
|---|---|
| | કરવાની રહેશે. નાણા વિભાગના તા.૬-૦૪-૯૦,ના ઠરાવ મુજબ વિકલ્પ આપી પગાર બાંધણી કરી શકશે. આવો વિકલ્પ આપનાર શિક્ષકને વિકલ્પની તારીખથી દ્વિતીય/તૃતિય ઉચ્ચત્તર પગાર ધોરણ પાત્રતાના ધોરણે મળવાપાત્ર થશે. |
| ૩(૨૭) | જો શિક્ષક ઉચ્ચત્તર પગાર ધોરણ મેળવ્યા પછી બઢતી મેળવે તો મુંબઈ રાજ્ય સેવા નિયમોના નિયમ-૪૧(A)(૧) અનુસાર પગાર બાંધણીનો લાભ મેળવી શકશે નહીં. પરંતુ બઢતીની જગ્યાનું પગાર ધોરણ ઉચ્ચત્તર પગાર ધોરણ કરતાં ઉચું હોય તેવા કિસ્સામાં પગાર બાંધણી મુંબઈ રાજ્ય સેવા નિયમોના નિયમ-૪૧(A)(૧) કરવાની રહેશે. |
| ૩(૨૯) | જે શિક્ષકને સીલેકશન ગ્રેડ મળી ગયેલ છે તેમને વિકલ્પ આપવામાં આવે કે કાંતો સીલીકશન ગ્રેડ મેળવવાનું ચાલુ રાખે અને સીલેકશન ગ્રેડ મળ્યા પછી તા.૧-૦૬-૮૭,ના રોજ કે ત્યારબાદ જ્યારે નવ વર્ષ પૂરા કરે ત્યારે પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળે અથવા તો સીલેકશન ગ્રેડ જતો કરીને ૯-૨૦-૩૧ વર્ષની યોજના સ્વીકારે. ઠરાવ તારીખથી ૩ માસમાં વિકલ્પ આપવાનો રહેશે. સીલેકશન ગ્રેડ બઢતી ગણાય. |
| ૩(૩૦) | શિક્ષકોની બદલી એક જીલ્લાની શાળામાંથી બીજા જિલ્લાની શાળામાં કોઈપણ કારણોસર એટલે કે વહીવટી/સ્વ-વિનંતીથી/અરસ-પરસ માંગણીથી થયેલ હોય આને જિલ્લા ફેરબદલી થતાં જો તેમનું પગાર ધોરણ બદલાતું ન હોય અને સેવામાં કોઈપણ પ્રકારની તુટ ન હોય તો આવી અગાઉના જિલ્લાની સેવા ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવા માટે ગણતરીમાં લેવામાં આવશે. |
| ૩(૩૧) | માધ્યમિક શિક્ષકો/ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોની શાળા ફેરબદલી થાય અને તેવી ફેરબદલી રાજીનામું આપવાના કારણે હોય તો તેવા કિસ્સામાં જો તેમની સેવા પગાર અને પેન્શનના હેતુ માટે ગણતરીમાં લેવાતી હોય તો તેવા કિસ્સાઓમાં નીચેની શરતોને આધીન ઉચ્ચત્તર પગાર ધોરણ માટે તેમની અગાઉની સેવા ગણતરીમાં લેવી.<br>શરત નં.(૧) સમગ્ર નોકરી દરમ્યાનનો તૂટનો સમય બે વર્ષથી વધવો જોઈએ નહીં.<br>શરત નં.(૨) કોઈપણ બે તૂટ વચ્ચેનો ગાળો ૧૫ મહિનાથી વધવો જોઈએ નહીં.<br>શરત નં.(૩) સમગ્ર નોકરી દરમ્યાન વધુમાં વધુ ૬(છ) તૂટ ગણતરીમાં લઈ શકાશે. |
| ૩(૩૨) | અનટ્રેઈન્ડ શિક્ષકોને પણ તેમણે બજાવેલ સેવાના વર્ષો ધ્યાનમાં લઈ શિક્ષણ વિભાગના તા.૨૯-૦૪-૯૨,ના ઠરાવ ક્રમાંક: બમસ-૧૩૯૨-૧૦૬૬-ગ, મુજબ ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થશે. |
| ૩(૩૩) | આ યોજના તા.૧-૦૬-૮૭,થી અમલમાં આવેલી ગણાશે. |
| ૩(૩૫) | આ યોજના હેઠળ મળવાપાત્ર ઉચ્ચત્તર પગાર ધોરણની પગાર બાંધણી ચકાસણી ઓડીટ કચેરી પાસેથી કરાવ્યા અગાઉ પગાર બીલમાં આકારી શકાશે નહીં. |
| ૩(૩૬) | આ યોજના પ્રાથમિક શિક્ષકો/માધ્યમિક શિક્ષકો અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોને અને સહાયક અનુદાન મેળવતી બિન સરકારી શાળના શિક્ષકોને લાગુ પડશે. |

JHSOLANKI(PVU)DAT

નાણા વિભાગના તા.૧૬-૦૮-૯૪,ના ઠરાવ ક્રમાંક: પગર-૧૧૯૪-૪૪-મ અન્વયે સરકારી કર્મચારીઓ માટે ૯,૧૮,૨૭ વર્ષે ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ આપવાની યોજના અમલમાં મૂકેલ છે. **જેની મહત્વની જોગવાઈ નીચે મુજબ છે**:

| ફકરા નંબર | થયેલ જોગવાઈ |
|---|---|
| ૩ | તા.૧-૦૬-૮૭,ના રોજ જેમણે સંબંધિત સંવર્ગ અને પગાર ધોરણમાં ૯ વર્ષની સેવા પૂરી કરી હોય અથવા આ તારીખ પછી પણ જ્યારે સંબંધિત સંવર્ગના પગાર ધોરણમાં ૯ વર્ષની સેવા પૂરી કરે ત્યારે તેને પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થશે.<br>તા.૧-૦૬-૮૭,ના રોજ ૯ વર્ષથી વધુ એટલે કે ૧૮/૨૭ વર્ષની સેવા એક જ સંવર્ગમાં પૂરી કરી હોય તો પણ માત્ર પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ જ મળી શકશે. જ્યારે દ્વિતીય અને તૃતિય ઉચ્ચત્તર પગાર ધોરણ તા.૧-૦૬-૮૭ બાદ સંબંધિત સંવર્ગના પગાર ધોરણમાં ૧૮ અને ૨૭ વર્ષે અથવા તો કર્મચારી તેના સંબંધિત ઉચ્ચત્તર/બઢતીના પગાર ધોરણમાં મહત્તમ તબક્કે પહોંચ્યા પછી એક વર્ષ પૂરૂ કરેલ હોય અને સ્થગિત થયેલ હોય એ બેમાંથી જયારે મોડું હોય ત્યારે મળવાપાત્ર થશે. પરંતુ તે અગાઉ તેણે બે કરતાં વધુ બઢતીઓ/ઉચ્ચત્તર પગાર ધોરણ મેળવ્યા હોવા જોઈએ નહીં. ઉચ્ચત્તર પગાર ધોરણ મેળવ્યા પછી બઢતી મળે તો તેને માત્ર એક જ ઉચ્ચત્તર પગાર ધોરણ/બઢતી મળેલ છે તેમ ગણાશે. |
| ૩(૧) | જે જગ્યાનો પગાર અથવા પગાર ધોરણનો મહત્તમ તબક્કો માસિક રૂ.૩૫૦૦/- કરતાં વધતો ન હોય તેવી તમામ જગ્યાઓને આ યોજના લાગુ પડશે. |
| ૩(૨) | પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ જે કર્મચારીએ સંબંધિત સંવર્ગ અને પગાર ધોરણમાં નોકરીના ૯ વર્ષ પૂરા કર્યા હોય તેને મંજુર કરવાનું રહેશે. પરંતુ કર્મચારીએ આ અગાઉ બે કરતાં વધુ બઢતીઓ મેળવી હોવી જોઈએ નહીં.<br>સંબંધિત પગાર ધોરણમાં ૯ વર્ષની સેવા એટલે માન્ય પધ્ધતિ દ્વારા ભરતી કરવામાં આવેલ હોય તેવા કર્મચારીની પ્રવરતાના હેતુ માટે ગણતરીમાં લેવાતી નિયમિત અને એક જ સંવર્ગ અને એક જ પગાર ધોરણમાં કરેલી સેવા ઉચ્ચત્તર પગાર ધોરણના હેતુ માટે ગણતરીમાં લેવામાં આવશે.<br>એક જ સંવર્ગમાં એક જ ખાતામાં જગ્યાનું નામાભિધાન અલગ હોય તેવી સેવા ઉચ્ચત્તર પગાર ધોરણની પાત્રતા માટે ગણતરીમાં લઈ શકાશે, પરંતુ પગાર ધોરણ સમાન હોવા છતાં સંવર્ગ બદલાયેલ હોય તેવી અગાઉની સેવાને ઉચ્ચત્તર પગાર ધોરણની પાત્રતા માટે ગણતરીમાં લઈ શકાશે નહીં.<br>જાહેર હિતમાં કર્મચારીને એક સંવર્ગમાંથી બીજા સંવર્ગમાં બદલી કરી હોય અને |

JH SOLANKI (PVU) DAT

| | |
|---|---|
| | આ જગ્યાઓનું પગાર ધોરણ સમાન હોય તો બંને સંવર્ગોમાં બજાવેલ સેવા ઉચ્ચત્તર પગાર ધોરણ યોજના માટે ગણતરીમાં લઈ શકાશે આ માટે સંબંધિત કચેરીએ પ્રમાણપત્ર આપવાનું રહેશે કે સંબંધિત કર્મચારીનું સંવર્ગ જાહેર હિતમાં બદલાયેલ છે. |
| ૩(૩) | ઉચ્ચત્તર પગાર ધોરણ એટલે તરત પછીની બઢતીની જગ્યાનું પગાર ધોરણ, પરંતુ જે જગ્યા માટે જુદા જુદા પગાર ધોરણની એકથી વધુ બઢતીની જગ્યાઓ હોય તેવી જગ્યા પરના કર્મચારીઓ માટે સૌથી નીચલી જગ્યાનું પગાર ધોરણ પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ તરીકે મળવાપાત્ર થાય.<br>બઢતીનું કોઈ પગાર ધોરણ ન હોય તેવા કેસમાં તથા જુદા જુદા પગાર ધોરણવાળા પુરક સંવર્ગોવાળી જગ્યાઓના કેસમાં તેના હાલના પગાર ધોરણને મળતું આવતું ઉચ્ચત્તર પગાર ધોરણ ઠરાવ સાથે જોડેલ અનુસૂચિ-(૧)માં નિર્દિષ્ટ કર્યા મુજબનું રહેશે. |
| ૩(૪) | આ યોજના હેઠળ મળવાપાત્ર ઉંચામાં ઉંચું પગાર ધોરણ રૂ.૨૫૦૦-૪૨૦૦/-ના પગાર ધોરણથી વધશે નહીં. |
| ૩(૫) | ઉચ્ચત્તર પગાર ધોરણવાળી જગ્યા પર નિમણૂંક કરનાર સત્તાધિકારી, પાત્ર કર્મચારીઓને ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવા સક્ષમ ગણાશે. પરંતુ, કર્મચારી તેની એકંદર કામગીરી, લાયકાતો અને નિયત પરીક્ષાઓ જ્યાં નિયત થયેલ હોય તો પાસ કર્યેથી બઢતી મેળવવાપાત્ર હોવો જોઈએ.<br>તા.૫-૭-૯૧ પહેલા ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર હોય તો છેલ્લા ૯ વર્ષના ખાનગી અહેવાલ અને ત્યાર પછીની પાત્રતા માટે પાંચ વર્ષના ખાનગી અહેવાલ જોવાના રહેશે.<br>ભવિષ્યની અસર સાથે કે ભવિષ્યની અસર સિવાય ઈજાફો અટકાવવામાં આવેલ હોય તો ૯ ઈજાફા પૂર્ણ થયે ઉચ્ચત્તર પગાર ધોરણ પાત્રતાના આધારે મંજુર કરી શકાશે.<br>તા.૫-૦૭-૯૧,ના રોજ કે તે પહેલાની તારીખે ૪૫ વર્ષની ઉંમર જે કર્મચારીએ પૂરી કરેલ હશે તેઓને તે તારીખથી ખાતાકીય પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિને પાત્ર ગણવામાં આવશે. તા.૫-૦૭-૯૧ પછી ૪૫ વર્ષની ઉંમર પૂરી કરી હોય તેઓને નિયત ખાતાકીય પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિને પાત્ર ગણવામાં આવશે નહીં. |
| ૩(૬) | અગ્રીમ ઈજાફા (એડવાન્સ ઈન્ક્રીમેન્ટ) અને ખાસ ઈજાફા (સ્પેશીયલ ઈન્ક્રીમેન્ટ) ૯ વર્ષની ગણતરી માટે ધ્યાનમાં લેવાશે નહીં. |
| ૩(૭) | તુટક-તુટક બઢતીના કિસ્સામાં આવી બઢતીનો સમયગાળો જો ઈજાફાના હેતુ માટે ગણતરીમાં લેવાનો હોય તો ઉચ્ચત્તર પગાર ધોરણની પાત્રતા માટે નીચલા સંવર્ગની સેવા માટે ધ્યાનમાં લેવાશે, પરંતુ ઉપલા સંવર્ગમાં (બઢતીની જગ્યાએ) આવી સેવા ધ્યાનમાં લેવાશે નહીં. |



JH SOLANKI (PVU) DAT

| | |
|---|---|
| ૩(૮) | જે જગ્યાઓ એકાકી હતી અને અનુસૂચિ-૧ મુજબ ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર હતું તેમના કિસ્સામાં બઢતીની જગ્યા તા.૧-૦૬-૮૭ પછી અમલમાં આવી હોય તો આવી બધી જગ્યાઓને અનુસૂચિ-૧ મુજબનું જ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવું અને ખરેખર બઢતીની તારીખથી જ બઢતીની જગ્યાનું પગાર ધોરણ મળવાપાત્ર થશે. |
| ૩(૯) | ખાતાકીય પરીક્ષા પાસ કર્યાની તારીખે પાત્રતાના આધારે ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થશે. |
| ૩(૧૦) | બિનપગારી રજાનો સમય ઈજાફાપાત્ર ગણાતો ન હોવાથી ઉચ્ચત્તર પગાર ધોરણના સમયગાળા માટે ગણતરીમાં લઈ શકાશે નહીં. |
| ૩(૧૧) | એક જ સંવર્ગમાં એક જ ખાતામાં જગ્યાનું નામાભિધાન અલગ હોય તેવી સેવા ઉચ્ચત્તર પાગર ધોરણની પાત્રતા માટે ગણતરીમાં લઈ શકાશે, પરંતુ પગાર ધોરણ સમાન હોવા છતાં સંવર્ગ બદલાયેલ હોય તેવી અગાઉની સેવાને ઉચ્ચત્તર પગાર ધોરણની પાત્રતા માટે ગણતરીમાં લઈ શકાશે નહીં. |
| ૩(૧૨) | અનુમાનીત તારીખ (ડીમડેઈટ) આ યોજના માટે ગણતરીમાં લઈ શકાશે. જ્યારે પુનઃ નિર્ધારીત તારીખ (રી-એજેસ્ટમેન્ટ ડેટ) આ યોજના માટે ગણતરીમાં લઈ શકાશે નહીં. |
| ૩(૧૪) | ઉચ્ચત્તર પગાર ધોરણમાં પગાર બાંધણી થાય ત્યાર પછીનો ઈજાફો ૧૨ માસ પુરા થયે મળવાપાત્ર થશે. |
| ૩(૨૦) | તા.૫-૭-૯૧ પછી કોઈ પણ કારણસર પછી તે અંગત કારણો હોય, બીમારીના કારણે હોય, વહીવટી કારણોસર કે અન્ય કોઈ કારણસર બઢતી જતી (બઢતીનો અસ્વીકાર) કરી હોય તેને ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ આપી શકાશે નહીં. બઢતી જતી કરે તો આ યોજના હેઠળનો લાભ જતો કરવો પડશે અને મુળ નીચલા પગાર ધોરણમાં પાછા હટાવવામાં આવશે તેમજ તેને આ યોજના હેઠળ ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ મળેલ ન હોય તો તેને મુળ નીચલા પગાર ધોરણમાં જે પગાર મળતો હોય તે પગાર મેળવશે. જેટલા સમયગાળા માટે ઉચ્ચત્તર પગાર ધોરણમાં પગાર અને ભથ્થાં મેળવ્યા હોય તે સમયગાળા માટેની વસુલાત કરવામાં આવશે નહીં. |
| ૩(૨૨) | ઉચ્ચત્તર પગાર ધોરણમાં મુંબઈ રાજ્ય સેવા નિયમોના નિયમ-૪૧(A)(૧) અનુસાર કરવાની રહેશે. નાણા વિભાગના તા.૬-૦૪-૯૦,ના ઠરાવ મુજબ વિકલ્પ આપી પગાર બાંધણી કરી શકશે. આવો વિકલ્પ આપનાર શિક્ષકને વિકલ્પની તારીખથી દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ પાત્રતાના ધોરણે મળવાપાત્ર થશે. |
| ૩(૨૩) | જો કર્મચારી ઉચ્ચત્તર પગાર ધોરણ મેળવ્યા પછી બઢતી મેળવે તો મુંબઈ રાજ્ય સેવા નિયમોના નિયમ-૪૧(A)(૧) અનુસાર પગાર બાંધણીનો લાભ મેળવી શકશે નહીં. પરંતુ બઢતીની જગ્યાનું પગાર ધોરણ ઉચ્ચત્તર પગાર ધોરણ કરતાં ઉંચું હોય તેવા કિસ્સામાં પગાર બાંધણી મુંબઈ રાજ્ય સેવા નિયમોના નિયમ-૪૧(A)(૧) કરવાની રહેશે. |



J H SOLANKI (PVU) DAT

| | |
|---|---|
| ૩(૨૫) | જે કર્મચારીઓને સીલેકશન ગ્રેડ મળી ગયેલ છે તેમને વિકલ્પ આપવામાં આવે કે કાંતો સીલીકશન ગ્રેડ મેળવવાનું ચાલુ રાખે અને સીલેકશન ગ્રેડ મળ્યા પછી તા.૧-૦૬-૮૭,ના રોજ કે ત્યારબાદ જ્યારે નવ વર્ષ પૂરા કરે ત્યારે પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળે અથવા તો સીલેકશન ગ્રેડ જતો કરીને ૯-૧૮-૨૭ વર્ષની યોજના સ્વીકારે. ઠરાવ તારીખથી ૩ માસમાં વિકલ્પ આપવાનો રહેશે. સીલેકશન ગ્રેડ બઢતી ગણાય. |
| ૩(૩૦) | પગાર બાંધણીની ચકાસણી ઓડીટ કચેરીએ માન્ય રાખ્યા અગાઉ પગાર બિલમાં આકારી શકાશે નહીં. |
| ૩(૩૧) | આ યોજના રાજ્ય સરકારના કર્મચારીઓ, પંચાયત કર્મચારીઓ, સહાયક અનુદાન મેળવતી બિનસરકારી શાળા/કોલેજના બિનશૈક્ષણિક કર્મચારીઓ અને જેમના સામાન્ય ભવિષ્યનિધિના હિસાબ હાલ રાજ્ય સરકાર હસ્તક છે તેવા કર્મચારીઓને લાગુ પડશે. આ યોજના કામ પૂરતા મહેકમ પરના કર્મચારીઓને (વર્કચાર્જ કર્મચારી) લાગુ પડશે નહીં. |

નાણા વિભાગના તા.૨-૦૭-૦૭,ના ઠરાવ ક્રમાંક: પગર-૧૦૨૦૦૭-૬૧૫-મ અન્વયે સરકારી કર્મચારીઓ માટે ૧૨,૨૪ વર્ષે ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ આપવાની યોજના અમલમાં મૂકેલ છે. **જેની મહત્વની જોગવાઈ નીચે મુજબ છે:**

| ફકરા નંબર | થયેલ જોગવાઈ |
|---|---|
| ૧(૧) | આ યોજના જે જગ્યાનો પગાર અથવા પગાર ધોરણનો મહત્તમ તબક્કો રૂ.૧૦૫૦૦ કરતાં વધતો ન હોય તેવી જગ્યાઓને લાગુ પડશે. |
| ૧(૨) | આ યોજના રાજ્ય સરકારના કર્મચારીઓ, પંચાયત કર્મચારીઓ, સહાયક અનુદાન મેળવતી બિનસરકારી શાળા/કોલેજના બિનશૈક્ષણિક કર્મચારીઓ કે જેઓના સામાન્ય ભવિષ્ય નિધિના હિસાબો તા.૫-૦૭-૯૧,ના રોજ રાજ્ય સરકાર હસ્તક હતા તેવા કર્મચારીઓને લાગુ પડશે. તે ઉપરાંત નાણા વિભાગના તા.૧૮-૦૩-૦૫,ના ઠરાવથી અમલમાં આવેલ વર્ધિત પેન્શન યોજના લાગુ પડે છે તેઓને ઉચ્ચત્તર પગાર ધોરણની યોજના લાગુ પડશે. |
| ૧(૪) | આ યોજના કામ પૂરતા મહેકમ પરના કર્મચારીઓ (WORKCHARED ESTABLISHMENT)ને લાગુ નહી પડે. |
| ૨(૧) | માન્ય પધ્ધતિ દ્વારા ભરતી કરવામાં આવેલ હોય તેવી અને પ્રવરતાના હેતુ માટે ગણતરીમાં લેવાતી નિયમિત અને એક જ સંવર્ગ, એક જ પગાર ધોરણમાં કરેલી સેવા આ યોજના હેઠળ ઉચ્ચત્તર પગાર ધોરણ આપવાના હેતુ માટે ગણતરીમાં લેવામાં આવશે. |



J H SOLANKI (PVU) DAT

| | |
|---|---|
| ૨(૨) | જે કર્મચારી એક જ સંવર્ગ અને એક જ પગાર ધોરણમાં આ હુકમો રવાનગીની તારીખના રોજ કે ત્યાર બાદ નિયમિત સેવાના ૧૨ વર્ષ પૂરા કરે અને ૧૨ ઈજાફા મેળવે તેને પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવાનું રહેશે. પરંતુ, ૧૨ વર્ષે પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરતી વખતે કર્મચારીને એક કરતા વધુ બઢતી મળેલી હોવી ન જોઈએ. |
| ૨(૩) | બીજું ૨૪,મા વર્ષનું ઉચ્ચત્તર પગાર ધોરણ પહેલુ ઉચ્ચત્તર પગાર ધોરણ મળ્યાની તારીખથી બીજા ૧૨ વર્ષે મળવાપાત્ર થશે. પરંતુ, અગાઉ કર્મચારીએ એક કરતા વધુ બઢતી/ઉચ્ચત્તર પગાર ધોરણ મેળવેલ હોવા જોઈએ નહીં. |
| ૨(૪)(અ) | આ હુકમો તારીખ પહેલા ૯ વર્ષની સેવા પૂર્ણ કરેલ કર્મચારીને નાણા વિભાગના તા.૧૬-૦૮-૯૪,ના ઠરાવ અન્વયે ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થશે. |
| ૨(૪)(બ) | નાણા વિભાગના તા.૧૬-૦૮-૯૪,ના ઠરાવની જોગવાઈ મુજબ જે કર્મચારીને ૯ વર્ષે પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળી ગયેલ હશે તેને આ ઠરાવ હેઠળ બીજું ઉચ્ચત્તર પગાર ધોરણ ૯ વર્ષે મળેલ પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણની તારીખના ૧૫ વર્ષ બાદ એટલે કે ૨૪ વર્ષે મળવાપાત્ર થશે. |
| ૨(૪)(ક) | આ હુકમો રવાનગીના રોજ અને ત્યાર બાદથી ૯ વર્ષની સેવા પૂર્ણ કરનાર કર્મચારીઓને આ હુકમોની જોગવાઈ હેઠળ પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ ૧૨ વર્ષે મળવાપાત્ર થશે. આ બાબતે વિકલ્પ આપવાની કોઈ જોગવાઈ કરવામાં આવતી નથી. |
| ૨(૫) | તુટક-તુટક બઢતીના કિસ્સામાં આવી બઢતીનો સમયગાળો જો ઈજાફાના હેતુ માટે ગણતરીમાં લેવાતો હોય તો ઉચ્ચત્તર પગાર ધોરણની પાત્રતા માટે નીચલા સંવર્ગની સેવા માટે ધ્યાનમાં લેવાશે, પરંતુ ઉપલા સંવર્ગમાં ઉચ્ચત્તર પગાર ધોરણની ગણતરી માટે આવી સેવા ધ્યાનમાં લેવાશે નહીં. |
| ૨(૬) | ખાતાકીય પરીક્ષા પાસ કર્યા તારીખે પાત્રતાના આધારે ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવાનું રહેશે. |
| ૨(૭) | બિનપગારી રજાનો સમય ઈજાફા પાત્ર ગણાતો ન હોવાથી ઉચ્ચત્તર પગાર ધોરણ માટે ગણતરીમાં લઈ શકાશે નહીં. |
| ૨(૮) | અગ્રીમ ઈજાફા અને ખાસ ઈજાફાને ૧૨ વર્ષની ગણતરી માટે ધ્યાનમાં લેવાશે નહીં. |
| ૨(૯) | એક જ સંવર્ગમાં એક જ ખાતામાં જગ્યાનું નામાભિધાન અલગ હોય તેવી સેવા ઉચ્ચત્તર પગાર ધોરણની પાત્રતા માટે ગણતરીમાં લઈ શકાશે, પરંતુ પગાર ધોરણ સમાન હોવા છતાં સંવર્ગ બદલાયેલ હોય તેવી અગાઉની સેવાને ઉચ્ચત્તર પગાર ધોરણની પાત્રતા માટે ગણતરીમાં લઈ શકાશે નહીં. |
| ૨(૧૦) | અનુમાનીત તારીખ (ડીમડેઈટ) આ યોજના માટે ગણતરીમાં લઈ શકાશે, જ્યારે પુન: |



JHSOLANKI/PVU/DAT

| | |
|---|---|
| | નિર્ધારીત તારીખ (રી-એજેસ્ટમેન્ટ ડેટ) આ યોજના માટે ગણતરીમાં લઈ શકાશે નહીં. |
| ૨(૧૨)(અ) | ઉચ્ચત્તર પગાર ધોરણવાળી જગ્યા ઉપર નિમણૂંક કરનાર સત્તાધિકારી, પાત્ર કર્મચારીઓને ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવા સક્ષમ ગણાશે. |
| ૨(૧૨)(બ) | કર્મચારી તેની એકંદર કામગીરી, લાયકાતો અને નિયત થયેલ પરીક્ષાઓ પાસ કર્યેથી બઢતી મેળવવા પાત્ર હોવો જોઈએ. |
| ૨(૧૨)(ક) | ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરતી વખતે પ્રવર્તમાન તપાસ પ્રક્રિયા/પસંદગી કાર્યપધ્ધતિ લાગુ પડશે. |
| ૨(૧૨)(ડ) | ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરતી વખતે છેલ્લા પાંચ વર્ષના ખાનગી અહેવાલ જોવાના રહેશે. |
| ૨(૧૩) | કર્મચારી ઉચ્ચત્તર પગાર ધોરણની પાત્રતાની તારીખે ફરજમોકુફી હેઠળ હોય અથવા તેને શિસ્ત અને અપીલના નિયમોના નિયમ-૯ અથવા નિયમ-૧૦ હેઠળ આક્ષેપ પત્રક આપવામાં આવેલ હોય તો ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરી શકાશે નહીં. ભવિષ્યની અસર સાથે કે અસર સિવાય ઈજાફો અટકાવવામાં આવેલ હોય તો ૧૨ ઈજાફા પૂર્ણ થયે ઉચ્ચત્તર પગાર ધોરણ પાત્રતાના આધારે મંજુર કરી શકાશે. ખાતાકીય તપાસ, ફરજમોકુફી તેમજ ફોજદારી કેસોમાં ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવા માટે નાણા વિભાગના તા.૩૧-૦૩-૦૫,ના ઠરાવ ક્રમાંક: પગર/૧૦૨૦૦૫/૯૦/મ,માં દર્શાવ્યા મુજબ કાર્યવાહી કરવાની રહેશે. |
| ૨(૧૪) | આ યોજના હેઠળ મળવાપાત્ર ઉંચામાં ઉંચું પગાર ધોરણ રૂ.૮૫૦૦-૧૪૦૦૦/-ના પગાર ધોરણથી વધશે નહીં. |
| ૨(૧૫) | એકાકી સંવર્ગના ઉચ્ચત્તર પગાર ધોરણ બાબતે નાણા વિભાગના તા.૫-૦૪-૦૪,ના ઠરાવ ક્રમાંક: પગર/૧૦૨૦૦૪/૮૩/મ,માં કરાયેલ જોગવાઈ અનુસાર કાર્યવાહી કરવાની રહેશે. |
| ૨(૧૬) | જે જગ્યા એકાકી હોય અને આ ઠરાવ સાથેની અનુસૂચિ-૧ મુજબ ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય છે તેમના કિસ્સામાં બઢતીની જગ્યા તા.૧-૦૬-૮૭ પછી અમલમાં આવી હોય તો આવી બધી જગ્યાઓને અનિસૂચિ-૧ મુજબનું જ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવાનું થશે અને ખરેખર બઢતીની તારીખથી જ બઢતીની જગ્યાનું પગાર ધોરણ મળવાપાત્ર થશે. |
| ૨(૧૭) | જે જગ્યાના બઢતીના માળખામાં તા.૧-૦૬-૮૭ પછી ફેરફાર કરવામાં આવેલો હોય તેવા કિસ્સામાં ફેરફાર પહેલા બઢતીની જે જગ્યાનું પગાર ધોરણ મળતું હતું તે ઉચ્ચત્તર પગાર ધોરણ તરીકે ચાલુ રહેશે. ફેરફાર પછીની બઢતીની જગ્યાનું પગાર ધોરણ કર્મચારીને જયારે ખરેખર બઢતી મળે ત્યારે જ મળશે. |
| ૨(૧૮) | સીધી ભરતીથી જોડાયેલ કર્મચારી જુની સેવામાં પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ |

| | |
|---|---|
| | મેળવીને નવી સેવામાં આવે તે કિસ્સામાં નાણા વિભાગના તા.૧-૦૫-૦૨,ના ઠરાવ ક્રમાંક: પગર/૧૧૨૦૦૨/૭૫/મ મુજબ કાર્યવાહી કરવાની રહેશે. |
| ૨(૧૯) | સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩-૦૫-૦૬,ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૨૦૦૪/૧૬૧૯/ગ.૨ બાદ વર્ગ-૪ સંવર્ગમાં જે કર્મચારીઓની ભરતી થાય, ત્યાર બાદ તેઓનું નિયમિત પગાર ધોરણ રૂ.૨૫૫૦-૩૨૦૦ થયા બાદ તેઓને પાત્રતા અનુસાર ૧૨ વર્ષના અંતે પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ રૂ.૨૬૧૦-૩૫૪૦નું મળશે. બીજું ૨૪મા વર્ષનું ઉચ્ચત્તર પગાર ધોરણ પહેલું ઉચ્ચત્તર પગાર ધોરણ મળ્યા તારીખથી ૧૨ વર્ષ બાદ રૂ.૨૬૫૦-૪૦૦૦નું પગાર ધોરણ મળવાપાત્ર થશે.<br>સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩-૦૫-૦૬,ના ઠરાવ પહેલા નિમાયેલ જુના વર્ગ-૪ કર્મચારીઓને પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ તરીકે રૂ.૨૬૧૦-૩૫૪૦ અને દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ તરીકે રૂ.૨૬૫૦-૪૦૦૦/- મળવાપાત્ર થશે. |
| ૩(૧) | ઉચ્ચત્તર પગાર ધોરણ એટલે કે તરત પછીની બઢતીની જગ્યાનું પગાર ધોરણ, પરંતુ આવી બઢતીની જગ્યા જુદા જુદા પગાર ધોરણની એકથી વધુ પ્રકારની હોય તો તેની પૂરક (ફીડર કેડર) જગ્યા ઉપરના કર્મચારીઓ માટે તેમને મળવાપાત્ર ઉચ્ચત્તર પગાર ધોરણનો પગાર, આવી વિવિધ બઢતીની જગ્યાઓ પૈકીની સૌથી નીચલું પગાર ધોરણ ધરાવતી જગ્યાનો પગાર ગણાશે.<br>બઢતીનું કોઈ પગાર ધોરણ ન હોય તેવા કેસમાં તથા જુદા જુદા પગાર ધોરણવાળા પુરક સંવર્ગોવાળી જગ્યાઓના કેસમાં તેના હાલના પગાર ધોરણને મળતું આવતું ઉચ્ચત્તર પગાર ધોરણ ઠરાવ સાથે જોડેલ અનુસૂચિ-(૧)માં નિર્દિષ્ટ કર્યા મુજબનું રહેશે. |
| ૩(૨) | આ યોજના હેઠળ ઉચ્ચત્તર પગાર ધોરણમાં પગાર બાંધણી થાય ત્યાર પછીનો ઈજાફો ૧૨ માસ પૂર્ણ થયે મળવાપાત્ર થશે. |
| ૩(૪) | આ યોજનાનો હાર્દ બઢતીનો અભાવ/મર્યાદિત તકો સંદર્ભે લાભ આપવાનો હોઈ બઢતીનો અસ્વીકાર કરનારને તેનો લાભ આપી શકાય નહીં.<br>ઉચ્ચત્તર પગાર ધોરણ મેળવનાર કર્મચારી બઢતી મળવાના પ્રસંગે કોઈપણ કારણસર બઢતીનો અસ્વીકાર કરશે તો આ યોજના હેઠળ મેળવેલ લાભ તેણે જતો કરવો પડશે અને તેને તેના મૂળ નીચલા પગાર ધોરણમાં પાછા હટાવવામાં આવશે તેમજ તેને આ યોજના હેઠળ ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ મળેલ ન હોય તો મૂળ નીચલા પગાર ધોરણમાં જે પગાર મળતો હોત તે પગાર મેળવશે. આમ છતાં, મૂળ પગાર ધોરણમાં પાછા હટાવવાના કારણે કર્મચારીએ જેટલા સમયગાળા માટે ઉચ્ચત્તર પગાર ધોરણમાં પગાર અને ભથ્થા મેળવ્યા હોય તે રકમની વસુલાત કરવાની રહેશે નહીં. |

JHSOLANKI (PVU DAT)

| | |
|---|---|
| ૩(૬) | આ યોજના હેઠળ ઉચ્ચત્તર પગાર ધોરણમાં નિમણૂંક થયેથી કર્મચારીની પગાર બાંધણી બઢતી વખતે કરવામાં આવે છે તે જ રીતે ગુજરાત રાજ્ય મુલ્કી સેવા (પગાર) નિયમો,૨૦૦૨ના નિયમ-૧૧(૧) અનુસાર કરવાની રહેશે.<br>ગુજરાત રાજ્ય મુલ્કી સેવા (પગાર) નિયમો, ૨૦૦૨ના નિયમ-૧૨ની જોગવાઈ હેઠળ વિકલ્પ આપી શકાશે અને વિકલ્પની તારીખથી ઉચ્ચત્તર પગાર ધોરણ પાત્રતાના ધોરણે મળવાપાત્ર થશે. |
| ૩(૭) | ઉચ્ચત્તર પગાર ધોરણ મેળવ્યા પછી કર્મચારી બઢતી મેળવે તો તે પુનઃ ગુજરાત રાજ્ય મુલ્કી સેવા (પગાર) નિયમો,૨૦૦૨ના નિયમ-૧૧(૧) અનુસાર પગાર બાંધણીનો લાભ મેળવી શકશે નહીં. પરંતુ, બઢતીની જગ્યાનું પગાર ધોરણ ઉચ્ચત્તર પગાર ધોરણ કરતાં ઉંચું હોય તેવા કિસ્સામાં પગાર બાંધણી નિયમ-૧૧(૧) અનુસાર કરવાની રહેશે. |
| ૩(૧૧) | આ ઠરાવના અર્થઘટનના પ્રસંગે નાણા વિભાગનો પૂર્વ પરામર્શ કરવાનો રહેશે. |

JH SOLANKI (PVU) DAT

## સંબંધિત વિભાગ પાસેથી મળેલ માર્ગદર્શન/સ્પષ્ટતાઓ.

| અ. નં. | સંબંધિત વિભાગ | વિષય | મળેલ માર્ગદર્શન/સ્પષ્ટતા |
|---|---|---|---|
| ૧ | નાણા વિભાગ | નાયબ ચીટનીશ સંવર્ગ (પંચાયત સેવા) ની ખાતાકીય પરીક્ષા બાબત. | નાણા વિભાગના તા.૯-૦૫-૧૬,ના પત્ર ક્રમાંક: પગર-૧૦૨૦૧૬-ઓ-૧૦૩-મ,થી નાયબ ચીટનીશ સંવર્ગ (પંચાયત સેવા)માં ખાતાકીય પરીક્ષા પાસ કરવાની શરતે દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવા જણાવેલ છે. |
| ૨ | નાણા વિભાગ | સી.સી.સી./સી.સી.સી.+ પરીક્ષા પાસ થયાની તારીખ બાબત. | નાણા વિભાગના તા.૨૦-૦૨-૧૬,ના પત્ર ક્રમાંક: પગર-૧૦૨૦૧૫-ઓ-૭૨૦-મ,થી સ્પષ્ટતા મુજબ પરિણામ જાહેર થયા તારીખથી સી.સી.સી./સી.સી.સી.+ પરીક્ષા પાસ કરેલ છે તેમ ગણવું તથા અલગ અલગ માન્ય કેન્દ્રોમાંથી થીયરી/પ્રેક્ટીકલ પરીક્ષા પાસ કરેલ હોય તો સી.સી.સી./સી.સી.સી.+ પરીક્ષા પાસ કરેલ છે તેમ ગણવું. |
| ૩ | નાણા વિભાગ | સી.સી.સી./સી.સી.સી.+ પરીક્ષા પાસ કરવા બાબત. | નાણા વિભાગના તા.૨૦-૦૮-૧૬,ના પત્ર ક્રમાંક: પગર-૧૦૨૦૧૬-ઓ-૧૫૯-મ,થી સ્પષ્ટતા મુજબ સી.સી.સી./સી.સી.સી.+ પરીક્ષામાં નિયત કરાયેલ અભ્યાસક્રમ, પરીક્ષાના ગુણ તથા અન્ય જોગવાઈ ધ્યાને લઈ ઉચ્ચત્તર પગાર ધોરણના કેસોની ચકાસણી કરી આપવાની થાય તથા માન્ય પરીક્ષા કેન્દ્રમાંથી પરીક્ષા પાસ કરેલ છે કે કેમ? તેની ખરાઈ જે તે વિભાગ/ખાતા/કચેરીએ કરવાની રહે છે. |
| ૪ | નાણા વિભાગ | બે બઢતી તથા એક ઉચ્ચત્તર પગાર ધોરણ મળેલ હોય તો દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય કે નહી તે બાબતે સ્પષ્ટતા માંગેલ હતી. | નાણા વિભાગના તા.૩૦-૩-૧૬,ના પત્ર ક્રમાંક: પગર-૧૦૨૦૧૫-ઓ-૫૩૯-મ તથા તા.૪-૦૩-૦૮,ના પત્ર ક્રમાંક: પગર-૧૦૨૦૦૭-૬૧૫-મ(ભાગ-૧),થી સ્પષ્ટતા મુજબ દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ આપી શકાય. નાણા વિભાગના તા.૧૬-૦૮-૯૪,ના ઠરાવ મુજબ તા.૨-૦૭-૦૭ પહેલા પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળેલ હોવું જોઈએ. બે બઢતી/એક ઉચ્ચત્તર પગાર ધોરણ મળેલ હોય તો તા.૨-૦૭-૦૭,ના ઠરાવના ફકરા નં.૨(૪)(બ) મુજબ પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળ્યા તારીખથી ૧૫ વર્ષે દ્વિતીય |

JHSOLANKI (PVU) DAT

| | | | |
|---|---|---|---|
| | | | ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય. |
| ૫ | નાણા વિભાગ | તા.૧-૪-૧૫ પહેલાં લોકલ ફંડ કચેરી દ્વારા લેવાયેલ વાંધા પરત્વે થયેલ કોર્ટ કેસોની કામગીરી લોકલ ફંડ દ્વારા કરવાની થાય તેવા PVU ના મંતવ્યને સમર્થન આપવા જણાવેલ છે. | નાણા વિભાગના તા.૬-૮-૧૬,ના પત્ર ક્રમાંક: તસમ-૨૦૨૦૧૪-૨૮૧૧-ઘ,થી તા.૧-૪-૧૫ પહેલાં લોકલ ફંડ કચેરી દ્વારા લેવાયેલ વાંધા પરત્વે થયેલ કોર્ટ કેસોની કામગીરી લોકલ ફંડ દ્વારા કરવાની થાય તેવા PVU ના મંતવ્યને સમર્થન આપેલ છે. જે સંદર્ભે આ કચેરીના તા.૨૪-૦૮-૧૬,ના પરિપત્ર નં.હિતિનિ/PVU/ફા.નં.૧૬/૨૦૧૬/૨૦૭,થી જરૂરી સૂચના આપેલ છે. |
| ૬ | સામાન્ય વહીવટ વિભાગ | કોમ્પ્યુટર કૌશલ્યની સી.સી.સી./સી.સી.સી.+ પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિ આપવા બાબત. | નાણા વિભાગના તા.૩-૧૧-૧૫,ના પત્ર ક્રમાંક: પગર-૧૦૨૦૧૫-ઓ-૫૫૦-મ,થી થયેલ સ્પષ્ટતા મુજબ તથા સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨-૦૭-૧૩,ના પરિપત્ર મુજબ તા.૩૦-૦૬-૧૩ પહેલા ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર હોય તે કર્મચારી તા.૩૧-૧૨-૧૩ સુધીમાં ૫૦ વર્ષ પૂર્ણ કરે તે કેસમાં પાત્રતા તારીખથી ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય. |
| ૭ | શિક્ષણ વિભાગ | પ્રાથમિક શિક્ષકની મુખ્ય શિક્ષક તરીકે નિમણૂંક થતાં પગાર બાંધણી અંગે. | શિક્ષણ વિભાગના તા.૨૯-૦૧-૧૬,ના પત્ર ક્રમાંક: પીઆરઈ/૧૧૧૫/૪૧૨૦/ક,થી પ્રાથમિક શિક્ષક ઉચ્ચત્તર પગાર ધોરણ મેળવી મુખ્ય શિક્ષક તરીકે બઢતી મેળવે તો GCSR (Pay) નિયમો-૨૦૦૨ના નિયમ-૧૧(૧)નો લાભ મળવાપાત્ર નથી તેવી સ્પષ્ટતા થયેલ છે. |
| ૮ | કાયદા વિભાગ | નેશનલ જ્યુડીશીયલ પે કમીશનના માર્ગદર્શન અનુસાર ન્યાયિક અધિકારીઓના પગાર ધોરણ સુધારણા અંગે. | કાયદા વિભાગના તા.૩-૦૫-૧૬,ના પત્ર ક્રમાંક: પગર/૧૦૨૦૧૫/૨૦૬૬/ડી,થી ન્યાયિક અધિકારીઓને આપવામાં આવતા પ્રમોશન, એ.સી.પી. સુપરટાઈમ સ્કેલ વગેરે લાભોમાં GCSR (PAY) Rules-2002ના નિયમ-૧૧(૧) મુજબ પગાર બાંધણી કરવાની થાય છે. |
| ૯ | શિક્ષણ વિભાગ | બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ફરજ | તા.૨૯-૧૦-૧૬,ના પત્ર ક્રમાંક: બમશ/૧૧૧૬/૬૫૫/ગ,થી બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા સીધી ભરતીના આચાર્યને સમાન પગાર |

JH SOLANKI (PVU) DAT

| | | | |
|---|---|---|---|
| | | બજાવતા સીધી ભરતીના આચાર્યના પગાર ધોરણ બાબત. | ધોરણમાં નાણા વિભાગના તા.૫-૦૧-૬૫,ના ઠરાવ મુજબ એક ઈજાફો આપી પગાર નક્કી કરવાનો રહેશે નહીં. હાલ મેળવતા પગાર ધોરણ કરતાં ઉંચા પગાર ધોરણમાં તા.૩-૧૨-૦૯ સુધી જ એક ઈજાફો મળવાપાત્ર થાય. તા.૩-૧૨-૦૯ પછી ઈજાફો મળવાપાત્ર થાય નહીં. શિક્ષણ વિભાગના તા.૩-૧૨-૦૯,ના ઠરાવ ક્રમાંક: બમશ-૧૩૦૪-૧૧૩૦-ગ તથા શિક્ષણ વિભાગના તા.૧૯-૦૬-૦૪,ના ઠરાવ ક્રમાંક: બમશ/૧૩૨૦૦૧/૧૧૦૨/ગ,થી એક ઈજાફો આપવાની જોગવાઈ થયેલ છે. |
| ૧૦ | નાણા વિભાગ | પંચાયત સંવર્ગના અધિક મદદનીશ ઈજનેર સંવર્ગના કર્મચારીને તા.૧-૦૧-૮૬,થી રૂ.૧૬૪૦-૨૯૦૦/-ના પગાર ધોરણ સુધારણાનો લાભ આપવાનો થાય કે નહી તે બાબતે સ્પષ્ટતા માંગેલ છે. | નાણા વિભાગના તા.૨૧-૦૯-૧૬,ના પત્ર ક્રમાંક: પગર/૧૦૨૦૧૬/૫૧૫૪૬૧/મ,થી પંચાયત સંવર્ગના અધિક મદદનીશ ઈજનેરને તા.૧-૦૧-૮૬,થી રૂ.૧૬૪૦-૨૯૦૦/-ના પગાર ધોરણ સુધારણાનો લાભ મળવાપાત્ર થાય નહી તેમ જણાવેલ છે. |
| ૧૧ | શિક્ષણ વિભાગ | સહાયક અનુદાન મેળવતી સંસ્થાના કર્મચારીઓને આર.ઓ.પી.-૨૦૦૯ના નિયમ-૮ હેઠળની અનુસૂચિ-ખ,નો લાભ મળવા બાબત. | શિક્ષણ તા.૩૦-૦૮-૧૬,ના ઠરાવ ક્રમાંક: બમશ-૧૧૦૯-મ.શિ.-૧-ગ,થી બિન સરકારી અનુદાનિત ઉ.મા.શાળાના શિક્ષકોને એન્ટ્રી લેવલ પે,નો લાભ આપવા ઠરાવેલ છે. શિક્ષણ વિભાગના તા.૨૬-૧૨-૧૬,ના ઠરાવ ક્રમાંક: બમશ-૧૧૦૯-મ.શિ.-૧-ગ,થી બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉ.મા. શાળાના સીધી ભરતીથી નિમાયેલ આચાર્યોને એન્ટ્રી લેવલ પે નો લાભ આપવા ઠરાવેલ છે. |
| ૧૨ | કાયદા વિભાગ | સી.સી.સી./સી.સી.સી.+ તથા હિન્દી પરીક્ષા પાસ કરવા બાબત | નામ.ગુજરાત હાઈકોર્ટના તા.૨૦-૧૦-૧૬,ના પત્ર નં.A.0724/2016, થી ન્યાયાધિશના કેસમાં સી.સી.સી. તથા હિન્દી પરીક્ષા પાસ કરવી જરૂરી નથી તેવી સ્પષ્ટતા થયેલ છે. |
| ૧૩ | નાણા વિભાગ | ગુજરાત કેન્સર રીસર્ચ ઈન્સ્ટીટ્યુટના કેસોની પગાર બાંધણી ચકાસણી | નાણા વિભાગના તા.૧-૧૦-૧૬,ના પત્ર ક્રમાંક: તસમ/૨૦/૨૦૦૯/૧૮૪૭/ઘ,થી ગુજરાત કેન્સર રીસર્ચ ઈન્સ્ટીટ્યુટના ચોથા તથા પાંચમાં પગારપંચ તથા ઉચ્ચત્તર પગાર |

J H SOLANKI (PVU DAT)

| | | | |
|---|---|---|---|
| | | બાબત. | ધોરણના કેસોની ચકાસણી આ કચેરીએ કરવાના થતા નથી. આર.ઓ.પી.-૨૦૦૯ના કેસોની ચકાસણી અત્રેથી કરવાની થાય છે. |
| ૧૪ | નાણા વિભાગ | પ્રાથમિકને મુખ્ય શિક્ષક તરીકે બઢતી મળતાં, બઢતીનો અસ્વિકાર કરતાં ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવા બાબત. | નાણા વિભાગના તા.૨-૦૧-૧૭,ના પત્ર ક્રમાંક: પગર/૧૦૨૦૧૬/૭૦૧૭૨૦/મ,થી બઢતીનો અસ્વીકાર કરનાર પ્રાથમિક શિક્ષકને સમગ્ર નોકરી દરમ્યાન ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય નહી તેમ જણાવેલ છે. |
| ૧૫ | નાણા વિભાગ | મદદનીશ શિક્ષક નવી સેવામાં (આચાર્ય) જોડાય ત્યારે ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવા બાબતે માર્ગદર્શન માંગેલ છે. | નાણા વિભાગના તા.૧૬-૧૨-૧૭,ના પત્ર ક્રમાંક: પગર-૧૦૨૦૧૭-ઓ-૨૪૭-મ,થી થયેલ સ્પષ્ટતા મુજબ નવી સેવામાં જોડાયા તારીખથી ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય તેવી સ્પષ્ટતા થયેલ છે. |
| ૧૬ | નાણા વિભાગ | નામ.હાઈકોર્ટના ચુકાદા મુજબ ડૉ.બાબા સાહેબ આંબેડકર યુનિવર્સિટીનું ૨૦૦ ગુણ, ૪૦૦ ગુણ, ૪૫૦ ગુણનું પરિણામ માન્ય ગણવું કે કેમ તે બાબતે સ્પષ્ટતા માંગેલ છે. | નાણા વિભાગના તા.૧૪-૦૭-૧૭,ના પત્ર ક્રમાંક: પગર-૧૦૨૦૧૭-ઓ-૧૧૧-મ,થી SCA No. 715/2017 પરત્વે નામ.હાઈકોર્ટ દ્વારા અપાયેલ તા.૩૧-૦૧-૧૭,નો ચુકાદો નિયમ સાથે સુસંગત ન હોઈ સંબંધિત વિભાગે અપીલ દાખલ કરવાની રહે છે તેમ જણાવેલ હોઈ કેસ વાંધામાં પરત કરવાના થાય. આ કચેરીના તા.૨૯-૦૧-૧૮,ના પત્ર નં.હિતિનિ/PVU/કોર્ટ કેસ/૨૦૧૮/૧૮,થી કોર્ટ કેસમાં આવેલ ચુકાદા સામે એલ.પી.એ. દાખલ કરવા નિર્ણય લેવાયેલ હોઈ એલ.પી.એ.ના ચુકાદાને આધિન કેસ માન્ય કરવા આ કચેરી દ્વારા નિર્ણય લેવાયેલ છે. |
| ૧૭ | શિક્ષણ વિભાગ | નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના પ્રાથમિક શિક્ષકોને કયા પગાર ધોરણમાં ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય તે અંગે સ્પષ્ટતા | નાણા વિભાગના તા.૨૫-૦૪-૧૭,ના પત્ર ક્રમાંક: પગર-૧૦૨૦૧૭-ઓ-૭૪-મ,થી તા.૧-૦૧-૯૬ કે ત્યાર બાદ તા.૧૪-૦૮-૯૮,ના ઠરાવની અનુસૂચિ મુજબ રૂ.૪૫૦૦-૭૦૦૦/-ના પગાર ધોરણમાં પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય તેવા આ કચેરીના મંતવ્યને સમર્થન આપેલ છે. |

JHSOLANKI(PVU)DAT

| | | | |
|---|---|---|---|
| | | માંગેલ છે. | શિક્ષણ વિભાગના તા.૫-૧૨-૧૭ ના હુકમ ક્રમાંક: નશમ/૧૦૧૬/૨૪૭૭૦૯/ચ,થી ન.પ્રા.શિ.સમિતિ, રાજકોટના પ્રાથમિક શિક્ષકને રૂ.૫૦૦૦-૮૦૦૦/-નું પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય તેવી જોગવાઈ થયેલ છે. |
| ૧૮ | રોજગાર અને તાલીમ નિયામકની કચેરી, ગાંધીનગર | સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર/ફોરમેન ઈન્સ્ટ્રકટરના દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણની ચકાસણી બાબત. | શ્રમ અને રોજગાર વિભાગની તા.૨૪-૦૪-૧૭,ની યાદી ક્રમાંક: તલમ/૧૨૨૦૧૬/૫૦૯૮૬૫/૧(૧),થી રૂ.૬૫૦૦-૨૦૦-૧૦૫૦૦/-ના પગાર ધોરણમાં દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય તેમ ઠરાવેલ છે. પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળ્યા તારીખથી ૧૫ વર્ષે દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય. આ કેસોમાં તા.૧-૦૧-૯૬ પહેલા રૂ.૧૪૦૦-૨૩૦૦/-ના પગાર ધોરણમાં પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ આપેલ છે ત્યાર બાદ શ્રી ચૌહાણ સામે સ્ટેપીંગ-અપ સાથે રૂ.૫૫૦૦-૧૭૫-૯૦૦૦/-નું પગાર ધોરણ આપેલ છે. |
| ૧૯ | સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ | આશ્રમ શાળાના કર્મચારીઓને ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ આપવા બાબત. | સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૮-૦૩-૧૭,ના પત્ર ક્રમાંક: સશપ/૧૦૨૩૦૧૬/૯૪૩/અ.૧ તથા તા.૨૧-૦૬-૧૭,ના પત્ર ક્રમાંક: સશપ/૧૦૨૦૧૬/૯૪૩/અ.૧,થી થયેલ સ્પષ્ટતા મુજબ આશ્રમ શાળાના કર્મચારીઓને તા.૧-૦૧-૯૭ રોજ કે તે પહેલા ૯ વર્ષ પૂર્ણ કરેલ હોય તે કર્મચારીને તા.૧-૦૧-૯૭ના રોજ પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય તથા તા.૧-૦૧-૯૭ બાદ ૯ વર્ષ પૂર્ણ કર્યા તારીખથી પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય તથા વખતોવખતના ઠરાવની અનુસૂચિ મુજબનું ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થાય. |
| ૨૦ | આદિજાતિ વિકાસ વિભાગ | આશ્રમ શાળાના કર્મચારીઓને ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ આપવા બાબત | આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૧-૦૮-૧૭,ના પત્ર ક્રમાંક: અમશ/૨૦૧૬/૧૧૮૮/ઘ તથા કમિશનરશ્રી, આદિજાતિ વિકાસના તા.૧૧-૦૮-૧૭ના પત્ર ક્રમાંક: આવિ/આશા/૧/ફા.નં.૨૦૧૨/૨૦૧૭/૮૯૬-૮૯૭, થી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા થયેલ સ્પષ્ટતા મુજબ કાર્યવાહી કરવાની થાય છે. |

JH SOLANKI (PVU) DAT

| | | | |
|---|---|---|---|
| ૨૧ | મહિલા અને બાળ વિકાસ વિભાગ | મુખ્ય સેવિકાને ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવા બાબત. | ૧. મહિલા અને બાળ વિકાસ વિભાગના તા.૧૯-૦૮-૧૭,ના પત્ર ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૧૭/૧૬૧૨/બ-૧,થી થયેલ સ્પષ્ટતા મુજબ તા.૧૬-૮-૯૪,ના ઠરાવની અનુસૂચિ-૧ મુજબ સ્નાતક ઉમેદવારને રૂ.૧૬૪૦-૨૯૦૦/-નું પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય તથા મા.શા.પરીક્ષા પાસ ઉમેદવારને રૂ.૪૫૦૦-૭૦૦૦/-નું પ્રથમ ઉ.પ.ધો.મળવાપાત્ર થાય.<br>૨. વિભાગના તા.૧૪-૦૮-૧૭,ના ઠરાવ ક્રમાંક: આઈસીડી-૧૦૨૦૧૬-૪૪૩૭૪-બ,થી મુખ્ય સેવિકાના ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવાની સત્તા જિલ્લા વિકાસ અધિકારીશ્રીને સુપ્રત થયેલ છે તથા તા.૧૪-૦૧-૯૩ પહેલા પાત્રતા તારીખથી પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય તેમજ તા.૧૪-૦૧-૯૩ બાદના કેસમાં નિયત તકમાં ખાતાકીય પરીક્ષા પાસ કરેલ ન હોય તો પરીક્ષા પાસ કર્યા તારીખથી પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય.<br>૩. વિભાગના તા.૨૨-૦૧-૧૮,ના સુધારા ઠરાવ ક્રમાંક: આઈસીડી-૧૦૨૦૧૬-૪૪૩૭૪-બ,થી મુખ્ય સેવિકાને તા.૧૬-૦૮-૯૪ તથા તા.૨-૦૭-૦૭,ના ઠરાવ સાથે સામેલ અનુસૂચિ મુજબનું ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય. |
| ૨૨ | રોજગાર અને તાલીમ નિયામકની કચેરી, ગાંધીનગર | આચાર્ય વર્ગ-૨,ના ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવા બાબત. | શ્રમ અને રોજગાર વિભાગના તા.૧૯-૦૯-૧૭,ના પત્ર ક્રમાંક: તલમ/૧૦૨૦૧૫/૪૩૮૫૬૫/૨(૧) થી થયેલ સ્પષ્ટતા મુજબ પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ ઉપાચાર્ય સંવર્ગનું રૂ.૨૦૦૦-૩૨૦૦/-માં મળેલ છે તે જ સંવર્ગ અને પગાર ધોરણમાં ૧૫ વર્ષની સેવા પૂરી થાય તે પહેલા અન્ય સંવર્ગ આચાર્ય અને અન્ય પગાર ધોરણ રૂ.૨૦૦૦-૩૫૦૦/-માં બઢતી મળી હોઈ નાણા વિભાગના તા.૩-૧૦-૧૨,ના ઠરાવ ક્રમાંક: પગર-૧૦૨૦૧૨-૪૩૫૩૮૭-મ મુજબ આચાર્ય સંવર્ગમાં બઢતી મળ્યા તારીખથી ૧૫ વર્ષ બાદ દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય તેવી સ્પષ્ટતા નાણા |

JH SOLANKI (PVU) DAT

| | | | |
|---|---|---|---|
| | | | વિભાગના પરામર્શમાં થયેલ છે. આસીસ્ટન્ટ એપેન્ટિસ એડવાઈઝર વર્ગ-૩,ને ઉપાચાર્ય અને આચાર્ય એમ બંને સંવર્ગમાં બઢતી આપવાની નિયમોની જોગવાઈને કારણે આવી પરિસ્થિતિ ઉભી થયેલ છે. |
| ૨૩ | સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ | આશ્રમ શાળાના કર્મચારીઓને ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ આપવા બાબત. | સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૬-૦૧-૧૮,ના પત્ર ક્રમાંક: સશપ/૧૩૨૦૧૭/૫૯૧૭૭૪/અ,થી થયેલ સ્પષ્ટતા મુજબ,<br>૧. આશ્રમશાળામાં તા.૭-૧૧-૨૦૦૦,થી ફીક્સ પગારની નિતિ અમલમાં આવેલ છે.<br>૨. નામ.હાઈકોર્ટના ચુકાદા મુજબ ઉચ્ચત્તર પગાર ધોરણ આપેલ હોઈ ઉચ્ચત્તર પગાર ધોરણ યોજના ચાલુ રાખવા પુન: મંજુરી મેળવવાની થતી નથી.<br>૩. આર.ઓ.પી.-૨૦૦૯ મુજબ એન્ટ્રી લેવલ પે,નો લાભ મળવાપાત્ર છે. |
| ૨૪ | નાણા વિભાગ | બોર્ડ/નિગમ તથા યુનિવર્સિટીની આર.ઓ.પી.-૧૬ની પગાર બાંધણી ચકાસણી કરવા બાબતે માર્ગદર્શન માંગેલ છે. | નાણા વિભાગના તા.૨૩-૦૩-૧૮,ના પરિપત્ર ક્રમાંક: પગર-૧૦-૨૦૧૬-ઓ.૫૭૮-(૧૯)-પગાર એકમ, મુજબ,<br>૧. બોર્ડ/નિગમના કર્મચારીની આર.ઓ.પી.-૧૬ની પગાર બાંધણી બોર્ડ/નિગમ દ્વારા કરવાની થાય.<br>૨. ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, હેમ ચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગરની આર.ઓ.પી.-૧૬ની પગાર બાંધણી જે તે યુનિવર્સિટી દ્વારા કરવાની થાય, ૧૦% કેસોની ચકાસણી PVU દ્વારા કરવાની થાય છે. |
| ૨૫ | નાણા વિભાગ | યુનિવર્સિટીની આર.ઓ.પી.-૧૬ની પગાર બાંધણી ચકાસણી કરવા બાબતે માર્ગદર્શન માંગેલ છે. | નાણા વિભાગના તા.૨૩-૦૫-૧૯,ના પરિપત્રથી રાજ્યની સાત યુનિવર્સિટીના તમામ કર્મચારીઓની છઠ્ઠા/સાતમા પગારપંચ અન્વયે થયેલ પગાર બાંધણી ચકાસણીની કામગીરી પગાર ચકાસણી એકમ દ્વારા કરવાની થાય છે તેવી સૂચના આપેલ છે. |

JH SOLANKI (PVU) DAT

| | | | |
|---|---|---|---|
| | | | ઓનલાઈન કેસ સાથે સર્વિસબુક પણ રજુ કરવાની થાય. નાણા વિભાગના તા.૨૩-૦૩-૧૮ના પરિપત્રથી થયેલ સૂચનામાં સુધારો કરેલ છે. |
| ૨૬ | કાયદા વિભાગ | ન્યાયિક અધિકારીઓના અગ્રીમ ઈજાફા મંજુર કરવા બાબત. | કાયદા વિભાગના તા.૨૪-૦૪-૧૮,ના પત્ર ક્રમાંક: પી.એ.વાય/૧૦૨૦૧૬/૨૨૬૦/ડી,થી નીચે મુજબની સ્પષ્ટતા થયેલ છે:<br>૧. ન્યાયીક અધિકારીઓ કે જેઓ પસંદ પામતી વખતે લો માં પોસ્ટ ગ્રેજ્યુએટ, એમ.ફીલ અથવા પી.એચ.ડી.ની ડીગ્રી ધરાવતા હોય તો તેઓને તા.૧-૧૧-૯૯ વખતે અથવા તે પછી લો,માં ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય અને સફળતાપૂર્વક અજમાયશી સમયગાળો પૂર્ણ કરેલ હોય તેઓને ત્રણ ઈજાફા મળવાપાત્ર થાય.<br>૨. જે તે સમયના મળવાપાત્ર પગાર ધોરણમાં ત્રણ અગ્રીમ ઈજાફા મળવાપાત્ર થાય.<br>૩. અગ્રીમ ઈજાફાની પગાર બાંધણી આ કચેરી દ્વારા કરવાની થતી નથી. |
| ૨૭ | નાણા વિભાગ | નાણા વિભાગના તા.૧૬-૦૨-૧૮,ના ઠરાવથી આર.ઓ.પી.-૧૬ સાથે જોડેલ પે મેટ્રીક્ષના લેવલ-૧૩,ના IOR માં સુધારો કરી તે લેવલની સુધારેલ પે મેટ્રીક્ષ-કોલમ બહાર પાડવામાં આવેલ છે. તા.૩૧-૧૨-૨૦૧૫,ના પગારને ૨.૫૭ વડે ગુણી તા.૧-૦૧-૧૬નો પગાર નક્કી કરવો કે ૨.૬૭ વડે ગુણી તા.૧-૦૧-૧૬નો પગાર નક્કી કરવો તે બાબતે માર્ગદર્શન માંગેલ છે. | નાણા વિભાગના તા.૨૬-૦૩-૧૮,ના પત્ર ક્રમાંક: પગર-૧૦૨૦૧૭-ઓ-૩૨૦-પગાર એકમ,થી થયેલ સ્પષ્ટતા મુજબ, નાણા વિભાગના તા.૧૬-૦૨-૧૮,ના ઠરાવથી આર.ઓ.પી.-૧૬ સાથે જોડેલ પે મેટ્રીક્ષના લેવલ-૧૩,ના IOR માં સુધારો કરી તે લેવલની સુધારેલ પે મેટ્રીક્ષ-કોલમ બહાર પાડવામાં આવેલ છે. IOR એ પે મેટ્રીક્ષના દરેક લેવલનો શરૂઆતનો પગાર નક્કી કરવા માટે છે. દરેક કર્મચારીનો પગાર આર.ઓ.પી.-૧૬,ના નિયમ-૭ મુજબ ૨.૫૭ થી ગુણીને જ નક્કી કરવાનો થાય છે. |

JHSOLANKI(PVU)DAT

| | | | |
|---|---|---|---|
| ૨૮ | નાણા વિભાગ | અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડના આર.ઓ.પી. તથા ઉચ્ચત્તર પગાર ધોરણના કેસોની ચકાસણી કરવી કે નહી તે બાબતે માર્ગદર્શન માંગેલ છે. | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના તા.૨૧-૦૬-૧૮,ના ઠરાવ ક્રમાંક: યુડીએ-૧૦૨૦૧૦-૫૬-વ,થી થયેલ જોગવાઈ મુજબ રાજ્યના શહેરી વિકાસ સત્તામંડળોના આર.ઓ.પી.-૮૭, આર.ઓ.પી.-૯૮, આર.ઓ.પી.-૨૦૦૯ તથા ઉચ્ચત્તર પગાર ધોરણના કેસોની પગાર બાંધણીની ચકાસણી જે તે સત્તામંડળો દ્વારા કરવાની રહેશે, પરંતુ ૧૦% કેસોની ચકાસણી આ કચેરી દ્વારા કરવાની થાય છે તેમજ આર.ઓ.પી.-૨૦૧૬ની પગાર બાંધણી ચકાસણીની કામગીરી PVU દ્વારા કરવાની રહેશે. |
| ૨૯ | નાણા વિભાગ | ફીક્સ પગારથી નિમણૂંક પામેલ કર્મચારીઓની પાંચ વર્ષની સેવા ઉચ્ચત્તર પગાર ધોરણના લાભ માટે ગણવા બાબતે સ્પષ્ટતા માંગેલ છે. | નાણા વિભાગના તા.૨૮-૦૬-૧૮,ના પત્ર ક્રમાંક: પગર-૧૦૨૦૧૮-ઓ-૨૮-મ,થી નાણા વિભાગના તા.૧૬-૦૨-૦૬,ના ઠરાવ અંતર્ગત પ્રવર્તમાન ફીક્સ પગારની નિતિ હેઠળ સીધી ભરતીની જગ્યા ઉપર પ્રથમ પાંચ વર્ષ માટે ફીક્સ પગારથી નિમણૂંક પામેલ કર્મચારીઓને જ નાણા વિભાગના તા.૧૮-૦૧-૧૭,ના ઠરાવથી થયેલ જોગવાઈ મુજબ ફીક્સ પગારની પાંચ વર્ષની સેવા ઉચ્ચત્તર પગાર ધોરણના હેતુ માટે ગણતરીમાં લેવાની રહેશે. જ્યારે નાણા વિભાગના તા.૧૬-૦૨-૦૬,ના ઠરાવ સિવાય અન્ય નીતિ હેઠળ નિમણૂંક પામેલ કર્મચારીઓની ફીક્સ પગારની સેવાઓને ઉચ્ચત્તર પગાર ધોરણના લાભ માટે સેવા તરીકે ગણવાની રહેશે નહીં. એટલે કે, રહેમરાહેની નિતિ તથા લોકરક્ષકની નિતિ હેઠળ નિમાયેલ કર્મચારીને પાંચ વર્ષની સેવા સીનીયોરીટી/ઉચ્ચત્તર પગાર ધોરણ માટે ધ્યાને લેવાની રહેશે નહીં. |
| ૩૦ | શિક્ષણ વિભાગ | પ્રાથમિક શિક્ષકો તથા કેળવણી નિરીક્ષકના ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવા બાબત. | PVU ની કચેરી નોંધ મુજબ નીચે મુજબ નિર્ણય કરવામાં આવેલ છે.<br>૧. શિક્ષણ વિભાગના તા.૨૫-૦૩-૧૫,ના ઠરાવ ક્રમાંક: પીઆરઈ/૧૪૦૯/સીસી/૧૪૨/ક,મુજબ પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ રૂ.૬૫૦૦-૧૦૫૦૦/- મળવાપાત્ર થાય. દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ રૂ.૮૦૦૦-૧૪૦૫૦/-ના પગાર ધોરણમાં મળવાપાત્ર થાય. |

JHSOLANKI/PVU/DAT

| | | | |
|---|---|---|---|
| | | | ૨. શિક્ષણ વિભાગના તા.૨૧-૧૨-૧૨,ના જાહેરનામા નં. KH/SH/88-EDI-1075-C/1969-L, થી ખાતાકીય પરીક્ષા અમલમાં આવેલ હોઈ તા.૨૧-૧૨-૧૨ કે તે પછી પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર હોય તો ખાતાકીય પરીક્ષા પાસ કરવાની થાય.<br>૩. દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ મેળવવા ખાતાકીય પરીક્ષા નિયત થયેલ નથી.<br>૪. શિક્ષણ વિભાગના તા.૧૪-૦૩-૧૭,ના ઠરાવ ક્રમાંક: ભરત-૧૪૨૦૧૪/૧૯૮૫/લ તથા તા.૧૭-૧૦-૧૭,ના ઠરાવ ક્રમાંક: પીઆરઈ/૧૧૨૦૧૭/૧૬૧૦/ક મુજબ પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવાની સત્તા પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીને સુપરત કરેલ છે, દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ શિક્ષણ વિભાગ દ્વારા મંજુર કરવામાં આવે છે. |
| ૩૧ | શિક્ષણ વિભાગ | ઉચ્ચત્તર માધ્યમિકમાં ફરજ બજાવતા ઉદ્યોગ શિક્ષકોના ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવા બાબત. | કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગરના તા.૧૪-૦૯-૧૬,ના પત્ર ક્રમાંક: ઉમશ/ઉમા.૨/ઉદ્યોગ શિક્ષક/૨૦૧૬/૭૨૯૦-૯૨,માં જણાવેલ મંતવ્ય મુજબ તથા શિક્ષણ વિભાગના તા.૪-૧૦-૧૮,ના પત્ર ક્રમાંક: ઉમશ-૧૨૧૫-૬૦-ગ-૧,થી થયેલ સ્પષ્ટતા મુજબ નિયત લાયકાત ન ધરાવતા ઉદ્યોગ શિક્ષકને નિમણૂંક સમયે રૂ.૧૨૦૦-૨૦૪૦/- (આર.ઓ.પી-૯૮ મુજબ રૂ.૪૦૦૦-૬૦૦૦/-)નું પગાર ધોરણ મળવાપાત્ર થાય. નિમણૂંક સમયે પૂર્ણ લાયકાત ધરાવતાં ઉદ્યોગ શિક્ષકને નિમણૂંક સમયે રૂ.૧૩૫૦-૨૨૦૦ (આર.ઓ.પી.-૯૮ મુજબ ૪૫૦૦-૭૦૦૦/-નું પગાર ધોરણ મળવાપાત્ર થાય. (નિમણૂંક તારીખ બાદ ડાયમંડ જ્યુબીલીનો કોર્ષ કરેલ હોય) |
| ૩૨ | નાણા વિભાગ | તા.૧-૦૧-૧૬ બાદની પાત્રતા ધરાવતા કેસો છઠ્ઠા પગાર પંચ મુજબ મંજુર થયેલ હોય તો ચકાસણી ન કરવા આદેશ થઈ આવવા જણાવેલ છે તથા સાતમા પગાર પંચ મુજબ | નાણા વિભાગના તા.૧-૦૧-૧૯,ના ઠરાવ ક્રમાંક: પગર-૧૦૨૦૧૬-યુઓ-૧૨૧(૨૨)-પ.એ.,થી સાતમા પગારપંચ મુજબ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવા અંગેના આદેશ થયેલ છે. |

JHSOLANKI/PVU/DAT

| | | | |
|---|---|---|---|
| | | ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવા આદેશ થઈ આવવા નાણા વિભાગને જણાવેલ છે. | |
| ૩૩ | નાણા વિભાગ | તા.૧-૦૧-૦૬ બાદ નવી નિમણૂંક પામેલ કર્મચારીના પગાર રક્ષિતના કેસમાં, સીનીયર સ્કેલ/સીલેકશન ગ્રેડના કેસમાં પગાર બાંધણી બાબત. GCSR(Pay)- નિયમ-૧૩ મુજબ પગાર બાંધણી બાબતે સમર્થન માંગેલ છે. | નાણા વિભાગના તા.૧૧-૦૪-૧૯,ના પત્ર ક્રમાંક: પગર-૧૦૨૦૧૯-ઓ-૦૪-પ.એ.,થી થયેલ સ્પષ્ટતા મુજબ તા.૧-૦૧-૦૬ બાદ સીધી ભરતીથી નવી નિમણૂંક પામેલ કર્મચારીના પગાર રક્ષિતના કેસમાં તથા સીનીયર સ્કેલ/સીલેકશન ગ્રેડના કેસમાં GCSR(Pay)- નિયમ-૧૩ મુજબ પગાર બાંધણી કરતા કર્મચારીએ તેના સંવર્ગના પે બેન્ડમાં છેલ્લે મેળવેલ પગારનું રક્ષણ કરીને ત્યાર બાદ નવી નિમણૂંકની જગ્યા પરના ગ્રેડ પે સાથે નવો પગાર નિયત કરવાનો થાય છે. એટલે કે, રૂ.૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે ૫૪૦૦,માં કર્મચારીને છેલ્લે મેળતો પગાર રૂ.૨૪૨૯૦+૫૪૦૦=૨૯૬૯૦ હોય અને રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦, ગ્રેડ પે ૭૬૦૦,ના પે બેન્ડમાં નવી નિમણૂંક સમયે રૂ.૨૪૨૯૦+૭૬૦૦=૩૧૮૯૦ પગાર નિયત કરવાનો થાય. |

JH SOLANKI (PVU) DAT

## ઉચ્ચત્તર પગાર ધોરણ બાબતે સંબંધિત વિભાગ/ખાતાના વડા તરફથી થયેલ સ્પષ્ટતાઓ તથા ઠરાવની મહત્વની જોગવાઈઓ.

| ઉચ્ચત્તર પગાર ધોરણ | | |
|---|---|---|
| અ. નં. | ઠરાવ નં./પત્ર નં./તારીખ | થયેલ સ્પષ્ટતા તથા ઠરાવની મહત્વની જોગવાઈઓ. |
| ૧ | નાણા વિભાગના તા.૧૨-૦૮-૨૦૦૮,ના પત્ર ક્રમાંક: પગર-૧૦૨૦૦૫-૩૭૪-મ મુજબ. | શિક્ષણ વિભાગના તા.૧૬-૪-૯૮ના ઠરાવ ક્રમાંક: પીઆરઈ-૧૩૯૫-યુઆઆર-૧૦-ક,થી બિનતાલીમી પ્રાથમિક શિક્ષક જ્યાં સુધી તાલીમ ન લે ત્યાં સુધીના સમયગાળો ૬૦% સેવાકીય હેતુ માટે ગણવા જણાવેલ છે તથા તાલીમ પુરી કરે ત્યાર પછીનો પુરો સમય સેવાકીય હેતુ માટે ગણવા જણાવેલ છે, પરંતુ જે શિક્ષક સમગ્ર નોકરી દરમ્યાન પી.ટી.સી. પાસ થયેલ ન હોય તે શિક્ષકને ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય નહીં. |
| ૨ | નાણા વિભાગના તા.૧૮-૪-૧૨,ના પત્ર ક્રમાંક: પગર-૧૦-૨૦૧૨-૨૪૭૧૨૪-મ મુજબ તથા પંચાયત વિભાગના તા.૭-૧૨-૧૩,ના ઠરાવ ક્રમાંક: ઉપધ/૧૦૨૦૧૧/૬૦૬/ડ મુજબ. | એકાકી જગા હોઈ ગ્રામ સેવકને તા.૧૬-૮-૯૪ તથા તા.૨-૦૭-૦૭,ના ઠરાવની અનુસુચિ મુજબનું ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય. તા.૧-૦૧-૯૬ પહેલા તા.૧૪૦૦-૨૬૦૦ (રૂ.૫૦૦૦-૮૦૦૦)ના પગાર ધોરણમાં પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય, જ્યારે તા.૧-૦૧-૯૬ કે ત્યાર બાદ રૂ.૪૫૦૦-૭૦૦૦/-ના પગાર ધોરણમાં પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય. |
| ૩ | નાણા વિભાગના તા.૬-૨-૦૮,ના પત્ર ક્રમાંક: પગર-૧૦૨૦૦૭-૧૧૧૫-મ મુજબ. | સમગ્ર નોકરી દરમ્યાન પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ એક જ વાર મળવાપાત્ર થાય. |
| ૪ | નાણા વિભાગના તા.૧-૫-૦૨,ના ઠરાવ ક્રમાંક: પગર-૧૧૨૦૦૨- | નવી સેવામાં નિમણૂંક પામેલ કર્મચારી વિકલ્પ આપી જુની જગા પર |

JH SOLANKI (PVU) DAT

| | | |
|---|---|---|
| | ૭૫-મ મુજબ. | મળેલ ઉચ્ચત્તર પગાર ધોરણ ચાલુ રાખે અથવા રદ કરી શકે છે. જો ઉચ્ચત્તર પગાર ધોરણ ચાલુ રાખે તો નવી જગામાં જોડાયા તારીખથી દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય. જો જુની જગા પર મળેલ ઉચ્ચત્તર પગાર ધોરણ રદ કરે તો નવી સેવામાં જોડાયા તારીખથી પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય. |
| ૫ | નાણા વિભાગના તા.૬-૫-૦૯,ના પત્ર નં. પગર-૧૦૨૦૦૯-૧૩૬-મ મુજબ. | સ્વ-વિનંતીથી જિલ્લા ફેરબદલીના કેસમાં નામ.કોર્ટના ચુકાદા મુજબ સળંગ નોકરી ગણી ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવાનું થાય. |
| ૬ | નાણા વિભાગના તા.૭-૩-૧૧,ના પત્ર ક્રમાંક: પગર-૧૦-૨૦૧૧-૧૦૨૯૫૮૬-મ મુજબ. | બિન-સરકારી માધ્યમિક શાળાના જુનિયર કલાર્કને બીજુ અને સીનીયર કલાર્કને પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ રૂ.૫૦૦૦-૮૦૦૦/- મળવાપાત્ર થાય. વિદ્યાર્થીની સંખ્યા ધ્યાને લેવાની નથી. |
| ૭ | નાણા વિભાગના તા.૩૦-૫-૧૨,ના પત્ર ક્રમાંક: પગર-૧૦૨૦૧૧-ઓ-૨૦-મ મુજબ. | તા.૨-૦૭-૦૭ પહેલા મહત્તમ તબક્કે પહોંચેલ કર્મચારીને મહત્તમ તબક્કે પહોંચ્યા તારીખથી એક વર્ષ બાદ ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય. મહત્તમ તબક્કે પહોંચ્યા બાદ એક વર્ષ ઉમેરતાં તા.૨-૦૭-૦૭ પહેલાની તારીખ હોવી જોઈએ. નાણા વિભાગના તા.૧૮-૦૨-૧૧,ના ઠરાવના ઠરાવ ક્રમાંક: પગર-૧૦૦૯-૫૬-પ.એ.(મ)ના ફકરા નં.(૨)(ખ)થી ઉક્ત બાબતે જોગવાઈ થયેલ છે. |
| ૮ | નાણા વિભાગના તા.૧-૧૨-૧૧,ના પત્ર ક્રમાંક: પગર-૧૦૦૧૧-ઓ-૪૧૯-મ મુજબ. | તા.૨-૭-૦૭,ના ઠરાવ પહેલા નિવૃત/અવસાનના કેસમાં પહેલા તા.૧૬-૦૮-૯૪,ના ઠરાવ મુજબ દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવાનું થાય. તા.૧૬-૦૮-૯૪,ના ઠરાવ મુજબ દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થતું ન હોય તો તા.૨-૦૭-૦૭,ના ઠરાવ મુજબ દ્વિતીય ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થાય. |

JH SOLANKI (PVU) DAT

| | | |
|---|---|---|
| ૯ | પંચાયત વિભાગના તા.૨૧-૬-૧૨,ના પત્ર ક્રમાંકઃ ઉપધ-૧૦૨૦૧૧-૧૬૩૭-ડ મુજબ. | સર્વોદય યોજનાના કર્મચારીઓને પંચાયત સેવામાં સમાવ્યા તા.૧-૪-૮૭,થી ૯ વર્ષ ગણી પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવાપાત્ર થાય. |
| ૧૦ | નાણા વિભાગના તા.૨૪-૯-૧૩,ના પત્ર ક્રમાંકઃ પગર-૧૦૨૦૧૩-યુઓ-પગાર એકમ મુજબ. | તા.૧-૦૧-૦૬ બાદ એડહોક તરીકે નિમણૂંક પામેલ લેકચરરર્સને આર.ઓ.પી.-૨૦૦૯ના નિયમ-૮ હેઠળની અનુસૂચિ-ખ (એન્ટ્રી પે) નો લાભ મળવાપાત્ર નથી. |
| ૧૧ | પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગરના તા.૧-૦૫-૦૧,ના પત્ર નં.૨૯/પનશ/૧/૨૦૦૧/છ/નગરપાલિકા/૮૩૯૮-૮૪૨૯, તા.૨૩-૧૦-૦૧,ના પત્ર નં.૨૯/પનશ/૧/૨૦૦૧/છ/ગુજ તથા શિક્ષણ વિભાગના તા.૧૪-૬-૦૫,ના હુકમ ક્રમાંકઃ નશમ/૧૦૨૦૦૦/૧૦૫૩/ચ મુજબ. | નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના પ્રાથમિક શિક્ષકોને તા.૧-૦૧-૯૬ કે ત્યાર બાદ પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ રૂ.૪૫૦૦-૭૦૦૦ અને બીજુ ઉચ્ચત્તર પગાર ધોરણ રૂ.૫૦૦૦-૮૦૦૦ મળવાપાત્ર થાય. જે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં કેળવણી નિરીક્ષકની જગા મંજુર થયેલ હોય ત્યાં પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ રૂ.૫૦૦૦-૮૦૦૦ મળવાપાત્ર થાય. |
| ૧૨ | પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરના તા.૨૯-૧૦-૨૦૦૧,ના પત્ર નં.પનસ/૧/૨૦૦૧/છ/ગુજ/૧૯૨૬૫-૯૫ મુજબ. | જિલ્લા શિક્ષણ સમિતિમાંથી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં જિલ્લા ફેરબદલી પામતા શિક્ષકોને જિલ્લા શિક્ષણ સમિતિની સેવા દરમ્યાન તા.૧-૦૧-૯૬ બાદ રૂ.૫૦૦૦-૮૦૦૦/-ના પગાર ધોરણમાં પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળેલ હોય તો ઉચ્ચત્તર પગાર ધોરણ ચાલુ રાખવાનું થાય. પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણની પાત્રતા તારીખે કઈ કચેરી ખાતે સેવા બજાવે છે તે ધ્યાને લઈ પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય. |
| ૧૩ | નાણા વિભાગના તા.૧૭-૭-૧૦,ના પત્ર ક્રમાંકઃ પગર-૧૦૨૦૧૦-યુ.ઓ.૧૯૧-મ મુજબ. | તા.૧-૧-૦૬ કે ત્યાર બાદ જ્યાં બઢતીની જગાનું પે બેન્ડ અને ગ્રેડ પે અલગ અલગ હોય તેમજ પે બેન્ડ સમાન હોય અને ગ્રેડ પે અલગ હોય તેવા ઉચ્ચત્તર પગાર ધોરણના કેસોની ચકાસણી કરી આપવી. |

J H SOLANKI (PVU) DAT

| | | |
|---|---|---|
| ૧૪ | શિક્ષણ વિભાગના તા.૧૯-૯-૦૭,ના પત્ર નં. ઉમશ-૧૨૨૦૦૧-ઈએમ-૭૮-ગ.૧ મુજબ. | ગ્રંથપાલ બિનશૈક્ષણિક કર્મચારી હોઈ ૯/૨૦/૩૧ વર્ષે ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ મળવાપાત્ર નથી. એટલે કે ગ્રંથપાલને નાણા વિભાગના તા.૧૬-૦૮-૯૪ તથા તા.૨-૦૭-૦૭,ના ઠરાવ મુજબ ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ મળવાપાત્ર થાય. ગ્રંથપાલને રૂ.૪૫૦૦-૭૦૦૦/-ના પગાર ધોરણમાં ઉચ્ચત્તર પગાર ધોરણ આપવામાં આવેલ છે જે બરાબર છે. |
| ૧૫ | નાણા વિભાગના તા.૧-૨-૦૨,ના પત્ર ક્રમાંક: પગર-૧૦૨૦૦૨-૬૦૪-મ મુજબ. | નાણા વિભાગના તા.૧૬-૦૮-૯૪,ના ઠરાવના ફકરા નં.૩,થી થયેલ જોગવાઈ તથા નાણા વિભાગના તા.૧-૦૨-૦૨,ના પત્રથી થયેલ સ્પષ્ટતા મુજબ ઉચ્ચત્તર પગાર ધોરણની મંજુરી 'પાત્રતા તારીખ' ધ્યાનમાં લઈને જ આપવાની રહે છે. પાત્રતાની તારીખ માટે કોઈ વિકલ્પ કે માંગણી કરવા/ના કરવાનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. |
| ૧૬ | નર્મદા જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના તા.૨૯-૧-૯૦,ના ઠરાવ નં.એપીપી/૧૦૮૩/ડી.૬૩૧/૬/ગ મુજબ. | જળસંપત્તિ વિભાગ હસ્તકના કારકુનો/મીસ્ત્રી/કેનાલ ઈન્સ્પેકટરને હંગામી વર્ક આસીસ્ટન્ટ તરીકે લઈ શકાશે નહી તેઓને વર્કચાર્જ વર્ક આસીન્ટન્ટ તરીકે નિમણૂંક આપી શકાશે તેમ જણાવેલ છે. જેથી નાણા વિભાગના તા.૧૬-૮-૯૪,ના ઠરાવના ફકરા નં.૩(૩૧) તથા તા.૨-૦૭-૦૭,ના ઠરાવના ફકરા નં.૧(૪) મુજબ કામ પૂરતા મહેકમ પરના કર્મચારીને (વર્કચાર્જ એસ્ટાબ્લીશમેન્ટ) ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ મળવાપાત્ર થાય નહીં તેમ જણાવેલ છે. |
| ૧૭ | નાણા વિભાગના તા.૫-૧૦-૯૩,ના ઠરાવ ક્રમાંક: પગર-૧૧૯૩-૩૫-મ મુજબ. | કામપૂરતા મહેકમના કર્મચારીઓની કામપૂરતા મહેકમ પરની સેવા પ્રવરતાના હેતુ માટે ધ્યાને લેવાતી નથી. ઉચ્ચત્તર પગાર ધોરણના હેતુ માટે પ્રવરતા માટે ગણતરીમાં લેવાતી સેવાને જ ધ્યાને લેવામાં આવે છે. |



JH SOLANKI (PVU) DAT

| | | |
|---|---|---|
| | | એટલે કામપૂરતા મહેકમના કર્મચારીઓને હંગામી મહેકમ પરની નિમણૂંકની તારીખથી પ્રવરતા ગણાતી હોવાથી ઉચ્ચત્તર પગાર ધોરણના હેતુ માટે પ્રવરતા માટે ગણાતી સેવાને જ ગણતરીમાં લેવાની રહેશે. |
| ૧૮ | નાણા વિભાગના તા.૧૬-૦૮-૯૪,ના ઠરાવના ફકરા નં.૩(૨૦) તથા તા.૨-૦૭-૦૭,ના ઠરાવના ફકરા નં.૩(૪)થી થયેલ જોગવાઈ તેમજ નાણા વિભાગના તા.૬-૦૮-૧૬,ના પત્ર ક્રમાંક: તસમ-૧૦૨૦૧૫-૧૬૧૩-ધ,થી થયેલ સ્પષ્ટતા મુજબ. | તા.૫-૦૭-૯૧ પછી કોઈ પણ કારણસર બઢતીનો અસ્વીકાર કરનાર કર્મચારીને સમગ્ર નોકરી દરમ્યાન ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય નહી. તા.૬-૦૮-૧૬,ના પત્રથી બઢતી અસ્વીકાર કરવાવાળા કર્મચારીઓને ઉચ્ચત્તર પગાર ધોરણ યોજનાનો લાભ મળવાપાત્ર નથી તે હયાત જોગવાઈમાં કોઈ સુધારા/છુટછાટ આપવા જોગ જણાતું નથી તેમ જણાવેલ છે. |
| ૧૯ | નાણા વિભાગના તા.૬-૦૪-૯૦,ના ઠરાવ ક્રમાંક: PGR-1088-1142-CH મુજબ. | કર્મચારી ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર થયાના હુકમની તારીખથી એક માસમાં આગામી ઈજાફા તારીખે પગાર બાંધણી સ્વીકારવાનો વિકલ્પ આપી શકે. |
| ૨૦ | નાણા વિભાગના તા.૩૦-૦૬-૧૪,ના ઠરાવ ક્રમાંક: પગર-૧૦૨૦૧૪-યુ.ઓ.૫૦૦-ચ મુજબ. | તા.૬-૦૪-૯૦,ના ઠરાવ મુજબ આપેલ વિકલ્પ બદલવા નાણા વિભાગની મંજુરી મેળવવાની રહે છે. |
| ૨૧ | નાણા વિભાગના તા.૩૧-૦૩-૯૪,ના ઠરાવ ક્રમાંક: પગર-૧૧૯૪-૪૦-મ મુજબ. | વહીવટી કારણોસર સંવર્ગ બદલાયેલ હોય તો અગાઉની નોકરી ધ્યાને લઈ ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય. |
| ૨૨ | નાણા વિભાગના તા.૨૪-૦૯-૦૮,ના ઠરાવ ક્રમાંક: એસડીજે-૧૦૨૦૦૮-૮૧૦-ચ મુજબ. | કોઈ કારણસર સેવાપોથી ગુમ થાય/નાશ પામે તો ડુપ્લીકેટ સેવાપોથીને અસલ સેવાપોથી તરીકે માન્યતા આપવાની સત્તા જે તે વહીવટી વિભાગને આપેલ છે. |
| ૨૩ | નાણા વિભાગના તા.૩-૧૨-૦૯,ના પરિપત્ર ક્રમાંક: | નિયત તકમાં ખાતાકીય પરીક્ષા પાસ કરવાની શરતે દ્વિતીય ઉચ્ચત્તર |

JH SOLANKI (PVU) DAT

| | | |
|---|---|---|
| | પગર/૧૦૦૯/૮૦/મ મુજબ. | પગાર ધોરણ મંજુર કરી શકાય. |
| ૨૪ | સામાન્ય વહીવટ વિભાગના તા.૨૬-03-03,ના ઠરાવ ક્રમાંક: ખતપ-૧૦-૨003-૧૫-ક મુજબ. | ખાતાકીય પરીક્ષાનું પરિણામ પસિધ્ધ થયા તારીખથી (જાહેરનામા તારીખ) ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય. |
| ૨૫ | નાણા વિભાગના તા.૧૬-૦૮-૯૪ના ઠરાવના ફકરા નં.૩(૨૨) તથા તા.૨-૦૭-૦૭,ના ઠરાવના ફકરા નં.૩(૬) મુજબ. | વિકલ્પ તારીખથી પગાર બાંધણી સ્વીકારવામાં આવેલ હોય તો વિકલ્પ તારીખથી દ્વિતીય/તૃતિય ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય. |
| ૨૬ | નાણા વિભાગના તા.૧૬-૦૮-૯૪,ના ઠરાવના ફકરા નં.૩(૯) તથા તા.૨-૦૭-૦૭,ના ઠરાવના ફકરા નં.૨(૬) મુજબ. | ખાતાકીય પરીક્ષા પાસ કર્યા તારીખથી ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય. |
| ૨૭ | નાણા વિભાગના તા.૧૬-૦૮-૯૪,ના ઠરાવના ફકરા નં.૩(૫) તથા તા.૨-૦૭-૦૭,ના ઠરાવના ફકરા નં.૨-૧૨(અ) મુજબ. | ઉચ્ચત્તર પગાર ધોરણવાળી જગ્યા ઉપર નિમણૂંક કરનાર સત્તાધિકારી, પાત્ર કર્મચારીઓને ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવા સક્ષમ ગણાશે. |
| ૨૮ | નાણા વિભાગના તા.૧૬-૦૮-૯૪,ના ઠરાવના ફકરા નં.૩(૮) તથા તા.૨-૦૭-૦૭,ના ઠરાવના ફકરા નં.૨(૧૬) મુજબ. | બઢતીની જગ્યા તા.૧-૦૬-૮૭ પછી અમલમાં આવેલ હોય તો ઠરાવ સાથે સામેલ અનુસૂચિ મુજબ ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય. |
| ૨૯ | નાણા વિભાગના તા.૨૯-૦૯-૯૪,ના ઠરાવ ક્રમાંક: પગર-૧૧૯૪-૪૯-મ મુજબ. | ઉચ્ચત્તર પગાર ધોરણની પગાર બાંધણી ચકાસણી માટે નિયત નમુનામાં પત્રક રજુ કરવા ઠરાવેલ છે. પત્રક-૩ કર્મચારી માટે તથા પત્રક-૪ શિક્ષકો માટે નિયત થયેલ છે. |
| ૩૦ | નાણા વિભાગના તા.૩-૧૦-૧૨,ના ઠરાવ ક્રમાંક: પગર-૧૦૨૦૧૨-૪૩૫૩૮૭-મ મુજબ. | કર્મચારીને સેવામાં મળેલ પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ અને દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણની પાત્રતા તારીખ વચ્ચેના સમયગાળા દરમ્યાન જે સંવર્ગનું પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળેલ હોય તે જ સંવર્ગમાં બઢતી મળવાને બદલે વિશેષ શૈક્ષણિક લાયકાતને કારણે અન્ય સંવર્ગમાં બઢતી મળી હોય તો બઢતી મળ્યા તારીખથી ૧૫ વર્ષે દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય. પટાવાળા સંવર્ગમાં એકાકી સંવર્ગનું |

| | | |
|---|---|---|
| | | પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળેલ હોય ત્યાર બાદ કલાર્ક સંવર્ગમાં કે અન્ય સંવર્ગમાં બઢતી મળેલ હોય તો બઢતી મળ્યા તારીખથી ૧૫ વર્ષે દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય. |
| ૩૧ | શિક્ષણ વિભાગના તા.૨૩-૦૬-૧૬,ના ઠરાવ ક્રમાંક: બમશ-૧૩૧૦-૧૨૦૧-ગ મુજબ. | તા.૩૦-૦૬-૯૮ થી તા.૩૧-૦૩-૧૬,ના સમયગાળા દરમ્યાન નિમણૂંક પામેલ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક ફાજલ થયેલ/થનાર કર્મચારીઓને ફાજલ તરીકેનું રક્ષણ આપવાનું થાય. |
| ૩૨ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૮-૦૭-૧૬,ના ઠરાવ ક્રમાંક: ઉપધ/૧૦૨૦૧૬/૧૦૦૮/ડ મુજબ. | પંચાયત સેવાના વર્ગ-૩,ના કર્મચારીઓને વર્ગ-૨, વર્ગ-૧ના ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવાની સત્તા જિલ્લા વિકાસ અધિકારીને આપેલ છે. |
| ૩૩ | નાણા વિભાગના તા.૨-૦૭-૦૭,ના ઠરાવના ફકરા નં.૨(૧૯) મુજબ. | વર્ગ-૪ના કર્મચારીઓને સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩-૦૫-૦૬,ના ઠરાવ બાદ રૂ.૨૫૫૦-૩૨૦૦/-માં નિયમિત નિમણૂંક આપી રૂ.૨૬૧૦-૩૫૪૦/-ના પગાર ધોરણમાં પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ તથા રૂ.૨૬૫૦-૪૦૦૦/-ના પગાર ધોરણમાં દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય.<br>તા.૨૩-૦૫-૦૬ પહેલા નિમણૂંક પામેલ વર્ગ-૪ના કર્મચારીને ૨૬૧૦-૩૫૪૦/-ના પગાર ધોરણમાં પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ તથા રૂ.૨૬૫૦-૪૦૦૦/-ના પગાર ધોરણમાં દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય. |
| ૩૪ | નાણા વિભાગના તા.૪-૦૨-૧૫,ના ઠરાવ ક્રમાંક: તસમ-૨૦-૨૦૧૪-૨૮૧૧-ધ તથા તા.૬-૦૭-૧૫,ના ઠરાવ ક્રમાંક: તસમ-૨૦-૨૦૧૪-૨૮૧૧-ધ મુજબ. | તા.૧-૦૪-૧૫,થી રાજ્ય સરકાર/પંચાયત કર્મચારીઓ તથા સહાયક અનુદાન મેળવતી સંસ્થાના કર્મચારીઓની પગાર બાંધણી ચકાસણી હિસાબ અને તિજોરી નિયામકની કચેરી ખાતેના પગાર ચકાસણી એકમ (PVU) ને સોંપાયેલ છે. |

J H SOLANKI (PVU) DAT

| | | |
|---|---|---|
| ૩૫ | નાણા વિભાગના તા.૫-૦૪-૦૪,ના ઠરાવ ક્રમાંક: પગર-૧૦૨૦૦૪-૮૩-મ મુજબ. | એકાકી સંવર્ગમાં રૂ.૬૫૦૦-૧૦૫૦૦ કે તેથી ઉપરના પગાર ધોરણમાં ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર હોય તો સંબંધિત વહીવટી વિભાગ કક્ષાએ મંજુર કરવાનું થાય. |
| ૩૬ | સમાજ સુરક્ષા ખાતાના ભરતી નિયમો મુજબ. | બઢતી મેળવવા ૧૦ વર્ષનો અનુભવ જરૂરી હોઈ સરકારી અંધ શાળાના શિક્ષકોને ૧૦ વર્ષે પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય. ૯ વર્ષે મળવાપાત્ર થાય નહી. વહીવટી સંવર્ગ હોઈ તા.૧૬-૦૮-૯૪ તથા તા.૨-૦૭-૦૭,ના ઠરાવ મુજબ ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય. |
| ૩૭ | સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩-૦૫-૦૬,ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૨૦૦૪/૧૬૧૯/ગ.૨ મુજબ. | વર્ગ-૪ની તમામ જગા એકાંકી ગણેલ હોઈ એકાંકી સંવર્ગમાં જ ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય. વિશેષ શૈક્ષણિક લાયકાતના આધારે બઢતી આપી શકાય. |
| ૩૮ | અગ્ર મુખ્ય વનસંરક્ષકશ્રી, ગાંધીનગરના તા.૨૨-૧૧-૧૭,ના પત્ર ક્રમાંક: મહક/૮/બ/૧૨૫૬૪-૬૫/૨૦૧૭-૧૮ મુજબ. | વન અને પર્યાવરણ વિભાગના ૩૧-૦૩-૦૮,ના ઠરાવ તથા તા.૬-૦૬-૦૯,ના ઠરાવથી તા.૧-૦૪-૦૮ પછી એસ.એસ.સી. પાસ હોય તેવા વનરક્ષક/વન વિસ્તરણ મદદનીશને રેન્જ ફોરેસ્ટ ઓફિસરમાં બઢતી/ઉચ્ચત્તર પગાર ધોરણ આપી શકાય તેવી જોગવાઈ થયેલ છે. |
| ૩૯ | વન અને પર્યાવરણ વિભાગના તા.૬-૦૩-૧૭,ના પત્ર નં.પગર-૩૪૧૭-૪૮૬-ડી-૨ મુજબ. | વનરક્ષક સંવર્ગના કર્મચારીઓના તા.૭-૦૮-૨૦૦૪ પછીની પાત્રતા ધરાવતા રૂ.૫૫૦૦-૯૦૦૦/-ના પગાર ધોરણમાં દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ વિભાગ કક્ષાએથી મંજુર કરવાનું થાય. |
| ૪૦ | નાણા વિભાગના તા.૪-૧૨-૦૯,ના પત્ર ક્રમાંક: પરચ-૧૦૨૦૦૯-૭૧૭-પી મુજબ. | પુન: નિયુક્ત થયેલ મીલીટરી પેન્શનરોની પગાર બાંધણી ચકાસણી PVU દ્વારા કરવાની થાય. |
| ૪૧ | નાણા વિભાગના તા.૧૭-૦૮-૮૮,ના ઠરાવ ક્રમાંક: | પુન: નિયુક્ત થયેલ મીલીટરી પેન્શનરોના પગાર વિનિયમિત કરવાની |

J H SOLANKI (PVU) DAT

| | | |
|---|---|---|
| | એનવીટી/૩૨૮૬/જીઓઆઈ/૯૫/પી મુજબ. | જોગવાઈ થયેલ છે. |
| ૪૨ | ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો-૨૦૦૨,ના નિયમ-૧૭૨, ૧૮૦ મુજબ. | પુનઃ નિયુક્ત થયેલ મીલીટરી પેન્શનરોની પગાર બાંધણી કરવાની થાય છે. |
| ૪૩ | ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો-૨૦૦૨,ના નિયમ-૧૮૨ મુજબ. | પુનઃ નિયુક્ત થયેલ મીલીટરી પેન્શનરોની પગાર બાંધણી ખાતાના વડાની કચેરી દ્વારા કરવાની થાય છે. |
| ૪૪ | નાણા વિભાગના તા.૧૭-૦૨-૧૮,ના પત્ર ક્રમાંક: પગર-૧૦૨૦૧૬-ઓ-૫૦૧-પગાર એકમ,થી થયેલ સ્પષ્ટતા મુજબ. | કર્મચારી જે તે સમયે અમલમાં રહેલ નિયમો અને સંજોગોને ધ્યાને લઈ લાભદાયી વિકલ્પ આપે તે મુજબ પગાર બાંધણીનો લાભ આપવામાં આવે છે, પરંતુ જ્યારે કોઈ નિયમોમાં ફેરફાર થાય કે પગાર બાંધણીની શરતો/સંજોગોમાં ફેરફાર થાય તેવા સંજોગોમાં નવેસરથી પગાર બાંધણી કરવાની થતી હોય ત્યારે કર્મચારીને નવેસરથી પગાર બાંધણી સંદર્ભે યોગ્ય અને લાભદાયી વિકલ્પ આપવાનો હક્ક છે તેમ જણાવેલ છે. જે કેસમાં વહીવટી કારણોસર પ્રાશ્ચાતવર્તી અસરથી સંભાવ્યા તારીખ (ડીમડેઈટ)નો લાભ આપવામાં આવે ત્યારે કર્મચારી અગાઉ આપેલ વિકલ્પ બદલી શકે છે. |
| ૪૫ | સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા.૧૩-૦૨-૦૬,ના પત્ર ક્રમાંક: પરચ-૧૦૨૦૦૫-૧૦૦૦-૪૨(૦૬)-ગ-૨ તથા નાણા વિભાગના તા.૧૨-૦૭-૮૮,ના પરિપત્ર નં.ઈસીઆર-૧૦૮૮-૨૦૧૯-એમ તથા નાણા વિભાગના તા.૧૫-૧૦-૮૮,ના પરિપત્ર નં.ઈસીઆર-૧૦૮૮-૨૫૩-એમ તથા નિરીક્ષક, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, અમદાવાદના તા.૧૩-૦૯-૯૬,ના પત્ર નં.એલ/એચક્યુ/પે.વે.ટેક-૪/૨૧૬૨ મુજબ. | ડીમડેઈટની પગાર બાંધણી ચકાસણી PVU દ્વારા કરવાની થતી નથી. ત્યાર બાદના પગાર સુધારણા નિયમો અન્વયે થયેલ પગાર બાંધણી ચકાસણી PVU દ્વારા કરવાની થાય. |



J H SOLANKI (PVU) DAT

| | | |
|---|---|---|
| ૪૬ | મહિલા અને બાળ વિકાસ વિભાગના તા.૧૪-૦૮-૧૭,ના ઠરાવ ક્રમાંક: આઈસીડી-૧૦૨૦૧૬-૪૪૪૩૭૪-બ તથા તા.૨૨-૦૧-૧૮,ના સુધારા ઠરાવ ક્રમાંક: આઈસીડી-૧૦૨૦૧૬-૪૪૪૩૭૪-બ મુજબ. | ૧. તા.૧૪-૦૮-૧૭,ના ઠરાવથી મુખ્ય સેવિકાના ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવાની સત્તા જિલ્લા વિકાસ અધિકારીશ્રીને સુપ્રત થયેલ છે તથા તા.૧૪-૦૧-૯૩ પહેલા પાત્રતા તારીખથી પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય તેમજ તા.૧૪-૦૧-૯૩ બાદના કેસમાં નિયત તકમાં ખાતાકીય પરીક્ષા પાસ કરેલ ન હોય તો પરીક્ષા પાસ કર્યા તારીખથી પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય.<br>૨. તા.૨૨-૦૧-૧૮,ના સુધારા ઠરાવથી મુખ્ય સેવિકાને તા.૧૬-૦૮-૯૪ તથા તા.૨-૦૭-૦૭,ના ઠરાવ સાથે સામેલ અનુસૂચિ મુજબનું ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય. |
| ૪૭ | પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, ગાંધીનગરના તા.૧૪-૧૨-૧૮,ના પરિપત્ર ક્રમાંક: ઉપધ/૧૦૨૦૧૫/૫૭૫/ડ મુજબ. | પંચાયત સેવાના પશુધન નિરીક્ષકને એકાકી જગા ગણી ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવાની સૂચના થયેલ છે. તા.૧-૦૧-૯૬ પહેલા પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર હોય તે કેસમાં રૂ.૧૪૦૦-૨૬૦૦/-ના પગાર ધોરણમાં પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળે, જ્યારે તા.૧-૦૧-૯૬ બાદ પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર હોય તે કેસમાં રૂ.૪૫૦૦-૭૦૦૦/-ના પગાર ધોરણમાં પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય. |
| ૪૮ | નાણા વિભાગના તા.૩૦-૦૮-૧૦,ના જાહેરનામા નં.(જીએન-૩૧)-ટીએસએમ/૧૨૨૦૦૬/૨૮૨૯/ધ મુજબ. | પંચાયત સેવાના હિસાબી સંવર્ગના કર્મચારીને ડી.એ.ટી. કચેરી ખાતે સમાવેશ કરેલ છે. નોટીફીકેશન તારીખથી ત્રણ વર્ષ/ત્રણ તકમાં ખાતાકીય પરીક્ષા પાસ કરવાની થાય. |
| ૪૯ | નાણા વિભાગના તા.૬-૦૯-૧૧,ના પત્ર ક્રમાંક: પગર-૧૦૦૯-૨૧-પગાર એકમ મુજબ તથા નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, | નગરપાલિકાના કર્મચારીઓની આર.ઓ.પી.-૨૦૦૯ની પગાર બાંધણી ચકાસણીની કામગીરી PVU દ્વારા કરવાની થાય છે. |



JH SOLANKI PVU DAT

| | | |
|---|---|---|
| | ગાંધીનગરની કચેરીના તા.૧૬-૦૧-૧૨,ના પત્ર નં.એલ/એચ.ક્યુ./ટેક-૪/૨૦૧૨/૧૦૮ મુજબ. | |
| ૫૦ | નાણા વિભાગના તા.૨૬-૦૬-૧૪,ના ઠરાવ ક્રમાંકઃ પગર-૧૦૨૦૧૪-૯૦-પગાર એકમ(મ) મુજબ. | આર.ઓ.પી.-૨૦૦૯ હેઠળ કર્મચારીને સીનીયર સ્કેલ અને સીલેકશન ગ્રેડ મંજુર કરવામાં આવતા ગુજરાત રાજ્ય સેવા (પગાર) નિયમો-૨૦૦૨,ના નિયમ-૧૩ મુજબ પગાર નિયત કરવાનો રહેશે. |
| ૫૧ | શિક્ષણ વિભાગના તા.૧૮-૦૧-૧૨,ના જાહેરનામા ક્રમાંકઃ જીએચ/એસએચ/૨/પીઆરઈ/૧૧૧૧/સીંગલ ફાઈલ/૩/ક મુજબ. | પાંચ વર્ષનો વિદ્યાસહાયક તરીકેનો અનુભવ અને મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી (HTAT) પાસ કરેલ હોય તેવા મદદનીશ શિક્ષકને મુખ્ય શિક્ષક તરીકે બઢતી આપવાની જોગવાઈ થયેલ છે. |
| ૫૨ | શિક્ષણ વિભાગના તા.૨૨-૦૫-૯૮,ના પરિપત્ર ક્રમાંકઃ બમશ-૧૦૯૭-એમએલએ-૬-૯૭ મુજબ. | શૈક્ષણિક કાર્ય સાથે સંકળાયેલ શૈક્ષણિક/બિનશૈક્ષણિક કર્મચારીઓને નિવૃત્તિ વય બાદ જે તે સત્રના અંત સુધી સેવામાં ચાલુ રાખવાનો લાભ આપવામાં આવેલ છે, પરંતુ તેમને નિવૃત્તિ વય બાદથી સત્રના અંત સુધી કરેલી સેવા ઈજાફા, પેન્શન તેમજ નિવૃત્તિ સહિતના અન્ય કોઈ લાભ માટે ગણતરીમાં લેવાની રહેશે નહીં તેવી જોગવાઈ થયેલ છે. |
| ૫૩ | પં.ગ્રા.ગૃહ નિ. અને ગ્રા.વિ. વિભાગના તા.૧૪-૧૧-૧૮,ના ઠરાવ ક્રમાંકઃ પીઆરઆર/૨૦૧૪/૨૫૨૦/ડ તથા ન.જ.સં.પા.પુ. અને કલ્પસર વિભાગના તા.૧૪-૦૯-૧૮,ના પત્ર ક્રમાંકઃ પગર-૧૦૨૦૦૯-૧૯૯૪-૨૩-ગ.૨,થી થયેલ સ્પષ્ટતા મુજબ. | ૧. વર્ક આસિસ્ટન્ટમાં રૂપાંતર પહેલા ૯ વર્ષે રૂ.૯૫૦-૧૫૦૦/ના વિદ્યમાન પગાર ધોરણમાંથી એકાકી સંવર્ગનું રૂ.૧૨૦૦-૨૦૪૦/ના પગાર ધોરણમાં પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય અથવા વર્ક આસિસ્ટન્ટમાં રૂપાંતર બાદ પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય.<br>૨. દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ વખતે કર્મચારી તાલીમાંત પરીક્ષા પાસ હોવા જોઈએ.<br>૩. કર્મચારીની નિમણૂંક હંગામી હોવી જોઈએ.<br>૪. વર્ક આસી.ની જગ્યામાં રૂપાંતર કરતી વખતે નિયમ-૧૧(૧) મુજબ |

JH SOLANKI, PVU, DAT

| | | |
|---|---|---|
| | | કાલ્પનિક ઈજાફાનો લાભ મળવાપાત્ર નથી.<br>૫. વર્ક આસી.ની નિમણૂંક સીધી ભરતીની નિમણૂંક નથી/નવી સેવામાં નિમણૂંક નથી. જેથી નાણા વિભાગના તા.૧-૦૫-૦૨,ના ઠરાવની જોગવાઈ લાગુ પડે નહીં. |
| ૫૪ | ગુજરાત નાણાકીય નિયમો-૧૯૭૧,ના નિયમ-૧૬૧ મુજબ. | નિયમ વિરૂધ્ધ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર થયેલ હોય તો વધુ ચુકવાયેલ પગાર-ભથ્થાંની વસુલાત કરવાની થાય. |
| ૫૫ | ગુજરાત રાજ્ય સેવા (પગાર) નિયમો-૨૦૦૨,ના નિયમ-૧૩ મુજબ. | કેરિયર એડવાન્સમેન્ટ સ્કીમ હેઠળ મંજુર થયેલ પગાર ધોરણની પગાર બાંધણી કરવાની થાય. નાણા વિભાગના તા.૨૬-૬-૧૪,ના ઠરાવ ક્રમાંક: પગર-૧૦૨૦૧૪-૯૦-પગાર એકમ(મ) મુજબ સીનીયર સ્કેલ અને સીલેકશન ગ્રેડની પગાર બાંધણી ઉક્ત નિયમ મુજબ કરવાની થાય. |
| ૫૬ | નાણા વિભાગના તા.૫-૦૬-૧૭,ના પરિપત્ર ક્રમાંક: પગર/૧૦૨૦૧૭/૧૦/પગાર એકમ મુજબ. | ૧. ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૨૦૧૬ અમલ બાદ પણ કર્મચારી ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો-૨૦૦૨ના નિયમ-૧૨,ની જોગવાઈ અનુસાર બઢતી/ઉચ્ચત્તર પગાર ધોરણના કેસમાં કર્મચારી તેની આગામી ઈજાફાની તારીખથી પગાર બાંધણીનો વિકલ્પ આપી શકે છે.<br>૨. ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૨૦૧૬ના નિયમ-૧૨ મુજબ જો સમાન તબક્કો આવતો હોય તો સમાન તબક્કે (સમાન લેવલ) અથવા સમાન તબક્કો ન આવતો હોય તો ત્યાર પછીના તબક્કે (ત્યાર પછીનું લેવલ) પગાર નક્કી કરવાનો થાય. |
| ૫૭ | કાયદા વિભાગના તા.૨૬-૦૬-૦૯,ના નોટીફીકેશન નં. GK/09/2009/PAY/102008/II-3435-D મુજબ. | ન્યાયિક અધિકારીઓને એસ્યોર્ડ કેરિયર પ્રોગ્રેસન (એ.સી.પી.) યોજનાનો લાભ આપવાની જોગવાઈ થયેલ છે. નોટીફીકેશનના ક્રમ-૯,થી થયેલ |

J H SOLANKI (PVU) DAT

| | | |
|---|---|---|
| | | જોગવાઈ મુજબ સીવીલ જજ કેડરમાં ૫ વર્ષ પૂર્ણ થતાં રૂ.૩૩૦૯૦-૪૫૯૩૦/ના પગાર ધોરણમાં પ્રથમ એ.સી.પી. તથા ૧૦ વર્ષ પૂર્ણ થતાં રૂ.૩૯૬૦૦-૫૪૧૩૦/-ના પગાર ધોરણમાં દ્વિતીય એ.સી.પી. તેમજ સીનીયર સીવીલ જજ કેડરમાં ૫ વર્ષ પૂર્ણ થતાં રૂ.૪૩૭૭૦-૫૬૬૧૦/-ના પગાર ધોરણમાં પ્રથમ એ.સી.પી. તથા ૧૦ વર્ષ પૂર્ણ થતાં રૂ.૫૧૬૫૦-૬૩૨૬૦/-ના પગાર ધોરણમાં દ્વિતીય એ.સી.પી. મળવાપાત્ર થાય છે. |
| ૫૮ | નાણા વિભાગના તા.૩-૧૦-૨૦૦૦,ના ઠરાવ ક્રમાંક: પીજીઆર-૧૦૨૦૦૦-૬૭-મ મુજબ. | પગાર સુધારણાનો લાભ આપવામાં આવે ત્યારે જે તારીખથી પગાર સુધારણાનો લાભ મળે તે તારીખથી એક વર્ષ બાદ આગામી ઈજાફો મળવાપાત્ર થાય. |
| ૫૯ | નાણા વિભાગના તા.૧૯-૦૮-૧૪,ના ઠરાવ ક્રમાંક: ૧૦૨૦૧૪-યુ.ઓ.૪૧૪-ચ મુજબ. | કર્મચારી/અધિકારી કેન્દ્ર સરકારની સેવામાંથી રાજ્ય સરકારની સેવામાં જોડાય તો ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો-૨૦૦૨,ના નિયમ-૨૩,ની જોગવાઈને આધીન પગાર રક્ષણ આપવાનું રહેશે. વર્ગ-૩ના કર્મચારીના કિસ્સામાં રાજ્ય સરકારે ફીક્સ પગારથી નિમણૂંક આપવાની નિતિ નક્કી કરેલ છે. જેથી કેન્દ્ર સરકારના કર્મચારી રાજ્ય સેવામાં નિમણૂંક પામે તો પાંચ વર્ષ બાદ ફીક્સ પગારમાંથી નિયમિત પગાર ધોરણમાં નિમણૂંક પામે ત્યારે પગાર રક્ષણનો લાભ મળવાપાત્ર થાય. |
| ૬૦ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૭-૧૦-૯૪,ના ઠરાવ ક્રમાંક: જીએચએસ-૧૦૯૪-૨૮૪૨-ત મુજબ. | તા.૧૪-૧૧-૯૧ કે ત્યાર બાદ ૬, ૭, ૬ વર્ષે ટીકુ કમીશનની ભલામણ મુજબ ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ આપવાનો થાય છે. તા.૧૪-૧૧-૯૧,ના રોજ ૬ વર્ષની સેવા પૂર્ણ કરેલ હોય તેવા કર્મચારીને તા.૧૪-૧૧-૯૧,થી પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવાનું થાય, ત્યાર બાદ એટલે કે, તા.૧૪-૧૧-૯૧,થી ૭ વર્ષ ગણી દ્વિતીય ઉચ્ચત્તર |

JH SOLANKI PVU DAT

| | | |
|---|---|---|
| | | પગાર ધોરણ તથા દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર થયા તારીખથી ૬ વર્ષે તૃતિય ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવાનું થાય. |
| ૬૧ | નાણા વિભાગના તા.૩૦-૧૧-૧૦,ના પરિપત્ર ક્રમાંક: પગર-૧૦-૨૦૧૦-૫૬૧૨૪૩-મ તથા નાણા વિભાગના તા.૨૬-૦૭-૧૦,ના પત્ર ક્રમાંક: પગર-૧૦-૨૦૧૦-૫૬૧૨૪૩-મ મુજબ. | નામ.ટ્રીબ્યુનલ કે કોર્ટનો ચુકાદો નિયમો સાથે સુસંગત ન હોય અને તેના અમલમાં નાણાકીય બાબત સંકળાયેલી હોય તો નાણા વિભાગની મંજુરી મેળવીને કેસની ચકાસણી PVU દ્વારા કરવાની થાય. |
| ૬૨ | નાણા વિભાગના તા.૧૩-૦૫-૧૩,ના ઠરાવ ક્રમાંક: પગર-૧૦૨૦૧૦-૭૯૦૬૨૭-મ મુજબ. | આંતર જિલ્લા/ખાતા ફેરબદલીના કિસ્સામાં પગાર ધોરણ અને સંવર્ગ બદલાતા ન હોય અને સેવામાં તુટ ન હોય આવી અગાઉના જિલ્લા/ખાતાની સેવા ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવા ગણતરીમાં લેવામાં આવશે. |
| ૬૩ | નાણા વિભાગના તા.૨૮-૦૭-૧૫,ના ઠરાવ ક્રમાંક: પગર/૧૦૨૦૧૫/૫૪૪૭૪૩/મ મુજબ. | ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૧૯૮૭ હેઠળ નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળના અધિક મદદનીશ ઈજનેર સંવર્ગના કર્મચારીઓને તા.૧-૦૧-૮૬,થી પગાર ધોરણ રૂ.૪૨૫-૭૦૦/-ની સામે રૂ.૧૬૪૦-૨૯૦૦/- આપવાનું ઠરાવેલ છે. તા.૧-૦૪-૯૨ સુધીનો લાભ નોશનલ ગણવાનો રહેશે. |
| ૬૪ | ગૃહ વિભાગના તા.૫-૦૭-૧૪,ના ઠરાવ ક્રમાંક: જલમ-૫૦૨૦૧૧-૩૩૬૬-જ મુજબ. | રાજ્યની જેલ ખાતાના રક્ષક વર્ગ-૩ સંવર્ગના જેલ સિપાઈને રૂ.૫૨૦૦-૨૦૨૦૦ ગ્રેડ પે ૧૮૦૦, જેલ હવાલદારને રૂ.૫૨૦૦-૨૦૨૦૦ ગ્રેડ પે ૨૦૦૦, જેલ સુબેદારને રૂ.૫૨૦૦-૨૦૨૦૦ ગ્રેડ પે ૨૪૦૦, જેલર ગ્રુપ-૨ને રૂ.૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે ૪૪૦૦/-નું પગાર ધોરણ તા.૧/૦૧/૧૪,થી મળવાપાત્ર થાય છે. |
| ૬૫ | નાણા વિભાગના તા.૧૫-૦૯-૧૫,ના ઠરાવ ક્રમાંક: પગર- | ઉચ્ચત્તર પગાર ધોરણની પાત્રતા તારીખ પહેલા ખાતાકીય તપાસ, |

JH SOLANKI PVU DAT

| | | |
|---|---|---|
| | ૧૦૨૦૧૨-૫૬૭૭૨૯-મ મુજબ. | ફરજમોકુફી ન હોય તો ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય. |
| ૬૬ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૨૪-૧૦-૧૭,ના ઠરાવ ક્રમાંક: પગર/૧૦૨૦૧૬/૬૯૬૫૫૯/ડ તથા વિભાગના તા.૨૮-૧૧-૧૮,ના ઠરાવ ક્રમાંક: પગર/૧૦૨૦૧૬/૬૯૬૫૫૯/ડ મુજબ. | ૧. સર્કલ ઈન્સ્પેકટરની જગાઓ વિસ્તરણ અધિકારી સંવર્ગમાં તા.૧-૦૧-૧૬,થી અપગ્રેડ કરવામાં આવેલ છે.<br>૨. તા.૧-૦૧-૧૬,ની સ્થિતિએ પ્રથમ/દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ મળેલ છે તેઓને ૪૨૦૦ ગ્રેડ પે વાળા પગાર ધોરણમાં પગાર બાંધણી કર્યા બાદ સાતમા પગારપંચનો પગાર નક્કી કરવાનો થાય.<br>૩. તા.૧-૦૧-૧૬,ની સ્થિતિએ પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળેલ છે તેઓને ૨૮૦૦ ગ્રેડ પે વાળા પગાર ધોરણમાં પગાર બાંધણી કર્યા બાદ સાતમા પગારપંચનો પગાર નક્કી કરવાનો થાય.<br>૪. તા.૧-૦૧-૧૬ થી ૨૪-૧૦-૧૭ સુધીનો લાભ નોશનલ ગણવાનો રહેશે.<br>૫. તા.૧-૦૧-૧૬ બાદ પ્રથમ/દ્વિતીય ઉચ્ચત્તર પગાર અંગે/ખાતાકીય પરીક્ષા અંગે નિર્ણય લેવાયેલ નથી./ભરતી નિયમો સુધારવાના થાય. |
| ૬૭ | નાણા વિભાગના તા.૧૮-૧૧-૯૯,ના ઠરાવ ક્રમાંક: પગર-૧૦૯૯-૬૩-મ મુજબ. | ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૧૯૯૮ તા.૧-૦૧-૯૬,થી અમલમાં આવતાં બઢતીની જગ્યા અને પૂરક જગ્યાના પગાર ધોરણો એક સમાન થઈ જવાથી મુંબઈ મુલ્કી સેવા નિયમો-૧૯૫૯,ના નિયમ-૪૧૬(૧)નો લાભ મળવાપાત્ર નથી. તા.૧-૦૧-૯૬ પહેલા બઢતી પામેલ કર્મચારીનો પગાર મુંબઈ મુલ્કી સેવા નિયમો-૧૯૫૯,ના નિયમ-૪૧૬(૧) મુજબ નક્કી કરવાનો રહેશે. |
| ૬૮ | નાણા વિભાગના તા.૧૮-૦૧-૧૭,ના ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૨/ઝ.૧ મુજબ. | નાણા વિભાગની તા.૧૬-૦૨-૦૬,ની નીતિ હેઠળ નિમણૂંક પામેલ કર્મચારીઓને પાંચ વર્ષની ફીક્સ પગારની સેવા ઉચ્ચત્તર પગાર |

J H SOLANKI (PVU DAT)

| | | |
|---|---|---|
| | | ધોરણ/બઢતીના હેતુ માટે સળંગ ગણવાની જોગવાઈ થયેલ છે. |
| ૬૯ | વન અને પર્યાવરણ વિભાગના તા.૬-૦૧-૧૪,ના પત્ર ક્રમાંક: મહક-૧૮૦૯-૭૧-ક.૨ મુજબ. | વન અને પર્યાવરણ વિભાગ હસ્તકના બુલડોઝર ડ્રાઈવરોને તા.૧-૦૧-૮૬ પહેલા નિમણૂંક થયેલ હોય તો રૂ.૨૯૦-૪૮૦ સામે રૂ.૧૨૦૦-૨૦૪૦ તથા અન્ય ડ્રાઈવરોને તા.૧-૦૧-૮૬,થી રૂ.૧૨૦૦-૧૮૦૦/-નું પગાર ધોરણ મળવાપાત્ર થાય તથા તા.૧-૦૧-૮૬ બાદ અન્ય ડ્રાઈવરોને રૂ.૧૧૫૦-૧૫૦૦ મળવાપાત્ર થાય. |
| ૭૦ | નાણા વિભાગના તા.૧૯-૦૮-૧૬,ના નોટીફીકેશન નં.(GN-49)PGR-102016-2-Pay Cell,ના નિયમ-૧૨ મુજબ. | આર.ઓ.પી.-૨૦૧૬ અમલમાં આવતાં, બઢતીના કેસમાં ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૧૬ના નિયમ-૧૨ પ્રમાણે પગાર બાંધણી કરવાની થાય. કાલ્પનિક ઈજાફાનો લાભ આપી જો સમાન સેલ આવતો હોય તો સમાન સેલની રકમ અથવા સમાન સેલ ન હોય તો પછીના સેલની રકમ ધ્યાને લેવાની થાય. |
| ૭૧ | શિક્ષણ વિભાગના તા.૮-૦૩-૧૯,ના ઠરાવ ક્રમાંક: પીઆરઈ/૧૧૨૦૧૭/સીંગલ ફાઈલ-૫/ક મુજબ. | ૧. વિદ્યાસહાયકની ફીક્સ પગારના સમયગાળાની સેવાઓને બઢતી, પ્રવરતા, ઉચ્ચત્તર પગાર ધોરણ અને નિવૃત્તિ સમયે નિવૃત્તિ વિષયક લાભો માટે સેવા તરીકે ધ્યાને લેવાનું ઠરાવેલ છે.<br>૨. ફીક્સ પગારની સેવાના સમયગાળા માટે કોઈપણ પ્રકારના ઈજાફા ગણતરીમાં, નોશનલ હેતુ માટે પણ ધ્યાને લેવાના રહેશે નહીં.<br>૩. મળવાપાત્ર લાભ તા.૧-૦૪-૧૯,થી મળવાપાત્ર થશે. |
| | **સી.સી.સી./સી.સી.સી.+ પરીક્ષા** | |
| ૭૨ | સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦-૦૯-૦૬,ના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક મુજબ. | સરકારી કર્મચારી/અધિકારી માટે બઢતી/ઉચ્ચત્તર પગાર ધોરણ મેળવવા તા.૧-૧૦-૦૬,થી સી.સી.સી./સી.સી.સી.+ પરીક્ષા દાખલ કરેલ |

JH SOLANKI (PVU) DAT

| | | |
|---|---|---|
| | | છે. વર્ગ-3 કર્મચારીઓ સી.સી.સી. પરીક્ષા તથા વર્ગ-૨,૧ના અધિકારીએ સી.સી.સી.+ પરીક્ષા પાસ કરવાની થાય. |
| ૭૩ | નાણા વિભાગના તા.૪-૧૦-૦૮,ના પત્ર ક્રમાંક: પગર-૧૦૨૦૦૭-૧૭૩૩-મ મુજબ. | વર્ગ-૩,ના કર્મચારીએ સી.સી.સી. અને વર્ગ-૧,૨ના અધિકારીએ સી.સી.સી.+ પરીક્ષા પાસ કરવાની થાય છે. વર્ગ-૩ માંથી વર્ગ-૨,માં બઢતી મેળવવા સી.સી.સી.+ પરીક્ષા પાસ કરવાની થાય છે. સી.સી.સી. પરીક્ષાને પગાર ધોરણ સાથે સંબંધ નથી. |
| ૭૪ | શિક્ષણ વિભાગના તા.૩૦-૧૧-૦૭,ના પરિપત્ર ક્રમાંક: બમશ/૧૧૦૭/૨૨૧૦/ગ મુજબ. | બીન સરકારી માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના કર્મચારીઓને તા.૧-૧૦-૦૬,થી સી.સી.સી./સી.સી.સી.+ પરીક્ષા પાસ કરવાની થાય. |
| ૭૫ | સામાન્ય વહીવટ વિભાગના તા.૩-૦૪-૧૩,ના પરિપત્ર ક્રમાંક: પરચ-૧૦૨૦૦૫-૧૫૧૯-પાર્ટ.૧-ક મુજબ. | તા.૩૧-૦૩-૧૩ સુધીમાં અવસાન પામેલ હોય, વય નિવૃત્ત થયેલ હોય અથવા સ્વૈચ્છિક નિવૃત્તિ લીધેલ હોય તેવા કર્મચારી/અધિકારીઓને સી.સી.સી./સી.સી.સી.+ પરીક્ષામાંથી મુક્તિ આપેલ છે. |
| ૭૬ | સામાન્ય વહીવટ વિભાગના તા.૨૦-૦૯-૧૬,ના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૧૬-૨૮૨-ક મુજબ. | તા.૩૦-૦૬-૧૬ સુધીમાં સી.સી.સી./સી.સી.સી.+ પરીક્ષા પાસ કરેલ હોય તો પાત્રતા તારીખથી ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય. તા.૩૦/૦૬/૧૬ બાદ સી.સી.સી./સી.સી.સી.+ પરીક્ષા પાસ કર્યા તારીખે ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થાય. |
| ૭૭ | સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦-૦૯-૦૬,ના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક તથા તા.૩૦-૧૧-૦૭,ના પરિપત્ર ક્રમાંક: બમશ/૧૧૦૭/૨૨૧૦/ગ મુજબ. | તા.૧-૧૦-૦૬,થી સી.સી.સી./સી.સી.સી.+ પરીક્ષા અમલમાં આવેલ હોઈ તા.૧-૧૦-૦૬ થી સી.સી.સી./સી.સી.સી.+ પરીક્ષા પાસ કરવી ફરજીયાત છે. |
| ૭૮ | સામાન્ય વહીવટ વિભાગના તા.૨-૦૧-૦૯,ના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-પાર્ટ-૧-ક મુજબ. | ડૉ.બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટી હેઠળના માન્ય કેન્દ્રોને પરીક્ષા સંસ્થા તરીકે માન્યતા આપેલ હોઈ તા.૨-૦૧-૦૯,થી આંબેડકર |

JHSOLANKI/PVU/DAT

| | | |
|---|---|---|
| | | યુનિવર્સિટી માન્ય ગણાય. તા.૨-૦૧-૦૯ પહેલાનું પરિણામ માન્ય ગણાય નહીં. |
| ૭૯ | સામાન્ય વહીવટ વિભાગના તા.૨-૦૩-૦૯,ના ઠરાવ ક્રમાંક; સીઆરઆર-૧૧૮૨-૨૪૫૧-ગ.૫ મુજબ. | ૧. ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવાના હેતુ માટે ડ્રાઈવરને સી.સી.સી. પરીક્ષામાંથી મુક્તિ આપેલ છે.<br>૨. ડ્રાઈવર સંવર્ગમાં સીધી ભરતી/બઢતીથી નિમણૂંક આપવા માટે ડ્રાઈવર સંવર્ગના તા.૨૬-૦૨-૦૯,ના ભરતી નિયમોની જોગવાઈ મુજબ કોમ્પ્યુટર જ્ઞાનની પરીક્ષા આવશ્યક છે. |
| ૮૦ | સામાન્ય વહીવટ વિભાગના તા.૧૨-૧૧-૧૪,ના ઠરાવ ક્રમાંક: કકપ/૧૦૨૦૧૪/યુઓ-૨૦૦/ક મુજબ. | રસોઈયા સંવર્ગના કર્મચારીઓને ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવા માટે સી.સી.સી. પરીક્ષામાંથી મુક્તિ આપેલ છે. |
| ૮૧ | સામાન્ય વહીવટ વિભાગના તા.૧૬-૦૬-૧૬,ના ઠરાવ ક્રમાંક: રહમ/૧૦૨૦૧૬/૨૮૧/ક મુજબ. | રહેમરાહે યોજના હેઠળ નિમણૂંક પામેલ વિધવા મહિલા કર્મચારીઓને સી.સી.સી. પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે. |
| ૮૨ | સામાન્ય વહીવટ વિભાગના તા.૧-૦૩-૧૪,ના પરિપત્ર ક્રમાંક: પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-પાર્ટ-૩-ક મુજબ. | સી.સી.સી./સી.સી.સી.+ તાલીમ અને પરીક્ષાની કામગીરી ટેકનીકલ પરીક્ષા બોર્ડ, ગાંધીનગરને બદલે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીને સોંપેલ છે. |
| ૮૩ | સામાન્ય વહીવટ વિભાગના તા.૩૧-૦૭-૧૪,ના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક મુજબ. | સી.સી.સી./સી.સી.સી.+ પરીક્ષા કેન્દ્ર તરીકે ગુજરાત પોલીસ અકાદમી, કરાઈ, અમદાવાદ તથા તાલીમ કેન્દ્ર તરીકે પોલીસ તાલીમ શાળા, વડોદરાને માન્યતા આપેલ છે. |
| ૮૪ | સામાન્ય વહીવટ વિભાગના તા.૭-૧૧-૧૫,ના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૫-૧૫૧૯-પાર્ટ-૧-ક મુજબ. | ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત, ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, ગાંધીનગર તથા |

JHSOLANKI/PVU/DAT

| | | |
|---|---|---|
| | | ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રકચર રીસર્ચ એન્ડ મેનેજમેન્ટ (IITRAM), અમદાવાદને સી.સી.સી. પરીક્ષાની કામગીરી સોંપેલ છે. |
| ૮૫ | સામાન્ય વહીવટ વિભાગના તા.૯-૧૨-૧૫,ના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૫-૧૫૧૯-પાર્ટ-૧-ક મુજબ. | હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ તથા સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, આણંદને સી.સી.સી. પરીક્ષાની કામગીરી સોંપેલ છે. |
| ૮૬ | સામાન્ય વહીવટ વિભાગના તા.૨૦-૦૬-૧૫,ના પરિપત્ર ક્રમાંક: પરચ-૧૦૨૦૦૫-૧૫૧૯-પાર્ટ-૧-ક મુજબ. | ૫૦ વર્ષની વયમર્યાદાને આધારે સી.સી.સી./સી.સી.સી.+ પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિ આપેલ છે. તા.૨૨-૦૭-૧૩,ના પરિપત્રમાં ૫૫ વર્ષની જગાએ ૫૦ વર્ષની જોગવાઈ કરેલ છે. |
| ૮૭ | સામાન્ય વહીવટ વિભાગના તા.૧૮-૦૩-૧૬,ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ-૫ મુજબ. | ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨,માં કોમ્પ્યુટરના વિષય સાથે પરીક્ષા પાસ કરેલ હોય તેવા પ્રમાણપત્રો રાજ્ય સેવાની સીધી ભરતી માટે બેઝીક નોલેજના પ્રમાણપત્ર તરીકે માન્ય ગણવાનું નક્કી કરવામાં આવેલ છે. |
| ૮૮ | સામાન્ય વહીવટ વિભાગના તા.૧૧-૧૧-૧૩,ના પરિપત્ર ક્રમાંક: પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક મુજબ. | વર્ગ-૩,ના કર્મચારી સી.સી.સી. પરીક્ષાને બદલે સી.સી.સી.+ પરીક્ષા પાસ કરી શકે છે. |
| ૮૯ | નાણા વિભાગના તા.૨૦-૦૨-૧૬,ના પત્ર ક્રમાંક: પગર-૧૦૨૦૧૫-ઓ-૭૨૦-મ,થી થયેલ સ્પષ્ટતા મુજબ. | પરિણામ જાહેર થયા તારીખથી સી.સી.સી./સી.સી.સી.+ પરીક્ષા પાસ કરેલ છે તેમ ગણવું તથા અલગ અલગ માન્ય કેન્દ્રોમાંથી થીયરી/પ્રેકટીકલ પરીક્ષા પાસ કરેલ હોય તો સી.સી.સી./સી.સી.સી.+ પરીક્ષા પાસ કરેલ છે તેમ ગણવું. |
| ૯૦ | નાણા વિભાગના તા.૨૦-૦૮-૧૬,ના પત્ર ક્રમાંક: પગર-૧૦૨૦૧૬-ઓ-૧૫૯-મ,થી થયેલ સ્પષ્ટતા મુજબ. | સી.સી.સી./સી.સી.સી.+ પરીક્ષામાં નિયત કરાયેલ અભ્યાસક્રમ, પરીક્ષાના ગુણ તથા અન્ય જોગવાઈ ધ્યાને લઈ ઉચ્ચત્તર પગાર ધોરણના કેસોની ચકાસણી કરી આપવાની થાય તથા માન્ય પરીક્ષા કેન્દ્રમાંથી પરીક્ષા |



J H SOLANKI (PVU) DAT

| | | |
|---|---|---|
| | | પાસ કરેલ છે કે કેમ? તેની ખરાઈ જે તે વિભાગ/ખાતા/કચેરીએ કરવાની રહે છે. |
| ૯૧ | નાણા વિભાગના તા.૩-૧૧-૧૫,ના પત્ર ક્રમાંક: પગર-૧૦૨૦૧૫-ઓ-૫૫૦-મ,થી થયેલ સ્પષ્ટતા મુજબ તથા સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨-૦૭-૧૩,ના પરિપત્ર મુજબ. | તા.૩૦-૦૬-૧૩ પહેલા ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર હોય તે કર્મચારી તા.૩૧-૧૨-૧૩ સુધીમાં ૫૦ વર્ષ પૂર્ણ કરે તે કેસમાં પાત્રતા તારીખથી ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય. |
| ૯૨ | નામ.ગુજરાત હાઈકોર્ટના તા.૨૦-૧૦-૧૬,ના પત્ર નં.A.0724/2016 મુજબ. | ન્યાયાધિશના કેસમાં સી.સી.સી. તથા હિન્દી પરીક્ષા પાસ કરવી જરૂરી નથી તેવી સ્પષ્ટતા થયેલ છે. |
| ૯૩ | નાણા વિભાગના તા.૧૪-૦૭-૧૭,ના પત્ર ક્રમાંક: પગર-૧૦૨૦૧૭-ઓ-૧૧૧-મ મુજબ. | SCA No. 715/2017 પરત્વે નામ.હાઈકોર્ટ દ્વારા અપાયેલ તા.૩૧-૦૧-૧૭,નો ચુકાદો નિયમ સાથે સુસંગત ન હોઈ સંબંધિત વિભાગે અપીલ દાખલ કરવાની રહે છે તેમ જણાવેલ હોઈ ડૉ.બાબા સાહેબ આંબેડર યુનિવર્સિટીના કુલ-૨૦૦, ૪૦૦, ૪૫૦ ગુણનું સી.સી.સી. પરિણામવાળા કેસ વાંધામાં પરત કરવાના થાય. આ કચેરીના તા.૨૯-૦૧-૧૮,ના પત્ર નં.હિતિનિ/PVU/કોર્ટ કેસ/૨૦૧૮/૧૮,થી કોર્ટ કેસમાં આવેલ ચુકાદા સામે એલ.પી.એ. દાખલ કરવા નિર્ણય લેવાયેલ હોઈ એલ.પી.એ.ના ચુકાદાને આધિન તમામ કેસ માન્ય કરવા આ કચેરી દ્વારા નિર્ણય લેવાયેલ છે. |
| ૯૪ | માર્ગ અને મકાન વિભાગના તા.૧૭-૧૦-૮૮,ના ઠરાવ ક્રમાંક: ડબલ્યુસીઈ-૧૫૮૮(૫)(૧)/ગ-૨ મુજબ. | નાણાકીય વર્ષમાં ૨૪૦ કે તેથી વધુ દિવસની હાજરી થાય તો તે વર્ષ ૧૦ વર્ષની હાજરીમાં ગણતરીમાં લેવાય. તેથી ઓછી હાજરી હોય તો તે વર્ષ ૧૦ વર્ષની હાજરીમાં ધ્યાને લેવાય નહીં.<br>કુશળ રોજમદારને/એસ.એસ.સી. પાસ રોજમદારને ૧૦ વર્ષની હાજરી ધ્યાને લેતાં, ૧૦ વર્ષે રૂ.૯૫૦-૧૫૦૦ (રૂ.૩૦૫૦-૪૫૯૦)ના |



JHSOLANKI/PVU/DAT

| | | |
|---|---|---|
| | | પગાર ધોરણમાં નિમણૂંક આપવાની થાય. બિનકુશળ રોજમદારને ૧૦ વર્ષે રૂ.૭૫૦-૯૪૦ (રૂ.૨૫૫૦-૩૨૦૦)ના પગાર ધોરણમાં નિમણૂંક આપવાની થાય તથા અર્ધકુશળ રોજમદારને ૧૫ વર્ષે રૂ.૯૫૦-૧૫૦૦ (રૂ.૩૦૫૦-૪૫૯૦)ના પગાર ધોરણમાં નિમણૂંક આપવાની થાય. |
| ૯૫ | નાણા વિભાગના તા.૨૪-૮-૯૯,ના પત્ર ક્રમાંક: તસમ/૩૬૯૯/૧૪૦૪/ઘ તથા હિ.તિ.નિ. કચેરી, ગાંધીનગરના તા.૨૦-૯-૯૯,ના પત્ર નં.એલ/એચક્યુ/ટેક-૪/પેવે/૨૧૦૯,ના પત્ર મુજબ. | ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૧૯૯૮ના નિયમ-૫ના સ્પષ્ટીકરણ-૨ મુજબ તા.૧-૦૧-૯૬ પછી બઢતી પામેલ કર્મચારીઓના કિસ્સામાં બઢતીના પગાર ધોરણમાં આર.ઓ.પી.-૯૮ના વિકલ્પનો લાભ આપી શકાય નહીં. એટલે કે, બઢતી મળ્યા તારીખથી આર.ઓ.પી.-૯૮ની પગાર બાંધણી સ્વીકારવા વિકલ્પ આપી શકાય નહીં. |
| ૯૬ | નાણા વિભાગના તા.૨૧-૦૫-૯૯,ના પત્ર ક્રમાંક: પગર-૧૦૯૮-૭૨૫-પગાર એકમ મુજબ. | જુનિયર કર્મચારીએ તેણે આપેલ કોઈ વિકલ્પને કારણે ઉંચે તબક્કે પગાર નક્કી થતો હોય તો સીનીયર કર્મચારીને સ્ટેપીંગ-અપ મળે નહીં, પરંતુ જેમના કિસ્સામાં ઈજાફાની તા.૧-૦૧-૯૬ જ હોય તેમના કિસ્સામાં તો પગાર બાંધણીની તારીખ સામાન્ય સંજોગોમાં તા.૧-૦૧-૯૬ રહેવાની અને પછીના ઈજાફાની તારીખ પણ આપેલ વિકલ્પ મુજબ નિયમસરની રહેશે તેવા કિસ્સામાં જિનિયરના ઈજાફાની તારીખે માંગવામાં આવેલ સ્ટેપીંગ-અપની માંગણી અન્ય શરતો પૂરી થતી હોય તો સીનીયર કર્મચારીને સ્ટેપીંગ-અપ મંજુર કરી શકાશે. |
| | **હિન્દી/ગુજરાતી પરીક્ષા** | |
| ૯૭ | સામાન્ય વહીવટ વિભાગના તા.૨૦-૦૯-૬૭,ના ઠરાવ નં.હનપ/૧૧૬૭/ક મુજબ.<br>રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, વર્ધાની કોવિદ, પરિચય, અને પ્રવેશ | ૧. લાગુ પડતી હિન્દી પરીક્ષા પાસ કરવી જરૂરી છે.<br>(અ) ઉચ્ચ શ્રેણી પરીક્ષા- જેમને રાજભાષામાં નોંધ અને મુસદ્દા લેખન કરવાનું હોય તેવા અધિકારી/કર્મચારી એટલે કે રાજ્યપત્રિત અધિકારીઓ |

JH SOLANKI PVU DAT

| | | |
|---|---|---|
| | હિંદુસ્તાન પ્રચાર સભા, વર્ધાની અને મુંબઈની કાબિલ, તીસરી અને દુસરી<br>ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદની વિનિત, તીસરી અને દુસરી<br>મહારાષ્ટ્ર રાષ્ટ્રભાષા પૂનાની ચોથી પરીક્ષા, ત્રીજી પરીક્ષા અને બીજી પરીક્ષા પાસ કરેલ હોય તેમને અનુક્રમે ઉચ્ચ, નિમ્ન અને બોલચાલ શ્રેણી હિન્દી પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિ મળવાપાત્ર થાય.<br>સૌરાષ્ટ્ર હિન્દી પ્રચાર સમિતિ, રાજકોટની દુસરી-બોલચાલ તથા તીસરી-નિમ્ન શ્રેણી પરીક્ષામાંથી મુક્તિ મળવાપાત્ર થાય. | (બ) નિમ્ન શ્રેણી પરીક્ષા- નોંધ અને મુસદ્દા લેખનની કામગીરી વધુ પ્રમાણમાં કરવાની ન હોય તેવા કર્મચારી એટલે કે વર્ગ-૩ના કર્મચારીઓ.<br>(ક) બોલચાલ શ્રેણી પરીક્ષા- નોંધ અને મુસદ્દા લેખન કરવું અપેક્ષિત ન હોય પરંતુ રાજભાષા બોલી શકવી જરૂરી હોય તેવા કર્મચારીઓ એટલે કે વર્ગ-૪ના કર્મચારીઓ.<br>૨. અંધ કર્મચારીને હિન્દી પરીક્ષામાંથી મુક્તિ આપેલ છે.<br>૩. વર્ગ-૪ સિવાયના કર્મચારીઓને જ્યાં સુધી હિન્દી પરીક્ષા પાસ ન કરે ત્યાં સુધી ઈજાફા અટકાવવાને પાત્ર બનશે. વર્ગ-૪ના કર્મચારીના ઈજાફા રોકવાના નથી.<br>૪. વર્ગ-૩,૨ કર્મચારીને જ્યાં સુધી હિન્દી પરીક્ષા પાસ ન કરે ત્યાં સુધી કાલ્પનિક ઈજાફા છોડવાના રહેશે.<br>૫. દરેક કર્મચારીએ પ્રથમ નિમણૂંકની તારીખથી ત્રણ વર્ષની અંદર લાગુ પડતી હિન્દી પરીક્ષા પાસ કરવાની થાય.<br>૬. નિમ્નશ્રેણી હિન્દી પરીક્ષા પાસ કરવી જરૂરી હોય તેવી જગ્યા પરથી ઉચ્ચશ્રેણી પરીક્ષા પાસ કરવી જરૂરી બને તેવી જગ્યા પર બઢતી મળે તો બઢતી મળ્યા તારીખથી બે વર્ષની અંદર ઉચ્ચશ્રેણી હિન્દી પરીક્ષા પાસ કરવાની થાય. |
| ૯૮ | સામાન્ય વહીવટ વિભાગના તા.૨૯-૦૧-૮૧,ના ઠરાવ ક્રમાંક: હનપ/૧૧૭૯/૩૭૬૧/ક મુજબ. | કોન્સ્ટેબલએ બોલચાલ શ્રેણી (શ્રુતલેખન સહિત) હિન્દી પરીક્ષા પાસ કરવાની થાય. |
| ૯૯ | સામાન્ય વહીવટ વિભાગના તા.૧૪-૦૮-૭૦,ના જાહેરનામા | જે કર્મચારીની માતૃભાષા ગુજરાતી ન હોય અથવા જેમની માતૃભાષા |

JH SOLANKI (PVU) DAT

| | | |
|---|---|---|
| | નં.નસ/૨૮/ભરત-૧૨૬૮-૭૦-ક મુજબ. | ગુજરાતી હોય પરંતુ જેમણે માધ્યમિક શાળાનું શિક્ષણ અંગ્રેજીમાં અથવા ગુજરાતી સિવાયના બીજા કોઈ માધ્યમમાં મેળવ્યું હોય તેવા વર્ગ-૪,ના કર્મચારી સિવાયના કર્મચારીઓએ લાગુ પડતી ગુજરાતી પરીક્ષા પાસ કરવાની થાય. |
| ૧૦૦ | પંચાયત અને આરોગ્ય વિભાગના તા.૨૪-૧૨-૬૫,ના જાહેરનામા નં.કેપી/૫૧૦/પીઆરઆર-૫૯-૬૫-જેએચ મુજબ. | પંચાયત કર્મચારી/અધિકારીઓએ હિન્દી પરીક્ષા પાસ કરવાની થાય. |
| ૧૦૧ | સામાન્ય વહીવટ વિભાગના તા.૧૪-૦૨-૭૮,ના ઠરાવ નં. હનપ/૧૦૭૬/૨૧૭૬/ક મુજબ. | નર્સને બોલચાલ શ્રેણી હિન્દી પરીક્ષા પાસ કરવાની થાય. |
| ૧૦૨ | ગુજરાત ફોરેસ્ટ મેન્યુઅલ વોલ્યુમ-૧ ચેપ્ટર-૫ આર્ટીકલ નં.૫૪ મુજબ. | વનરક્ષક તથા પ્રમોટેડ ફોરેસ્ટરને હિન્દીની બોલચાલ પરીક્ષા પાસ કરવાની થાય. |
| ૧૦૩ | કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગરના તા.૨૬-૦૭-૧૮,ના પરિપત્ર નં. મકમ/મ.૧૧/હિન્દી મુક્તિ/સત્તાસોંપણી/૨૦૧૮ /૫૯૧૬-૫૯૭૧ મુજબ. | ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓના કર્મચારીઓને હિન્દી પરીક્ષા લાગુ પડે તથા હિન્દી પરીક્ષા મુક્તિના હુકમો કરવાની સત્તા કચેરીના વડાને સોંપવામાં આવેલ છે. |
| ૧૦૪ | સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩-૦૨-૮૮,ના ઠરાવ ક્રમાંકઃ હનપ-૧૧૬૮-ક મુજબ. | ધોરણ-૭ કે તેની સમકક્ષ પરીક્ષા હિન્દી વિષય સાથે પાસ કરેલ હોય તો બોલચાલ શ્રેણીની હિન્દી પરીક્ષામાંથી મુક્તિ આપેલ છે. |
| ૧૦૫ | સામાન્ય વહીવટ વિભાગના તા.૩-૦૩-૮૧,ના ઠરાવ ક્રમાંકઃ હનપ-૧૧૭૯-૩૦૨૫-ક મુજબ. | કર્મચારીએ એસ.એસ.સી. અથવા સમકક્ષ પરીક્ષા અથવા કોઈ ઉચ્ચ પરીક્ષામાં હિન્દી વિષય સાથે પરીક્ષા પાસ કરેલ હોય તો યથાપ્રસંગ હિન્દીની બોલચાલ શ્રેણી, નિમ્ન શ્રેણી અથવા ઉચ્ચ શ્રેણી પરીક્ષામાંથી મુક્તિ આપવામાં આવશે. |
| ૧૦૬ | સામાન્ય વહીવટ વિભાગના તા.૧૬-૦૯-૮૯,ના ઠરાવ ક્રમાંકઃ | ડૉકટરોએ નિમ્ન શ્રેણી હિન્દી પરીક્ષા પાસ કરવાની થાય. |

JH SOLANKI/PVU/DAT

| | | |
|---|---|---|
| | ભરત-૧૨૮૯-૧૫૩૯-ક મુજબ. | |
| ૧૦૭ | સામાન્ય વહીવટ વિભાગના તા.૨૦-૦૯-૬૭,ના ઠરાવથી થયેલ જોગવાઈ તથા નાણા વિભાગના તા.૪-૦૩-૦૯,ના પત્ર ક્રમાંક: નખમ-૧૩૨૦૦૫-૪૮૧૮-૬૮૦૮(૭)-ટ/મ થી થયેલ સ્પષ્ટતા મુજબ. | સામાન્ય વહીવટ વિભાગના તા.૨૦-૦૯-૬૭,ના ઠરાવ મુજબ વર્ગ-૪ કર્મચારી હિન્દી પરીક્ષા પાસ ન કરે તો ઈજાફા રોકવાના થતાં નથી તથા નાણા વિભાગના તા.૪-૦૩-૦૯,ના પત્રથી થયેલ સ્પષ્ટતા મુજબ વર્ગ-૪ કર્મચારી નિયત મુદત બાદ હિન્દી પરીક્ષા પાસ કરે તો પણ પાત્રતા તારીખથી જ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવાનું થાય છે. |
| ૧૦૮ | સામાન્ય વહીવટ વિભાગના તા.૧૬-૦૯-૬૮,ના પરિપત્ર ક્રમાંક: હનપ-૧૧૬૮-ક મુજબ. | સરકારી કર્મચારીઓને નિયત સમયમાં હિન્દી પરીક્ષા પાસ ન કરવા બદલ અટકાવેલા ઈજાફા નિયત શ્રેણીની હિન્દી પરીક્ષા પાસ કર્યા બાદ પરીક્ષા જે તારીખે પૂરી થાય તે પછીની તારીખથી છુટા કરવાના થાય. |

JH SOLANKI (PVU) DAT

## સાતમા પગારપંચ અન્વયે થયેલ પગાર બાંધણી ચકાસણી અંગેના મહત્વના મુદ્દા:-

૧. શિક્ષણ વિભાગના તા.૨૯-૦૧-૧૬,ના પત્ર ક્રમાંક: પીઆરઈ/૧૧૧૫/૪૧૨૦/ક મુજબ પ્રાથમિક શિક્ષક ઉચ્ચત્તર પગાર ધોરણ મેળવી મુખ્ય શિક્ષક તરીકે બઢતી મેળવે તો ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો-૨૦૦૨ના નિયમ-૧૧(૧)નો લાભ મળવાપાત્ર નથી તેવી સ્પષ્ટતા થયેલ છે. (ઉચ્ચત્તર પગાર ધોરણમાં મળેલ પગાર ધોરણમાં બઢતી મેળવે તો)

શિક્ષણ વિભાગના તા.૧૨-૦૭-૧૭,ના ઠરાવ ક્રમાંક: પીઆરઈ/૧૧૨૦૧૭/સીં.ફા-૧૮/ક,થી થયેલ જોગવાઈ મુજબ બઢતી મેળવનાર પ્રાથમિક શિક્ષકને જો રૂ.૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે ૪૨૦૦/-નું પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળી ગયેલ હોય તો મુખ્ય શિક્ષકની જગ્યાની બઢતી આપ્યા બાદ મુખ્ય શિક્ષકની જગ્યાની પગાર બાંધણી કરવાની રહેશે નહી.

૨. શિક્ષણ વિભાગના તા.૨૯-૧૦-૧૬,ના પત્ર ક્રમાંક: બમશ/૧૧૧૬/૬૫૫/ગ,થી થયેલ સ્પષ્ટતા મુજબ બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા મદદનીશ શિક્ષક ઉચ્ચત્તર પગાર ધોરણ મેળવી આચાર્ય તરીકે સીધી ભરતીથી નિમણૂંક મેળવે ત્યારે સમાન પગાર ધોરણમાં તા.૫-૦૧-૬૫,ના ઠરાવ મુજબ એક ઈજાફો આપી પગાર નક્કી કરવાનો રહેશે નહીં. ઉંચા પગાર ધોરણમાં નિમણૂંક મેળવે તો તા.૩-૧૨-૨૦૦૯ સુધી ઈજાફો મળવાપાત્ર થાય. ઉંચા પગાર ધોરણમાં સીધી ભરતીથી નિમણૂંક મેળવે ત્યારે પણ તા.૩-૧૨-૨૦૦૯ પછી એક ઈજાફાનો લાભ મળવાપાત્ર નથી. મદદનીશ શિક્ષક રૂ.૬૫૦૦-૧૦૫૦૦/-ના પગાર ધોરણમાં ઉચ્ચત્તર પગાર ધોરણ મેળવી સીધી ભરતીથી આચાર્ય તરીકે રૂ.૬૫૦૦-૧૦૫૦૦/- પગાર ધોરણમાં નિમણૂંક મેળવે ત્યારે પગાર રક્ષણ મળવાપાત્ર થાય, એક ઈજાફો મળવાપાત્ર નથી. જો પગાર રક્ષણ મેળવે તો જુની ઈજાફા તારીખ જાળવવી, પરંતુ રૂ.૬૫૦૦-૧૦૫૦૦/-ના પગાર ધોરણમાં મીનીમમ (રૂ.૬૫૦૦) પગાર નક્કી થતો હોય તો જી.સી.એસ.આર. (પગાર) નિયમ-૧૩ મુજબ એક વર્ષ પછી ઈજાફો મળવાપાત્ર થાય. મદદનીશ શિક્ષક રૂ.૫૦૦૦-૮૦૦૦ કે રૂ.૫૫૦૦-૯૦૦૦/-ના પગાર ધોરણમાં ઉચ્ચત્તર પગાર ધોરણ મેળવી સીધી ભરતીથી આચાર્ય તરીકે રૂ.૬૫૦૦-૧૦૫૦૦/- પગાર ધોરણમાં નિમણૂંક મેળવે ત્યારે તા.૩-૧૨-૨૦૦૯ (આચાર્ય



JHSOLANKI/PVU/DAT

તરીકે નિમણૂંકની તારીખ જોવી) સુધી જ એક ઈજાફો મળવાપાત્ર થાય. જી.સી.એસ.આર. (પગાર) નિયમ-૧૧ મુજબ ત્યાર પછીની ઈજાફા તારીખ એક વર્ષ બાદ મળવાપાત્ર થાય.

૩. સહાયક અનુદાન મેળવતી શાળાના જે મદનીશ શિક્ષકની નિમણૂંક રૂ.૫૦૦૦-૮૦૦૦/-ના પગાર ધોરણમાં થયેલ હોય તે મદદનીશ શિક્ષક પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ રૂ.૫૫૦૦-૯૦૦૦/- તથા દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ રૂ.૬૫૦૦-૧૦૫૦૦/- મેળવ્યા બાદ આચાર્ય તરીકે સીધી ભરતીથી નવી સેવામાં જોડાય તો નાણા વિભાગના તા.૧૬-૦૮-૯૪,ના ઠરાવના ફકરા નં.૩(૭)થી "એક જ સંવર્ગમાં અને એક જ પગાર ધોરણમાં" ૯,૨૦,૩૧ વર્ષે ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવાની જોગવાઈ થયેલ છે તથા નાણા વિભાગના તા.૧-૦૫-૦૨,ના ઠરાવના ક્રમ-૧, મુજબ પ્રથમ/દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ મેળવી નવી જગ્યાએ સીધી ભરતીથી નિમણૂંક થાય ત્યારે અગાઉ મેળવેલ ઉચ્ચત્તર પગાર ધોરણ ચાલુ રાખવાનો વિકલ્પ આપે અને પગારનું રક્ષણ મેળવે તો આચાર્ય તરીકે નવી સેવામાં જોડાયા તારીખથી તૃતિય ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય તેવી જોગવાઈ થયેલ હોઈ ઉક્ત કેસમાં મદદનીશ શિક્ષક આચાર્ય તરીકે નવી નિમણૂંક મેળવે ત્યારે સંવર્ગ બદલાઈ જતો હોઈ તથા આચાર્ય તરીકે નવી નિમણૂંક મળ્યા તારીખથી તૃતિય ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય તેવું આ કચેરીનું મંતવ્ય છે. નાણા વિભાગના તા.૧૬-૧૨-૧૭,ના પત્ર ક્રમાંક: પગર-૧૦૨૦૧૭-ઓ-૨૪૭-મ,થી થયેલ સ્પષ્ટતા મુજબ મદદનીશ શિક્ષક ઉચ્ચત્તર પગાર ધોરણ મેળવી આચાર્ય તરીકે નવી નિમણૂંક મેળવે તો નવી નિમણૂંક મેળવ્યા તારીખથી ૧૧ વર્ષે ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય. અગાઉ એલ.એફ. કચેરી ખાતે પ્રથમ/દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ મેળવ્યા તારીખથી ૧૧ વર્ષ ગણી ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરેલ છે. ઉચ્ચત્તર પગાર ધોરણ મેળવ્યા બાદ આચાર્ય તરીકે નિમણૂંક મળેલ હોય તો આચાર્ય તરીકે નવી નિમણૂંક મેળવ્યા તારીખથી ૧૧ વર્ષે ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય. મદદનીશ શિક્ષકને આચાર્ય તરીકે બઢતી આપવાની જોગવાઈ થયેલ નથી. ફક્ત સીધી ભરતીથી આચાર્ય તરીકે નવી નિમણૂંક આપવાની જોગવાઈ થયેલ છે.

૪. નાણા વિભાગના તા.૨૫-૦૪-૧૭,ના પત્ર ક્રમાંક: પગર-૧૦૨૦૧૭-ઓ-૭૪-મ,થી થયેલ સ્પષ્ટતા મુજબ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના (એમ.એસ.બી.-શાસનાધિકારીશ્રી) પ્રાથમિક શિક્ષકોને તા.૧-૦૧-૯૬ કે ત્યાર બાદ તા.૧૪-૦૮-૯૮,ના ઠરાવ સાથે સામેલ અનુસૂચિ મુજબ રૂ.૪૫૦૦-૭૦૦૦/-ના પગાર ધોરણમાં પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય.



J H SOLANKI (PVU) DAT

૫. શિક્ષણ વિભાગના તા.૫-૧૨-૧૭,ના હુકમ ક્રમાંક: નશમ/૧૦૧૬/૨૪૭૭૦૯/ચ,થી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, રાજકોટના પ્રાથમિક શિક્ષકને રૂ.૫૦૦૦-૮૦૦૦/-ના પગાર ધોરણમાં પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય.

૬. મહિલા અને બાળ વિકાસ વિભાગના તા.૧૯-૦૮-૧૭,ના પત્ર ક્રમાંક: આઈસીડી/ ૧૦૨૦૧૭/ ૧૬૧૨/ બ-૧,થી થયેલ સ્પષ્ટતા મુજબ મુખ્ય સેવિકાને તા.૧૬-૦૮-૯૪ તથા તા.૨-૦૭-૦૭,ના ઠરાવ સાથે સામેલ અનુસૂચિ-૧ મુજબ એકાંકી સંવર્ગનું પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય. રૂ.૬૫૦૦-૧૦૫૦૦/-ના પગાર ધોરણમાં પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય નહી.

મહિલા અને બાળ વિકાસ વિભાગના તા.૧૨-૦૩-૧૮,ના ઠરાવથી નામ.સુપ્રિમ કોર્ટના ચુકાદાને આધિન કુલ-૫૦ સી.ડી.પી.ઓ./મુખ્ય સેવિકાને રૂ.૬૫૦૦-૧૦૫૦૦/-ના પગાર ધોરણમાં પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવાના આદેશ થયેલ છે. આ આદેશ મુજબ એલ.એફ. કચેરી દ્વારા પગાર બાંધણી થયેલ હોય તોપણ રીવાઈઝ પગાર બાંધણી ચકાસણી પગાર ચકાસણી એકમ દ્વારા થયા બાદ જ સાતમા પગારપંચ મુજબ પગાર બાંધણી ચકાસણી કરવાની થાય.

૭. નાણા વિભાગના તા.૨૩-૦૩-૧૮,ના પરિપત્ર ક્રમાંક: પગર-૧૦-૨૦૧૬-ઓ.૫૭૮-(૧૯)-પગાર એકમ, મુજબ (૧) બોર્ડ/નિગમના કર્મચારીની આર.ઓ.પી.-૧૬ની પગાર બાંધણી બોર્ડ/નિગમ દ્વારા કરવાની થાય. (૨) ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, હેમ ચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગરની આર.ઓ.પી.-૧૬,ની પગાર બાંધણી જે તે યુનિવર્સિટી દ્વારા કરવાની થાય. બીજી અન્ય યુનિવર્સિટી તથા કૃષિ યુનિવર્સિટીની આર.ઓ.પી-૧૬,ની પગાર બાંધણી આ કચેરી દ્વારા કરવાની થાય.

૮. તા.૧-૦૧-૦૬ પહેલા નિમણૂંક પામેલ કર્મચારીને તથા તા.૧-૦૧-૦૬ બાદ બઢતીના કેસમાં આર.ઓ.પી-૨૦૦૯,ના નિયમ-૮ હેઠળની અનુસૂચિ-ખ, (એન્ટ્રી પે)નો લાભ મળવાપાત્ર નથી. તા.૧-૦૧-૦૬ કે ત્યાર બાદ નિયમિત નિમણૂંક પામેલ કર્મચારીને આર.ઓ.પી-૨૦૦૯,ના નિયમ-૮ હેઠળની અનુસૂચિ-ખ, (એન્ટ્રી પે)નો લાભ મળવાપાત્ર છે.

અનુસૂચિ-ખ

| પે બેન્ડ | ગ્રેડ પે | પે બેન્ડમાં પગાર | કુલ (રૂપિયામા) |
|---|---|---|---|
| ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ | ૪૪૪૦ | ૫૭૪૦ |
| ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૮૦૦ | ૫૨૦૦ | ૭૦૦૦ |
| ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | ૫૮૩૦ | ૭૭૩૦ |
| ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૦૦૦ | ૬૪૬૦ | ૮૪૬૦ |
| ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | ૭૫૧૦ | ૯૯૧૦ |
| ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૮૦૦ | ૮૫૬૦ | ૧૧૩૬૦ |
| ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૨૦૦ | ૯૩૦૦ | ૧૩૫૦૦ |
| ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૪૦૦ | ૧૦૮૧૦ | ૧૫૨૧૦ |
| ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૬૦૦ | ૧૨૫૪૦ | ૧૭૧૪૦ |
| ૯૩૦૦-૩૪૮૦૦ | ૫૪૦૦ | ૧૪૨૪૦ | ૧૯૬૪૦ |
| ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૫૪૦૦ | ૧૫૬૦૦ | ૨૧૦૦૦ |
| ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૬૬૦૦ | ૧૮૭૫૦ | ૨૫૩૫૦ |
| ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૭૬૦૦ | ૨૧૯૦૦ | ૨૯૫૦૦ |
| ૩૭૪૦૦-૬૭૦૦૦ | ૮૭૦૦ | ૩૭૪૦૦ | ૪૬૧૦૦ |
| ૩૭૪૦૦-૬૭૦૦૦ | ૮૯૦૦ | ૪૦૨૦૦ | ૪૯૧૦૦ |
| ૩૭૪૦૦-૬૭૦૦૦ | ૧૦૦૦૦ | ૪૩૦૦૦ | ૫૩૦૦૦ |
| ૩૭૪૦૦-૬૭૦૦૦ | ૧૨૦૦૦ | ૪૭૧૦૦ | ૫૯૧૦૦ |

૯. સરકારશ્રીના અન્ય ઠરાવ થાય ત્યાં સુધી યુ.જી.સી. (યુનિવર્સિટી ગ્રાન્ટ કમીશન) મુજબ પગાર ધોરણ મેળવતા પ્રોફેસર તથા આસીસ્ટન્ટ પ્રોફેસરને સાતમા પગારપંચનો લાભ મળવાપાત્ર નથી.

૧૦. નાણા વિભાગના તા.૨૬-૦૩-૧૮,ના પત્ર ક્રમાંક: પગર-૧૦૨૦૧૭-ઓ-૩૨૦-પગાર એકમ,થી થયેલ સ્પષ્ટતા મુજબ, નાણા વિભાગના તા.૧૬-૦૨-૧૮,ના ઠરાવથી આર.ઓ.પી.-૧૬ સાથે જોડેલ પે મેટ્રીક્ષના લેવલ-૧૩ના IOR માં સુધારો કરી તે લેવલની સુધારેલ પે મેટ્રીક્ષ-કોલમ બહાર પાડવામાં આવેલ છે. IOR એ પે મેટ્રીક્ષના દરેક લેવલનો

JHSOLANKI(PVU)DAT

શરૂઆતનો પગાર નક્કી કરવા માટે છે. દરેક કર્મચારીનો પગાર આર.ઓ.પી.-૧૬ના નિયમ-૭ મુજબ ૨.૫૭ થી ગુણીને જ નક્કી કરવાનો થાય છે.

૧૧. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના તા.૨૧-૦૬-૧૮,ના ઠરાવ ક્રમાંક: યુડીએ-૧૦૨૦૧૦-૫૬-વ,થી થયેલ જોગવાઈ મુજબ રાજ્યના શહેરી વિકાસ સત્તામંડળોના આર.ઓ.પી.-૮૭, આર.ઓ.પી.-૯૮, આર.ઓ.પી.-૨૦૦૯ના કેસોની પગાર બાંધણીની ચકાસણી જે તે સત્તામંડળો દ્વારા કરવાની રહેશે તથા આર.ઓ.પી.-૨૦૧૬ની પગાર બાંધણી ચકાસણીની કામગીરી આ કચેરી ખાતેના પી.વી.યુ. દ્વારા કરવાની રહેશે.

૧૨. નાણા વિભાગના તા.૨૪-૯-૧૩,ના પત્ર ક્રમાંક: પગર-૧૦૨૦૧૩-યુઓ-પગાર એકમ,થી થયેલ સ્પષ્ટતા મુજબ એડહોક તરીકે નિમાયેલ લેકચરર્સને આર.ઓ.પી.-૨૦૦૯ના નિયમ-૮ હેઠળની અનુસૂચિ-ખ (એન્ટ્રી પે)નો લાભ મળવાપાત્ર નથી.

૧૩. શિક્ષણ વિભાગના તા.૨૩-૦૬-૧૬,ના ઠરાવ ક્રમાંક: બમશ-૧૩૧૦-૧૨૦૧-ગ મુજબ તા.૩૦-૦૬-૯૮ થી તા.૩૧-૦૩-૧૬,ના સમયગાળા દરમ્યાન નિમણૂંક પામેલ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક ફાજલ થયેલ/થનાર કર્મચારીઓને ફાજલ તરીકેનું રક્ષણ આપવાનું થાય.

૧૪. નાણા વિભાગના તા.૪-૧૨-૦૯,ના પત્ર ક્રમાંક: પરચ-૧૦૨૦૦૯-૭૧૭-પી,થી થયેલ સ્પષ્ટતા મુજબ પુન: નિયુક્ત થયેલ મીલીટરી પેન્શનરોના પગાર વિનિયમિત કરવા અંગેની કાર્યવાહી નાણા વિભાગના તા.૧૭-૮-૮૮,ના ઠરાવ ક્રમાંક: એનવીટી/૩૨૮૬/જીઓઆઈ/૯૫/પી,ની જોગવાઈ મુજબ તથા ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો-૨૦૦૨,ના નિયમ-૧૭૨, ૧૮૦ મુજબ કરવાની થાય છે. જેની પગાર બાંધણીની ચકાસણી પગાર ચકાસણી એકમ દ્વારા મેન્યુઅલી કરવાની થાય છે. મીલીટરી સેવામાં મળતા છેલ્લો પગાર રક્ષિત કરવાનો છે, જો યોગ્ય સ્ટેજે પગાર રક્ષિત ન થતો હોય તો પી.પી.(અંગત પગાર) આપી પગાર નક્કી કરવાનો થાય. પણ મીલીટરી સેવામાં આપેલ પગાર ધોરણ રક્ષિત થઈ શકે નહીં. મીલીટરી સેવાના કર્મચારીને ગુજરાત સેવામાં જે હોદ્દા પર નિમણૂંક મળેલ હોય તે હોદ્દાનું પગાર ધોરણ મળવાપાત્ર થાય અને વધુમાં વધુ મહત્તમ પગાર રક્ષિત કરી શકાય.

૧૫. કાયદા વિભાગના તા.૩-૦૬-૭૬,ના ઠરાવ ક્રમાંક: પીસીઆર-૧૦૭૬-૯૧૨/ડી, મુજબ જિલ્લા ફેરબદલીથી ગયેલ જિલ્લા રજીસ્ટ્રારને ૬ પ્રિમેચ્યોર ઈન્ક્રીમેન્ટ આપવાની જોગવાઈ થયેલ છે. નામ.હાઈકોર્ટના તા.૨૯-૦૭-૧૭,ના પત્ર નં.B.1465/71(IV)થી જણાવ્યા મુજબ તા.૧૦-૦૪-૧૭ સુધી ૬ પ્રિમેચ્યોર ઈન્ક્રીમેન્ટ મળવાપાત્ર થાય. જિલ્લા કોર્ટ દ્વારા જે તારીખે



JHSOLANKI(PVU)DAT

જિલ્લા ફેરબદલી થયેલ હોય તે તારીખ બાદ બઢતી/અપગ્રેડ મળેલ હોય તો બઢતીનો પગાર નક્કી કરી બઢતીમાં મેળવતાં પગારમાં (પે બેન્ડ રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦ ગ્રેડ પે ૭૬૦૦/-) ૬ પ્રિમેચ્યોર ઈન્ક્રીમેન્ટનો લાભ આપવામાં આવે છે. જે તારીખે જિલ્લા ફેરબદલી થયેલ હોય તે તારીખે મેળવતા પગાર ધોરણમાં (પે બેન્ડ રૂ.૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે ૫૪૦૦/-) ૬ પ્રિમેચ્યોર ઈન્ક્રીમેન્ટ મળવાપાત્ર થાય તેવું આ કચેરીનું મંતવ્ય છે. આ અંગે નાણા વિભાગનું માર્ગદર્શન માંગેલ છે.

૧૬. કાયદા વિભાગના તા.૨૮-૦૬-૧૮,ના પત્ર ક્રમાંક: પગર/૧૦૨૦૧૨/૭૨૭/ડી,થી થયેલ સ્પષ્ટતા મુજબ જે કર્મચારીની નિમણૂંક તા.૧-૦૧-૦૬ પહેલા થયેલ હોય અને તા.૧-૦૧-૦૬ કે ત્યાર બાદ બઢતી/ઉચ્ચત્તર પગાર ધોરણ મળેલ હોય તો આર.ઓ.પી-૨૦૦૯ના નિયમ-૮ હેઠળની અનુસૂચિ-ખ, (એન્ટ્રી પે)નો લાભ મળવાપાત્ર નથી તેમ જણાવેલ છે. તા.૧-૦૧-૦૬ કે ત્યાર બાદ સીધી ભરતીથી નિમણૂંક પામેલ હોય તે કર્મચારીને જ એન્ટ્રી લેવલ પે નો લાભ મળવાપાત્ર થાય.

૧૭. કાયદા વિભાગના તા.૨૮-૦૬-૧૮,ના પત્ર ક્રમાંક: પગર/૧૦૨૦૧૨/૭૨૭/ડી,થી થયેલ સ્પષ્ટતા મુજબ કર્મચારી જે પગાર ધોરણ મેળવતા હોય તે જ પગાર ધોરણમાં બઢતી/ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર હોય ત્યારે ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો-૨૦૦૨,ના નિયમ-૧૧(૧) મુજબ પગાર નક્કી કરી શકાય નહીં.

૧૮. કાયદા વિભાગના તા.૨૪-૦૪-૧૮,ના પત્ર ક્રમાંક: પી.એ.વાય/૧૦૨૦૧૬/૨૨૬૦/ડી,થી નીચે મુજબની સ્પષ્ટતા થયેલ છે: (૧) ન્યાયીક અધિકારીઓ કે જેઓ પસંદ પામતી વખતે લો માં પોસ્ટ ગ્રેજ્યુએટ, એમ.ફીલ અથવા પી.એચ.ડી.ની ડીગ્રી ધરાવતા હોય તો તેઓને તા.૧-૧૧-૯૯ વખતે અથવા તે પછી લો માં ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય અને સફળતાપૂર્વક અજમાયશી સમયગાળો પૂર્ણ કરેલ હોય તેઓને ત્રણ ઈજાફા મળવાપાત્ર થાય. (૨) જે તે સમયના મળવાપાત્ર પગાર ધોરણમાં ત્રણ અગ્રીમ ઈજાફા મળવાપાત્ર થાય. (૩) અગ્રીમ ઈજાફાની પગાર બાંધણી (મેન્યુઅલી) આ કચેરી દ્વારા કરવાની થતી નથી.

૧૯. નાણા વિભાગના તા.૨૬-૦૬-૧૪,ના ઠરાવ ક્રમાંક: પગર-૧૦૨૦૧૪-૯૦-પગાર એકમ(મ) મુજબ યુ.જી.સી.નું પગાર ધોરણ મેળવતા પ્રોફેસર/પી.પી./એ.પી.પી. તથા અન્ય કર્મચારીને મળતા સીનીયર સ્કેલ અને સીલેકશન ગ્રેડમાં ગુજરાત મુલ્કી સેવા (પગાર)



JHSOLANKI(PVU)DAT

નિયમો-૨૦૦૨,ના નિયમ-૧૩ મુજબ પગાર બાંધણી કરવાની થાય. કાલ્પનિક ઈજાફો મળવાપાત્ર થાય નહીં.

૨૦. નાણા વિભાગના તા.૧-૧૦-૧૬,ના પત્ર ક્રમાંકઃ તસમ/૨૦/૨૦૦૯/૧૮૪૭/ધ,થી ગુજરાત કેન્સર રીસર્ચ ઈન્સ્ટીટ્યુટના ચોથા તથા પાંચમાં પગારપંચ તેમજ ઉચ્ચત્તર પગાર ધોરણના કેસોની પગાર બાંધણી ચકાસણીની કામગીરી આ કચેરી દ્વારા કરવાની થતી નથી. આર.ઓ.પી.-૨૦૦૯ના કેસોની પગાર બાંધણી ચકાસણી પગાર ચકાસણી એકમ દ્વારા કરવાની થાય છે. છઠ્ઠા પગારપંચના કેસો આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની કચેરી દ્વારા ઓનલાઈન મોકલવાના થાય.

૨૧. કૃષિ અને સહકાર વિભાગના તા.૧-૧૦-૯૯,ના ઠરાવથી કૃષિ યુનિવર્સિટીમાં ફરજ બજાવતા અધિકારીઓને અગ્રિમ ઈજાફા આપવાની જોગવાઈ થયેલ છે. નાણા વિભાગના તા.૨૬-૦૪-૨૦૦૦,ના ઠરાવથી તા.૨૬-૦૪-૨૦૦૦ બાદ અગ્રિમ ઈજાફા રદ કરવામાં આવેલ છે. એટલે કે, કર્મચારીની નિમણૂંક તા.૨૬-૦૪-૨૦૦૦ બાદ થયેલ હોય તેઓને અગ્રીમ ઈજાફા મળવાપાત્ર નથી. તા.૨૬-૦૪-૨૦૦૦ પહેલા નિમણૂંક પામેલ કર્મચારીના અગ્રીમ ઈજાફા ચાલુ રાખવાના થાય.

૨૨. નાણા વિભાગના તા.૧૮-૦૫-૧૩,ના પત્ર ક્રમાંકઃ પગર-૧૦૦૯-ઓ-૭૩૦-પ.એ.,થી થયેલ સ્પષ્ટતા મુજબ ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૨૦૦૯ના નિયમ-૭(ખ) નોંધ-૫ અન્વયે અંગત પગારને પગાર બાંધણીનો લાભ મળવાપાત્ર થશે નહી.

૨૩. કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ હેઠળના કેસમાં ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો-૨૦૦૨,ના નિયમ-૧૩ મુજબ પગાર બાંધણી કરવાની થાય. કાલ્પનિક ઈજાફો મળવાપાત્ર થાય નહીં.

૨૪. નાણા વિભાગના તા.૧૯-૦૮-૧૬,ના જાહેરનામાના નિયમ-૬ મુજબ આર.ઓ.પી.-૧૬,ની પગાર બાંધણી અંગે ત્રણ માસમાં વિકલ્પ આપવાનો થાય. એક વખત આપેલ વિકલ્પ બદલી શકાશે નહી.

૨૫. નાણા વિભાગના તા.૧૯-૦૮-૧૬,ના જાહેરનામાના મુજબ તા.૧૯-૦૮-૧૬ સુધીમાં કર્મચારી ઈવેન્ટ તારીખે (ઉચ્ચત્તર પગાર ધોરણ/બઢતી) પગાર બાંધણી સ્વીકારવા વિકલ્પ આપી શકે છે. દા.ત., કર્મચારીને તા.૨૦-૦૪-૧૬,ના રોજ ઉચ્ચત્તર પગાર ધોરણ મળેલ હોય તો તા.૨૦-૦૪-૧૬,થી આર.ઓ.પી.-૧૬,ની પગાર બાંધણી સ્વીકારી શકે છે. આ કેસમાં આગામી ઈજાફા તા.૧-૦૧-૧૭ થાય. જો કર્મચારી તા.૧-૦૧-૧૬,થી આર.ઓ.પી.-૧૬



JH SOLANKI (PVU) DAT

સ્વીકારવા વિકલ્પ આપે તો તા.૩૧-૧૨-૧૫,નો પગાર ધ્યાને લઈ તા.૧-૦૧-૧૬,ની પગાર બાંધણી કરવાની થાય. ત્યાર બાદ તા.૨૦-૦૪-૧૬,થી ઉચ્ચતર પગાર ધોરણ મળેલ હોય તો નાણા વિભાગના તા.૬-૦૪-૯૦,ના ઠરાવ મુજબ તા.૧-૦૭-૧૬,થી પગાર બાંધણી સ્વીકારવા વિકલ્પ આપી શકાય.

૨૬. નાણા વિભાગના તા.૧૯-૦૮-૧૬,ના જાહેરનામા ક્રમાંક: (GN-49)PGR-102016-2-Pay Cell મુજબ તા.૧૯-૦૮-૧૬ સુધીમાં કર્મચારી ઈવેન્ટ તારીખે (ઉચ્ચત્તર પગાર ધોરણ/બઢતી) પગાર બાંધણી સ્વીકારવા વિકલ્પ આપી શકે છે. દા.ત., કર્મચારીને તા.૨૦-૦૪-૧૬,ના રોજ ઉચ્ચત્તર પગાર ધોરણ મળેલ હોય તો તા.૨૦-૦૪-૧૬,થી આર.ઓ.પી.-૧૬,ની પગાર બાંધણી સ્વીકારી શકે છે. આ કેસમાં તા.૨૦-૦૪-૧૬,ના મેળવતા પગારમાં (આર.ઓ.પી.-૨૦૦૯ મુજબ) એક ઈજાફો આપી જે રકમ આવે તે રકમને ૨.૫૭ વડે ગુણી બઢતીના મળવાપાત્ર પે મેટ્રીક્ષમાં સંબંધિત કર્મચારીને મળતા ગ્રેડ પેને અનુરૂપ લેવલના કોલમમાં દર્શાવેલ સેલમાં જો સમાન રકમ આવતી હોય તો તે રકમ અને જો સમાન રકમ ન હોય તો ત્યાર પછીના સેલમાં દર્શાવેલ રકમ કર્મચારીનો સુધારેલ પગાર બનશે.

૨૭. આર.ઓ.પી.-૨૦૦૯ તથા આર.ઓ.પી.-૧૬ મુજબ ઈજાફાપાત્ર વર્ષમાં (એટલે કે, તા.૧-૦૭-૧૫ થી તા.૧-૦૭-૧૬) છ-માસ કે તેથી વધુ (૧૮૦ દિવસ કે તેથી વધુ) નોકરી કરેલ હોય તો આગામી ઈજાફો મળવાપાત્ર થાય.

૨૮. આર.ઓ.પી.-૨૦૦૯ ઈવેન્ટ તારીખે (બઢતી/ઉચ્ચત્તર પગાર ધોરણ) સ્વીકારવા વિકલ્પ આપેલ હોય તો આગામી ઈજાફો મળવાપાત્ર થાય કે કેમ? તેની ચકાસણી કરવાની થાય. દા.ત., તા.૧૨-૦૪-૦૬,થી આર.ઓ.પી.-૨૦૦૯ સ્વીકારવા વિકલ્પ આપેલ હોય તો ૬ માસની સેવા પૂર્ણ થતી ન હોવાથી તા.૧-૦૭-૦૬,નો ઈફાજો મળવાપાત્ર થાય નહીં. તા.૨-૦૧-૦૬ થી તા.૩૦-૦૬-૦૬ સુધી બઢતી/ઉ.પ.ધો. મળેલ હોય અને તે તારીખથી આર.ઓ.પી.-૨૦૦૯ સ્વીકારેલ હોય તો તા.૧-૦૭-૦૬,નો ઈજાફો મળવાપાત્ર થાય નહી. આવા કેસમાં બઢતી/ઉ.પ.ધો.ની તારીખે આર.ઓ.પી.-૨૦૦૯ નું સ્ટીકર આપેલ હોય છે.

૨૯. તા.૧-૦૧-૦૬,થી આર.ઓ.પી.-૨૦૦૯ અમલમાં આવેલ હોઈ ડ્રાઈવર/બેલીફનું નિમણૂંકનું પગાર ધોરણ રૂ.૫૨૦૦-૨૦૨૦૦, ગ્રેડ પે ૧૯૦૦/- છે. ડ્રાઈવર/બેલીફને બઢતી મળવાપાત્ર ન હોઈ (એકાંકી જગ્યા) નાણા વિભાગના તા.૧૮-૦૨-૧૧,ના ઠરાવ મુજબ રૂ.૫૨૦૦-૨૦૨૦૦, ગ્રેડ પે ૨૦૦૦/-ના પગાર ધોરણમાં પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય.



J H SOLANKI (PVU) DAT

૩૦. કાયદા વિભાગના તા.૨-૦૯-૧૧,ના ઠરાવ મુજબ કોર્ટના નોન જ્યુડીશીયલ કર્મચારીઓને માન.શેટ્ટી પે કમીશનનો લાભ મળવાપાત્ર થાય છે. જે મુજબ તા.૧-૦૪-૦૩,ના રોજ એક ઈજાફો આપવાનો થાય. કર્મચારીની નિમણૂંક તા.૧-૦૪-૦૩ પછી થયેલ હોય તો નિમણૂંક તારીખે જ એક ઈજાફો મળવાપાત્ર થાય. એક ઈજાફાનો લાભ પાંચમા પગારપંચ તથા આર.ઓ.પી.-૨૦૦૯,માં આપવાનો થાય છે. જેની પગાર બાંધણી ચકાસણી એલ.એફ.કચેરી કે પગાર ચકાસણી એકમ દ્વારા કરેલ હોવી જોઈએ.

૩૧. પાંચમા પગારપંચ મુજબ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર થયેલ હોય અને તા.૧-૦૧-૦૬ કે ત્યાર બાદની પાત્રતા તારીખ હોય તો નાણા વિભાગના તા.૧૮-૦૨-૧૧,ના ઠરાવ મુજબ આર.ઓ.પી.-૨૦૦૯ અમલમાં આવતા ઉચ્ચત્તર પગાર ધોરણ રીવાઈઝ કરવાનું થાય.

૩૨. નાણા વિભાગના તા.૧૬-૦૮-૯૪ તથા તા.૨-૦૭-૦૭,ના ઠરાવ મુજબ ઉચ્ચત્તર પગાર ધોરણ મેળવી તે જ પગાર ધોરણમાં બઢતી આપવામાં આવે તો ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો-૨૦૦૨ના નિયમ-૧૧(૧)નો લાભ મળવાપાત્ર થાય નહીં. કાલ્પનિક ઈજાફો મળવાપાત્ર થાય નહીં.

૩૩. તા.૧-૦૧-૧૬ બાદ નવી નિમણૂંક થયેલ કર્મચારીની આર.ઓ.પી.-૧૬,ની પગાર બાંધણીની ચકાસણી કરવાની થતી નથી. એટલે કે આર.ઓ.પી.-૧૬નું સ્ટીકર આપવાનું રહેતું નથી.

૩૪. નાણા વિભાગના તા.૧૯-૦૮-૧૬,ના જાહેરનામાના મુજબ તા.૩૧-૧૨-૧૫,ના રોજના કર્મચારીના વિદ્યમાન મૂળ પગાર (પે બેન્ડમાં પગાર+ગ્રેડ પે)ને ૨.૫૭ ના ગુણાંકથી ગુણતાં જે રકમ આવે તેને પે મેટ્રીક્ષમાં સંબંધિત કર્મચારીને મળતા ગ્રેડ પેને અનુરૂપ લેવલના કોલમમાં દર્શાવેલ સેલમાં જો સમાન રકમ આવતી હોય તો તે રકમ અને જો સમાન રકમ ન હોય તો ત્યાર પછીના સેલમાં દર્શાવેલ રકમ કર્મચારીનો સુધારેલ પગાર બનશે.

૩૫. શૈક્ષણિક કર્મચારીને સતાંત્ર નિવૃતિનો લાભ મળવાપાત્ર છે. જેથી કર્મચારીની જન્મ તારીખમાં ૫૮/૬૦ વર્ષ ઉમેરતાં ખરેખર નિવૃતિ તારીખ આવે. ખરેખર નિવૃત્તિ તારીખ બાદની સેવા પગાર-ભથ્થાના લાભ માટે ધ્યાને લેવાશે નહીં. દા.ત. તા.૩૧-૧૨-૧૫ના રોજ ખરેખર નિવૃત્ત થતા કર્મચારીને સતાંત્રનો લાભ તા.૩૧-૦૫-૧૬ સુધી મળેલ હોય તે કર્મચારી/શિક્ષકની સાતમા પગારપંચની પગાર બાંધણી કરવાની થતી નથી/સ્ટીકર આપવાનું થતું નથી.

૩૬. નાણા વિભાગના તા.૧૮-૦૧-૧૭,ના ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૨/ઝ.૧,થી પાંચ વર્ષની ફીક્સ પગારની સેવા ઉચ્ચત્તર પગાર ધોરણ/બઢતીના હેતુ માટે સળંગ



JHSOLANKI (PVU DAT)

ગણવાની જોગવાઈ થયેલ છે. નાણા વિભાગના તા.૨૮-૦૬-૧૮,ના પત્ર ક્રમાંક: પગર-૧૦૨૦૧૮-ઓ-૨૮-મ,થી નાણા વિભાગના તા.૧૬-૦૨-૦૬,ના ઠરાવ અંતર્ગત પ્રવર્તમાન ફીક્સ પગારની નિતિ હેઠળ સીધી ભરતીની જગ્યા ઉપર પ્રથમ પાંચ વર્ષ માટે ફીક્સ પગારથી નિમણૂંક પામેલ કર્મચારીઓને જ નાણા વિભાગના તા.૧૮-૦૧-૧૭,ના ઠરાવથી ઉચ્ચત્તર પગાર ધોરણના હેતુ માટે સદર ફીક્સ પગારની પાંચ વર્ષની સેવાઓ ગણતરીમાં લેવાની રહેશે. જ્યારે નાણા વિભાગના તા.૧૬-૦૨-૦૬,ના ઠરાવ સિવાય અન્ય નીતિ હેઠળ નિમણૂંક પામેલ કર્મચારીઓની ફીક્સ પગારની સેવાઓને ઉચ્ચત્તર પગાર ધોરણ/બઢતીના લાભ માટે સેવા તરીકે ગણવાની રહેશે નહીં. એટલે કે, રહેમરાહે નિમણૂંક થયેલ કર્મચારી તથા લોકરક્ષકની નિતિ હેઠળ નિમણૂંક પામેલ કર્મચારીને નાણા વિભાગના તા.૧૮-૦૧-૧૭,ના ઠરાવનો લાભ મળવાપાત્ર થાય નહી.

૩૭. નાણા વિભાગના તા.૩૦-૧૧-૧૦,ના પરિપત્ર ક્રમાંક: પગર-૧૦-૨૦૧૦-૫૬૧૨૪૩-મ,થી થયેલ જોગવાઈ તથા નાણા વિભાગના તા.૨૬-૦૭-૧૦,ના પત્ર ક્રમાંક: પગર-૧૦-૨૦૧૦-૫૬૧૨૪૩-મ મુજબ નામ.ટ્રીબ્યુનલ કે નામ. કોર્ટ દ્વારા આપવામાં આવેલ ચુકાદો નિયમોને સુસંગત નથી તેમ જણાતું હોય અને જો તેના અમલમાં નાણાકીય બાબત સંકળાયેલ હોય તો આવી બાબતોમાં નાણા વિભાગની મંજુરી આવશ્યક છે. આથી તેવા કિસ્સામાં સંબંધિત વિભાગનું સમર્થન તેમજ નાણા વિભાગની અનુમતિ મેળવીને જ આવા કેસની પગાર બાંધણી ચકાસણી કરી આપવાની રહેશે તેમ જણાવેલ છે.

